પૂજ્ય પંન્યાસજી મહારાજના

# હસ્તાક્ષરનું અક્ષયપાત્ર

॥ ૩૨ ॥

પંજાબી લિપિમાં
શ્રી નવકાર મંત્ર

ਣਮੋ ਅਰਿਹੰਤਾਣੰ
ਣਮੋ ਸਿੱਧਾਣੰ
ਣਮੋ ਆਯਰਿਯਾਣੰ
ਣਮੋ ਉਵਜੱਝਾਯਾਣੰ
ਣਮੋ ਲੋਏ ਸਵੱ੍ਵ ਸਾਹੂਣੰ
ਏਸੋ ਪੰਚ ਣਮੋਕੱਕਾਹੋ
ਸਵ੍ਵ ਪਾਵਪਣਾਸਣੋ
ਮੰਗਲਾਣੰ ਚ ਸਵ੍ਵੇਸਿੰ
ਪਢਮੰ ਹਵਈ ਮੰਗਲੰ ॥

પૂજ્ય પંન્યાસજી મહારાજની રોજનીશી

સંકલન : પંન્યાસ વજ્રસેનવિજય



પરમ પૂજ્ય સકલાગમરહસ્યવેદી

**આચાર્યદેવ શ્રીમદ્‌વિજય દાનસૂરીશ્વરજી** મહારાજાના શિષ્યરત્ન

પરમ પૂજ્ય કર્મસાહિત્ય નિષ્ણાંત

**આચાર્યદેવ શ્રીમદ્‌વિજય પ્રેમસૂરીશ્વરજી** મહારાજાના શિષ્યરત્ન

પરમ પૂજ્ય કલિકાલકલ્પતરૂ

**આચાર્યદેવ શ્રીમદ્‌વિજય રામચંદ્રસૂરીશ્વરજી** મહારાજાના શિષ્યરત્ન

પરમ પૂજ્ય અધ્યાત્મયોગી

**પંન્યાસપ્રવરશ્રી ભદ્રંકરવિજયજી ગણિવર્ય**



પરમ પૂજ્ય પંન્યાસશ્રી ભદ્રંકરવિજયજી ગણિવર્ય મહારાજ

# સ્વાધિષ્ઠાનચક્રં દ્વિતીયમ્ ।




ચક્કે સાહિટ્ઠાણે છક્કોણે મજ્ઝઠિઓ પયાહિણઓ ।
સત્તક્ખરમહમંતો ઝાઇજ્જંતો દુહં હરઇ ॥

: અર્થ :

સ્વાધિષ્ઠાન ચક્ર છ ખૂણાની આકૃતિવાળું છે.
તે આકૃતિની મધ્યથી લઈને પ્રદક્ષિણામાં (ફરતાં ક્રમશઃ)
'ણમો અરિહંતાણં' એ સપ્તાક્ષરી મહામંત્ર છે.
તે પ્રકારે ધ્યાન ધરવામાં આવે,
તો તે દુઃખને હરનારું નીવડે છે.

પૂજ્ય પંન્યાસજી મહારાજના

# હસ્તાક્ષરનું અક્ષયપાત્ર

॥ ૩૨ ॥



પૂજ્ય પંન્યાસજી મહારાજની રોજનીશી

સંકલન : પંન્યાસ વજ્રસેનવિજય

ॐ


## ☐ HASTAKSHAR NU AKSHAY PATRA

Personal Diaries comprising of Divine everyday thoughts,
musings & experiences of Panyashshri Bhadrankar Vijayji Maharaj.

## ☐ VOLUME - 32

June 2020
300 Copies / 224 Pages
For Private Circulation only.

## ☐ PUBLISHER

© Shri Bhadrankar Gyandeepak Public Charitable Trust
Mumbai / Rajkot

team@mindfiesta.com

## ☐ SPONSOR

Shri C. K. Mehta
Mumbai

## ☐ ENHANCED & DESIGNED BY

Bharti Deepak Mehta
Fiesta Studios
Pattani Bldg., M.G.Road, Rajkot - 360001.
bharti@mindfiesta.com
+91 98252 15500

## ☐ eBOOKS AVAILABLE AT

www.bhadrankar.com
www.navkarday.com
Amazon Kindle

## ☐ SHRI AARADHNA DHAM JAIN TIRTH

C/o Shri Sudhirbhai Pandya,
'Shiv Drasti', Nr. old Mamlatdar Office,
Jamkhambhaliya - 361305.
(Dist: Devbhumi Dwarka)
+91 2833 - 254156


## ☐ ખાસ વિજ્ઞપ્તિ

ગ્રંથવાંચન પશ્ચાત્ આપને આવશ્યકતા ન હોય તો આ સરનામે અમોને ગ્રંથ પરત મોકલશોજી, જેથી અન્ય ભવિજનો પણ આ ચિંતનોથી ભાવિત થઈ શકે.




'હસ્તાક્ષરનું અક્ષયપાત્ર'માં વિવિધ ભાવોથી યુક્ત અધ્યાત્મના પાવન પદાર્થો પૂજ્યશ્રીની અનુભવજ્ઞાનગંગોત્રીમાંથી પ્રગટ થઈ રહ્યા છે. કુદરતે આ વખતે આ ભાગમાં ૧૨ અંકનો પ્રગટપ્રભાવ વર્ણવ્યો છે, તે ખરેખર જાણવા જેવો લાગ્યો છેઃ

**'નવકાર ૧૨ જ કેમ?** દેવલોક ૧૨ છે. ઘડીયાળના અંક પણ ૧૨ છે, જે એમ સૂચવે છે કે ૧૨ નવકારમાં રમણતા કરવાથી ૩ કાંટાઓ રૂપી ૩ આત્મશલ્યો દૂરે થઈને જ્ઞાનાદિ ૩ ગુણરત્નોની ઉત્પત્તિ થાય છે, જેનાથી યુક્ત બનીને પ્રાંતે પૂર્ણતાસ્વરૂપ પરમપદ મળે છે. વળી સૂર્યોદય પશ્ચાત ૧૨ કલાકે સૂર્ય અસ્ત પામી શૂન્યસ્વરૂપ ધારણ કરે છે. અરે! ચંદ્ર પણ રાત્રે ૧૨ કલાકે પૂર્ણ થાય છે અને મહિના તથા કાળચક્રના આરા પણ ૧૨ છે. ૧૨ના આધારે વિશ્વતંત્રનું સંચાલન થતું જોવાયું છે. દરેક લોકોની મનોવૃત્તિઓ ૧૨ અંકમાં જ એકાગ્ર બને છે. કોઈપણ કાર્યની આદિ - અંતમાં ગણેલા ૧૨ નવકાર રાહમાં આવતાં વિઘ્નોની શૂન્યતા, કાર્યમાં એકાગ્રતા અને તે દ્વારા કાર્યપૂર્ણતા લાવીને પૂર્ણસ્વરૂપની પ્રાપ્તિ કરાવે છે.' સાહેબજીની આવી અનેક અદ્‌ભૂત અનુપ્રેક્ષાઓએ અનેકોના જીવનને આત્મલક્ષી બનાવી દીધા છે.

આવો, પસાર થઈએ એક પુણ્યાત્મા તરફથી આજે જ આવેલ પત્રમાંથીઃ
'હસ્તાક્ષરના અક્ષયપાત્રો દ્વારા આપ પૂ.પંન્યાસશ્રી વજ્રસેનવિજયજી મ., આચાર્યશ્રી હેમપ્રભસૂરિજી મ., પૂ.શ્રમણીજી ભગવતીઓ, પરમ સુશ્રાવકવર્યશ્રી સી. કે. મહેતાજી, સુશ્રાવિકા ભારતીબેન તથા એમની ટીમ દ્વારા મારા જેવા અધમ ઉપાદાન ઉપર થતાં કલ્પનાતીત અનંત અનંત ઉપકાર પ્રત્યે હું કઈ રીતે કૃતજ્ઞતા વ્યક્ત કરૂં?

સાહેબજી, હું અનંતાનંત ઋણી છું આપ સર્વની. હું સતત માત્ર હસ્તાક્ષરના અક્ષયપાત્રોનો જ સ્વાધ્યાય કરૂં છું, જ્યારે પણ સમય મળે છે, રાત્રિ-દિવસ. આ એવી ઘટના છે કે જ્યારે પણ વિચારૂં છું કે આ મને શું મળી રહ્યું છે, ત્યારે હું શૂન્ય થઈ જાઉં છું, મારૂં હૃદય રડે છે... હું તાગ નથી મેળવી શકતી, અશકત-અસમર્થ-અસહાય થઈ જાઉં છું, કેમકે મારે માટે તો પૂજ્યપાદ પંન્યાસજી ભગવંતનું જુનું-નવીન સંપૂર્ણ સાહિત્ય - બધું જ સર્વેસર્વા છે અને આપશ્રી ગુરૂભગવંતોની અનંત કરૂણાથી મારામાં કોઈ યોગ્યતા નથી તો પણ હું એને પામી રહી છું. આપની હું અનંતાનંત દેવાદાર છું. મારૂં ઉપાદાન પૂ.પંન્યાસજી ભગવંતથી **inseparable** થઈ ગયું છે. એમની અનંત કરૂણા અને કૃપાથી જીવમાત્ર સાથે અભેદમાં જ હવે સ્થિત થઈ જવું છે, જેની યોગ્યતા આપશ્રી ગુરૂભગવંતોનાં અનુગ્રહથી જ આવી શકે. માટે મારી ભાવભરી અંતરથી પ્રાર્થના છે કે મને અને સર્વને એ યોગ્યતા પ્રદાન કરશોજી અને અભેદ પણ આપશોજી.'

આ તો સંવેદનાનો માત્ર એક આલેખ છે, કિન્તુ દરેક ભાગ મળ્યાં પછી પ્રાપ્ત થતાં અનગિનત સંદેશાઓમાં ગર્ભિત મંગલ લાગણીઓનો તો સરવાળો જ થાય તેમ નથી! આથી ફલિત થાય છે કે આપણે એવં આવા ભાવિત આત્માઓ 'હસ્તાક્ષરના અક્ષયપાત્ર'ના નવા ભાગની ચાતકની જેમ રાહ જોતાં ન હોઈએ, તો જ નવાઈ ને?

ઘરમાં અચાનક પ્રગટ થયેલાં નિધાનને પામીને કોઈ રંકને જેટલો આનંદ થાય, તેનાથી કઈ ગણો આનંદ આપણે સૌ પામી રહ્યા છીએ અને એ નિધાનને આવી સુંદર રીતે પ્રગટ કરવા અનુમોદન કરવું પડે સૌ પ્રથમ ગુરૂભકતાત્મા **સી.કે.મહેતા**ની અપ્રતિમ ઉદાત્તવૃત્તિનું, જેઓ સદૈવ પોતાની યશોગાથાથી કોશો દૂરે રહેવા ઈચ્છતા હોય છે. વળી પરમ ગુરૂ સમર્પિત આત્મા રાજકોટના શશીકાંતભાઈ મહેતાના પુત્રવધુ **ભારતીબેન દિપકભાઈ મહેતા** તથા તેમની ટીમની અનવરત પુરૂષાર્થગાથાનું કરીએ અનુમોદન, જેઓની જહેમતના ફળસ્વરૂપે આપણા સૌના હસ્તકમળમાં દર મહિને શોભી રહ્યા છે અધ્યાત્મખજાનાથી ભરેલા આ નૂતન અક્ષયપાત્રો.

જૂન, ૨૦૨૦

વજ્રસેન વિ.
હેમપ્રભ વિ.









માત શારદા ઉર બસો, દેકર સમ્યક્ રૂપ ।
સત્ય સૃજન કરતા રહૂં લેકર ભાવ અનૂપ ॥
સરસ્વતી કે નામ સે, કલુષ ભાવ હો અંત ।
શબ્દ સૃજન હોવે સરસ, રસના હો રસવંત ॥

## પાપ ખપાવવાના ત્રણ માર્ગ

(૧) પ્રતિક્રમણ (૨) વેદન (૩) તપશ્ચરણ.

આ ભવમાં કરેલાં પાપનું પ્રાયશ્ચિત તથા
પ્રતિક્રમણ ન કરનારને જે દોષ પોષાય:
પાપને ન માનવારૂપ મિથ્યાત્વ અને માનકષાય.
પૂર્વે કરેલાં પાપનાં ફળને સમતાભાવે ન વેદનાર અને
તેને ખપાવવા માટે તપ ન કરનારને
અશાતા અને મોહની વૃદ્ધિ થાય છે.
અશાતા કર્મના નિયમનું અને
મોહ શરીર તથા ઇંદ્રિયોના સુખનો.
તપ ન કરવાની પાછળ મુખ્ય કારણ
શરીર અને રસનાની આધીનતા હોય છે.
જેમ અશુભભાવોમાં પાપ બંધાવવાની તાકાત છે, તેમ
શુભભાવોમાં પાપ ખપાવવાની તાકાત છે.
સદ્વર્તનથી બાળકોને અભાવ તો થતો જ નથી,
પરંતુ સાથે સદ્ભાવ પણ થાય છે.
પથ્ય ખોરાકથી ફક્ત રોગ જ જાય છે,
એવું નથી પણ સાથે તંદુરસ્તી પણ વધે છે.
સંપૂર્ણતાના સાચા ઉપાસકની વિનમ્રતા સર્વશ્રેષ્ઠ હોય છે.

પાપની સખત ઉપેક્ષા આવશ્યક છે.
પાપ તો જગતમાં રહેશે જ,
તો તેનું ચિન્તન કે આચરણ કરવાની શી જરૂર છે?
માનવને વિવેક મળ્યો છે, તે પાપ-પુણ્યનું પૃથક્કરણ
કરવા, પાપની ઉપેક્ષા અને પુણ્યનું અનુમોદન કરવા.
આ વૈરાગ્યની પ્રાથમિક સાધના છે.
સમતાની પરમ સ્વરૂપ - પ્રસન્નતારૂપ આ વૈરાગ્યમાં
ગુમાવવાનું કશું નહિ અને મેળવવાનું બધું જ છે.
વૈરાગ્ય એ ભક્તિનો ઉત્પાદક અને પોષક છે.
ભક્તિ એ જ્ઞાનનું લક્ષણ છે તથા
તે જ્ઞાનનું ઉત્પાદન અને પોષણ કરે છે.
જ્ઞાન એ મુક્તિનું લક્ષણ અને સ્વભાવ છે.
ઉપાસના = અધ્યાત્મ પ્રવણતા.
o ઈસ્લામી શાસ્ત્રોને સમજાવનાર મનસ્વી છે,
ખ્રિસ્તી શાસ્ત્રોને સમજાવનાર સ્વીડનબર્ગ છે,
ગીતા, ભાગવત, યોગવાશિષ્ઠ અને રામાયણ જેવા
હિન્દુ શાસ્ત્રોને સમજાવનાર વ્યાસ, વશિષ્ઠ, વાલ્મિકી છે
તથા જૈન શાસ્ત્રોને સમજાવનાર આચાર્ય ભગવંતો
શ્રી હરિભદ્રસૂરિજી અને શ્રી હેમચંદ્રાચાર્યજી છે.

ૐ

તેઓ જણા કરે છે કે:

મહાપુરુષ બહારમાં સર્વસાધારણ લાગવા છતાં
અંતરમાં તે અસાધારણ હોય છે.

ગતિ અને કૃતિમાં ભિન્ન, છતાં સર્વ દિશા અને સર્વ કાળના તે પુરુષોની આંતરિક મતિ એકસરખી હોય છે.
'પ્રતિયોગી રૂપે પ્રભુસ્મરણ સર્વ સિદ્ધિનું કારણ છે' એવો અર્થ આરાધ્યપાલનાત્મક અનુગ્રહમાં છુપાયેલો છે.
વિશ્વમૈત્રીરૂપ નવકાર સમ્યગ્દર્શનરૂપ છે, જીવનશુદ્ધિ-ક્લેશમુક્તિ એ અનુક્રમે સંવર અને નિર્જરા રૂપ છે.
નવકાર મહામંત્રનું ધ્યાન આર્ત-રૌદ્રધ્યાનને છોડાવે છે,
તથા ધર્મધ્યાન-શુક્લધ્યાનને પ્રાપ્ત કરાવે છે.

(1) આર્તધ્યાન : શારીરિક - માનસિક પીડા.
(2) રૌદ્રધ્યાન : હિંસાદિ - ક્રોધાદિ પાપોનું સેવન.
(3) ધર્મધ્યાન : દયા-દાન-ભક્તિ-સેવા-પ્રેમનો વિકાસ.
(4) શુક્લધ્યાન : આત્મસમદર્શિત્વ-પરમાત્મ સમદર્શિત્વ.

બ્રહ્માંડમાં સવારે સંધ્યાકાળે
સુષુમ્ણા નાડીના પ્રાણ વહેતા હોય છે,
ત્યારે તે સવારે સંધ્યાકાળે ઈષ્ટ મંત્રાદિનું ધ્યાન થાય તો સહેલાઈથી સુષુપ્તિ, એકાગ્રતા, વૃત્તિનિરોધાદિ થાય છે.
જપ, સ્વાધ્યાયની સાથે મૌન એકાન્તની પણ જરૂર છે.

## ૯ પ્રકરણના નાદ ક્યારે સંભળાય ?

સત્પગુરુનો ઉદ્દેશ થતો નાદ તેમ તે સંભળાવા માંડે છે.
તે એક પ્રકરણના પ્રાણવાયુના સંચાલનરૂપ છે.
તેની સૂક્ષ્મ, સૂક્ષ્મતર અવસ્થા તે બિંદુ અને કલારૂપ છે.
તે બધું પ્રકૃતિ તત્ત્વનું જ સ્થૂલ પરિણામ છે.
આત્મા તો કૂટસ્થ-અપરિણામી નિત્ય, શુદ્ધ, બુદ્ધરૂપ છે.
મૌન is not silence.
One cannot be always silent.
એમાં ફક્ત વૈખરીવાણીનો ઉપયોગ જ બંધ રહે છે,
મધ્યમા કે પશ્યંતી યા તો સાંકેતિક ભાષા ચાલે છે.
'મુનેર્ભાવ: મૌનં |' મુનિભાવમાં જ રહેવાનું.
સાવદ્ય કર્મ માટે વાણીવ્યવહાર બંધ કરવાનો.
એ એક પ્રકારનું મૌન છે.

યોગદૃષ્ટિ - ઉપયોગીતાની દૃષ્ટિ - ભાવુકદૃષ્ટિ - દિવ્યદૃષ્ટિ

યોગદૃષ્ટિ કાય, વાક્, મન - ત્રણેની પ્રવૃત્તિ રોકવાની છે.
ઉપયોગીતાની દૃષ્ટિ મનુષ્યને સ્વાર્થ સાથે બાંધી રાખે છે.
ભાવુકદૃષ્ટિ નિઃસ્વાર્થ હોય, તેથી
તે સૃષ્ટિને સાચી રીતે જોઈ શકે.
દિવ્યદૃષ્ટિ આત્મામાં બધી વસ્તુઓનું પ્રતિબિંબ જુએ છે.

પણ ભાવયુક્ત સત્સંગ બને છે, દૃષ્ટા મટી સૃષ્ટા થવાય છે.

મૈત્રી - મુદિતા એ હૃદયની વૃત્તિઓ છે,
બુદ્ધિની ત્યાં પહોંચ નથી.

પ્રારબ્ધના બળે આવી પડેલા કર્મોને
ઈશ્વરના પગથિયાં બનાવવા જોઈએ.

ગમે તેવા વિકટ પ્રારબ્ધમાંથી પણ નવી શક્તિ મેળવી
પ્રારબ્ધને પ્રગતિનું એક સાધન બનાવી શકાય છે.

જે આનંદપૂર્વક પ્રારબ્ધને ભોગે છે,
તેને પ્રારબ્ધ નડી શકતું નથી.

કીર્તન જપ શુદ્ધ ભાવપૂર્વક અને
સ્થિર ચિત્તપૂર્વક થવી જોઈએ.

જગતના તમામ જીવોના હિતની ભાવના કરવી,
એ આત્માને સ્વચ્છ બનાવવાનો ઉત્તમ ઉપાય છે.
હૃદયના ઊંડાણમાંથી એ ભાવના થવી જોઈએ.

મનુષ્ય જીવનની એક મિનીટનું ચિંતન
દેવતાની લગોલગ જો કરોડ પલ્યોપમ જેટલું છે.

હજારો શાસ્ત્રવાણી કરતાં એક દલીલ,
હજારો દલીલો કરતાં એક દૃષ્ટાંત,
હજારો દૃષ્ટાંતો કરતાં એક સંસર્ગ વધુ અસરકારક છે.

પ્રભુની આજ્ઞા, ગુરુની આજ્ઞા અને જીવોની મૈત્રી,
એ ત્રણ વસ્તુ માટે ભગવાન પાસે નિરંતર
પ્રાર્થના કરવાથી સર્વ ઈચ્છિતની સિદ્ધિ થાય છે.
આધ્યાત્મિક પ્રગતિનો એક માત્ર સાચો રસ્તો એ છે કે
માનવબંધુઓ અને જીવમાત્ર તરફ
પ્રેમ રાખવો અને તેમની સેવા કરવી.
બીજાઓ તમારા પ્રત્યે અમુક પ્રકારનું વર્તન રાખે,
એવી તમે આશા રાખતા હો, તો
તમારે પણ તેમના તરફ એવું જ વર્તન રાખવું ઘટે.
બાકી બધું નકારાત્મક છે.

Pindwada

Prayer is for illumination,
healing and prosperity.
અર્થાત્ સદ્બુદ્ધિ, આબાદી અને શાંતિ.
It results in peace of mind,
health of body
and prosperity in affairs.
peace through illumination and
health through healing.

## ઉત્તમ વિચારકણિકાઓ

(૧) સર્વ દુઃખો અને ક્લેશથી છૂટવાનો અને શાંતિ મેળવવાનો માર્ગ એક 'આત્મજ્ઞાન' છે.
સાંભળીને થયેલું આત્મજ્ઞાન એ વિચાર છે,
અનુભવીને થયેલું આત્મજ્ઞાન એ સત્ય છે.
આંતરજ્યોતિ પ્રકટાવી અંદર બિરાજમાન આત્માને જે પ્રત્યક્ષ જણાવે, તે અનુભવજ્ઞાન છે.

(૨) ઔદારિક દેહ તેમાં તૈજસ શરીર અને તેમાં કાર્મણ શરીર - એ મંદિરના ત્રણ મંડપ છે.
કાર્મણદેહના ગર્ભગૃહમાં આત્મદેવ બિરાજમાન છે.
પ્રથમ મંડપની અંદર પ્રવેશ કરતાં ઘંટનાદ કરવાનો છે, તે ધ્યાનમાં સંભળાતા નાદનો સંકેત છે.

(3) ઔદારિકમાંથી ચિત્તવૃત્તિનો પ્રવાહ તૈજસ સુધી પહોંચતા ૐકાર ધ્વનિની અનુભૂતિ થાય છે.
અંતર્દૃષ્ટિ વડે આ ધ્વનિ સંભળાય છે.
પ્રાણ, વાણી અને રસ વડે અવાજ વધતાં ભિન્ન ભિન્ન ધ્વનિઓનું શ્રવણ થાય છે.
પ્રાણનો સંબંધ શ્વાસોચ્છ્વાસ સાથે, વાણીનો મંત્ર સાથે અને રસનો સંબંધ મન સાથે છે. મન એટલે કે

interested awareness of consciousness.
પ્રથમ ભૂમિકા ત્રાટકની છે, બીજી ભૂમિકા વાણીની છે
અને ત્રીજી ભૂમિકા મનની (રસની) છે.
મન જેમ જેમ અંતર્મુખતામાં ખેંચાતું જાય છે,
તેમ તેમ જ્યોતિ વગેરેનો અનુભવ થાય છે.
દીપ-પુષ્પ-ધૂપ-પૂજા વગેરેનો ક્રમ આંતરઅનુભૂતિ સાથે છે.
(૪) મંદિરનિર્માણ અને મૂર્તિપૂજામાં આત્મસાક્ષાત્કારનો
અનુભવક્રમ સાંકેતિક શબ્દોમાં બતાવ્યો છે.
અષ્ટપ્રકારી પૂજાનો ક્રમ
તે અંદર ધ્યાન દ્વારા થતી અનુભૂતિનો ક્રમ છે.
(૫) મંદિરનિર્માણ અને મૂર્તિપૂજા
એ આત્મસાક્ષાત્કાર કરવા માટેના પ્રતીકો છે.
જેમ મંદિરમાં સભામંડપ, રંગમંડપ અને ગર્ભગૃહ રહેલ છે,
તેમ મનુષ્યના દેહમાં ઔદારિક શરીર,
તૈજસ શરીર અને કાર્મણ શરીર રહેલાં છે.
જ્યારે વૃત્તિઓ અંતર્મુખ બને છે
અને શ્વાસાનુસંધાન દ્વારા મંત્રજાપ થાય છે,
ત્યારે અનાહત નાદ સંભળાય છે. તેના પ્રતીકરૂપે
મંદિરોમાં ઘંટ, નોબત, શંખ આદિ રાખવામાં આવેલાં છે.

શ્વાસોચ્છ્વાસ, મન અને અર્થભાવનાયુક્ત મંત્ર-
એ ત્રણે એક સાથે રહે ત્યારે તેને
શ્વાસાનુસંધાનયુક્ત મંત્રજપની ક્રિયા કહેવાય છે.

(૬) શ્વાસોચ્છ્વાસનો પવન અને તૈજસ શરીર-
ના ઘર્ષણથી જે ધ્વનિ ઉત્પન્ન થાય છે,
તે પ્રારંભનો અનાહતનાદ છે.
તે ભમરા જેવા અવાજવાળો હોય છે.
વધુ એકાગ્રતા થતાં તે અનાહત નાદ ઘંટ જેવો અને
તે પછી શંખ અથવા તો ૐકારના નાદ જેવો અને
તે પછી દૈવી સંગીતના સુર જેવો હોય છે.

(૭) અભિષેક પૂજા: બ્રહ્મરન્ધ્રમાં જ્યાં હજાર પાંખડીવાળા કમળમાં સાકાર પરમાત્મા બિરાજે છે, તે સાકાર પરમાત્માના મસ્તક ભાગમાંથી જે અમૃતરસ ઝરે છે, તેના પ્રતીકરૂપે પરમાત્માના મસ્તક ઉપર અભિષેક પૂજા કરવામાં આવે છે. 'મેરૂશિખર નવરાવે હો સુરપતિ' અર્થાત્ શરીરમાં મેરૂદંડની ટોચ ઉપરથી અમૃતરસ ઝરે છે.

(૮) પુષ્પ પૂજા: શરીરમાં ચક્રો હોય છે, તે બીડાઈ ગયેલા કમળના આકારે હોય છે. પરમાત્માની પુષ્પપૂજા દ્વારા તે ચક્રો (કમળો) વિકસ્વર બને તેવી ભાવના કરવામાં આવે છે.

(૯) ગંધ પૂજા : ચંદન, કેસર આદિ સુગંધી દ્રવ્યો દ્વારા વિકસિત થએલાં જ ચક્રો અષ્ટદળ કમળોની સુગંધનો અનુભવ લેવાનો છે. તેના પ્રતીકરૂપે ગંધ પૂજા છે.

(૧૦) ધૂપપૂજા : આત્મા જ્યારે પોતાની અંદર પરમાત્મ-દશાનો અનુભવ કરે છે, ત્યારે કર્મ બળે છે અને તેના ધુમાડા જેવી શિખા બ્રહ્મરંધ્રમાંથી નીકળે છે,
તેના પ્રતીકરૂપે ધૂપપૂજા કરવામાં આવે છે.

'ધૂપ ધ્યાનઘટા અનુસરીએ રે, ટી મનમાન્યા મોહનજી...'

(૧૧) દીપકપૂજા: પ્રાચીન મંદિરોના ગભારામાં અંધારું રહેતું છે, તેમાં ચૈતન્યદેવ બિરાજે છે. દીપક થાય ત્યારે જ પરમાત્માનું દર્શન થઈ શકે છે. કાર્મણ શરીરનું પ્રતીક ગભારો છે. તેમાં આત્મદેવ બિરાજે છે. અનુભવરૂપ દીપક પ્રકાશિત થતાં ચૈતન્યદેવનું દર્શન શક્ય બને છે.

(૧૨) અક્ષત પૂજા: આત્માનું અખંડ-અક્ષય જે સ્વરૂપ છે,
તેના પ્રતીકરૂપ અક્ષતપૂજા છે.

(૧૩) ફળપૂજા: પરમાત્મા પાસે જે ફળ મૂકવામાં આવે છે,
તે શુભ - અશુભ કર્મફળના ત્યાગરૂપે છે.

'કર્મના શુભાશુભ ફળનો હું કર્તા કે ભોક્તા નથી અને
હું કર્મફળથી ભિન્ન ચૈતન્યસ્વરૂપ છું'

તેવા અનુભૂતિના પ્રતીકરૂપે ફળપૂજા કરવામાં આવે છે.

(૨૪)<u>નૈવેદ્ય પૂજા</u> : આ અગ્રપૂજા આત્મનિવેદનરૂપ છે.
(૨૫)<u>આરતી</u> પાંચ જ્ઞાનનું પ્રતીક છે અને <u>મંગળ દીવો</u> કેવળજ્ઞાનનું પ્રતીક છે. આમ મંદિર તથા મૂર્તિપૂજા એ ભારતીય દર્શનની સાધનાનું મુખ્ય અંગ છે.
(૨૬)જ્ઞાનના પાંચ પ્રકારની વ્યાખ્યા પરલક્ષી બતાવવામાં આવે છે તે દાર્શનિક રીત છે, સાધનામાં તેનો કાંઈ ઉપયોગ નથી. સાધનામાં સ્વલક્ષી વ્યાખ્યા ઉપયોગી છે. જેમ ભૌતિક વિજ્ઞાન, ટેલીફોન, ટેલીવિઝન અને રેડીયો દ્વારા દૂરદર્શન તથા દૂરશ્રવણ કરી શકે છે, તેમ ચૈતન્ય વિજ્ઞાન દ્વારા મહાવિદેહે, સીમંધર સ્વામી અને તેમની વાણીનું દર્શન - શ્રવણાદિ થઈ શકે છે.
(૨૭)આધ્યાત્મિક સાધનાનો મુખ્ય સુર બાહિર્મુખતાનો

ત્યાગ કરી અંતર્મુખ બનવું અને

અંતર્મુખ બની પરમાત્મદશાનો અનુભવ કરવો, તે છે. કેવળજ્ઞાન એટલે માત્ર આત્માનું જ જ્ઞાન અને તેમાં સ્થિરતા તે ચારિત્ર, એ આધ્યાત્મિક અર્થ છે.
(૨૮)દર્શનજ્ઞાનાદિક ગુણ આતમના પ્રભુ પ્રભુતા લયલીન,
શુદ્ધ સ્વરૂપી રે રંગે રસમયી તસુ આસ્વાદન પીન,*
પૂજના તો કીજે રે બારમા જિન તણી ...(૧)

* પીન = પુષ્ટ.

શુદ્ધ તત્ત્વરસરંગી ચેતના પામે આત્મસ્વભાવ,
સાધ્યાલંબી નિજ ગુણ સાધતો પ્રગટે પૂજ્ય સ્વભાવ,
પૂજના તો કીજે રે બારમા જિન તણી ...(૨)

(૧૯) જેમને શુદ્ધ સ્વરૂપ પ્રાપ્ત થયું છે,
તેવા અરિહંત તથા સિદ્ધ પરમાત્માના
સ્વરૂપમાં તન્મય થઈને રહેવું,
તેમના ગુણો અને સ્વરૂપ ઉપર આદર, બહુમાન, રુચિ, રમણતા, તન્મયતા, તદ્રૂપતા કેળવતાં અસ્તિત્વનો અનુભવ થાય, તેનું જ નામ 'આત્મસાક્ષાત્કાર' ગણાય.

'સહજ અકૃત્રિમ નિર્મળ જ્ઞાનાનંદ જો,
દેવચંદ્ર અસ્તિત્વે સ્વપદથી વરે રે લોલ'.

જેને શુદ્ધ સ્વરૂપ પ્રગટ થયું છે, તેને સંપૂર્ણપણે અવલંબીને આપણું ચૈતન્ય બને, ત્યારે કુદરતી રીતે આ અસ્તિત્વ ધ્યાન થાય છે અને તે જ સાક્ષાત્કાર છે.

(૨૦) શ્રી સીમંધર સ્વામીના સ્તવનમાં
પૂજ્ય દેવચંદ્રજી મહારાજ લખે છે કે:
જ્યાં સુધી હું મારા શુદ્ધ સ્વરૂપનો
સંપૂર્ણ અનુભવ કરી ન શકું, ત્યાં સુધી
તમારા ચરણની શરણાગતિ તે મારે માટે નવેનિધાન છે.

Shivera, dt. 9-1-68

(૨૧) દશ દ્રવ્યપ્રાણમાં પાંચ ઈંદ્રિયોનો સંયમ આવી જાય છે
તથા મનબળ, વચનબળ અને કાયબળ રૂપ પ્રાણમાં
મન, વચન, કાયાની નિરર્થક પ્રવૃત્તિ દ્વારા વ્યર્થ જતો
પ્રાણ જો સંચિત થઈ શકે તો
શ્વાસોચ્છ્વાસનું Rhythm ખરેખર સરળ બને છે.
લોકોત્તરમાર્ગમાં સંયમ દ્વારા સરળ પ્રાણાયામ સધાય છે.
આ સરળ પ્રાણાયામમાં જ્યારે આખું આયુષ્ય વીતે,
ત્યારે જીવન સાર્થક બને છે અને
જ્ઞાનાદિ ચાર ભાવપ્રાણો પ્રગટે છે.

(૨૨) જીવનમાં પ્રથમ આઠ પ્રાણોનું સુનિયમન થવાથી
શ્વાસોચ્છ્વાસમાં સંવાદિતા પ્રગટે છે, તેથી
પૂજા, જપ, ધ્યાન વગેરે પ્રાણવંતા બને છે અને
તાદાત્મ્યની અનુભૂતિ થવા લાગે છે.
જો સંયમપૂર્વક શ્વાસોચ્છ્વાસની સાથે
પરમજપને કરવામાં આવે,
તો તાદાત્મ્ય સધાય,
રસાનુભૂતિ પ્રગટે અને
પરમચૈતન્યની ઝાંખી પણ થાય.

નમો અરિહંતાણં। નવકાર।

It is a symbol of pure soul
and its meditative state.

'આત્મા વૈ પ્રેયસાં પ્રિયઃ।'

પ્રિયમાં પ્રિય વસ્તુ માત્ર આત્મા છે.

અહં વિરુદ્ધ અર્હમ્ છે, શુદ્ધ અહં તે અર્હં છે.

અર્હં = તિર્યક્ સામાન્યની સમષ્ટિયુક્ત ઊર્ધ્વતાસામાન્ય.

તિર્યક્ સામાન્યનો પરિહાર તે તીર્થ.

ઊર્ધ્વતા સામાન્યનો પ્રકર્ષ તે તત્ત્વ.

સંયમબળ કેળવવા તપ, વિચારબળ કેળવવા સ્વાધ્યાય
અને હૃદયબળ કેળવવા માટે શરણાગતિ.

વિચારબળ કેળવવા માટેનો સ્વાધ્યાય જપ ખૂબ છે.

વિશ્વ ઉપર સત્તા જે તત્ત્વની છે, તે ઈશ સત્તા છે.

તે અંતિમ યા છેલ્લી સત્તા છે.

તે મેળવવાનું સાધન તપ અને ચિંતન છે.

સૂર્યને ઘેર અંધારું હોય નહિ, તેમ
શરણે ગયેલાને સંક્લેશ હોતો નથી.

પ્રયોગનું સાધન ઇંદ્રિયો, સંપ્રયોગનું સાધન મન અને
સ્વાનુભૂતિનું સાધન બુદ્ધિ છે.

મનુષ્ય મહાન છે, તે તેના પશુવૃત્તિથી નહિ પણ
દૈવી સંપત્તિ, દૈવી પ્રવૃત્તિથી મહાન છે.

ઈશ્વર સાથેના તાદાત્મ્યમાંથી દિવ્ય પ્રવૃત્તિ થાય છે.
એ અમોઘ શક્તિ સાથે એકતા સાધવી જોઈએ.

० દૂધની તર કે છાશનું માખણ સ્વભાવથી જ
ઉપર તરી આવે છે.

ભક્તિ = સ્વમાં બધાને અને બધામાં પોતાને જુએ તે.
ભક્તિથી સ્વપરનો ભેદ મટી જાય છે.

વિદ્યા = જાણપણું, અવિદ્યા = અજાણપણું.

પોતે ભાવ - અભાવ ઉભયથી ભિન્ન, માત્ર સાક્ષી.

સત્ય વડે પોષણ, અનૃત વડે શોષણ થાય.
'સત્યં બ્રૂહ।' 'પ્રિયં બ્રૂહ।'

વિચારની દૃષ્ટિએ સત્ય આત્મા છે, આચરણની દૃષ્ટિએ
સત્ય ધર્મ છે તથા ભક્તિની દૃષ્ટિએ સત્ય ઈશ્વર છે.

ધ્યાનના ત્રણ અંગો : પ્રાર્થના, દર્શન અને પ્રતીતિ.

ભાવનાનું ફળ દર્શન અને પ્રીતિનું ફળ પ્રતીતિ.

બૂરાનું નિવારણ (દમ) અને શુભ (સૂઝ)ની પ્રેરણા.

ભૌતિક ચિન્તનમાં વિશ્લેષણને મહત્વ છે.
આધ્યાત્મિક ચિન્તનમાં સંશ્લેષણને મહત્વ છે.

પોષણ, નિરાકરણ, નિયમન, પ્રવર્તન અને પાલન-
એ સર્વ વિશ્લેષણ અને પરમકલ્યાણ એ સંશ્લેષણ છે.
શરીર શબ્દ શૃ અને શ્રિ ધાતુ ઉપરથી થયો છે.
શરીર = શીર્ણ થવાવાળું અને આશ્રય કરવા જેવું.
વેદો પોતે કહે છે કે: ૐકારના જાપ-ધ્યાનથી
વેદાધ્યયન સાર્થક, અન્યથા નિરર્થક.
સંકલ્પ = જીવ. નિઃસંકલ્પ = શિવ.
સંકલ્પરહિત ભાવના તે સાધના. ક્રતુ તે દૃઢ સંકલ્પ.
अग्निः अग्रणी, अग्रे नयतीति । अङ्गिरः:
અગ્નિઃ આગળ લઈ જનાર, આગળ લઈ જાય તે અગ્રણી.
પ્રતિષ્ઠા અને નમ્રતા બંનેની મદદથી વ્રતનું પાલન થાય છે.
રાખ એ રક્ષાનું અને અગ્નિ એ સાક્ષીનું પ્રતીક છે.
૦ ધીરજની તુલનામાં મોટી દાનવીરતા કે
મોટા મોટા યજ્ઞો - પૂજાઓ કાંઈ વિસાતમાં નથી, તેથી
ધીરજ દ્વારા ત્યાગ, તપ તથા પૂજન થઈ શકે છે.
ચિત્ર અથવા મૂર્તિનું ધ્યાન એ મૂર્ત ધ્યાન છે.
દયા, સહિષ્ણુતાદિ ગુણોનું ધ્યાન તે અમૂર્ત ધ્યાન છે.

o

Good has a million hands: Fear only a two hundred at most.

ॐ

સાહચર્યનો નિયમ એટલે...

દ્રવ્યના ધ્યાનની સાથે ગુણ-પર્યાયનો વિચાર આવવો તે.

સાપેક્ષતાનો નિયમ એટલે...

પુત્રના વિચાર સાથે પિતાનો, ગરૂના વિચાર સાથે દેહનો, આત્માના વિચાર સાથે મન, વચન અને શરીરનો વિચાર આવવો તે.

સંબંધિતાનો નિયમ એટલે...

સ્વરૂપેણ અસ્તિ સાથે પરરૂપેણ નાસ્તિતાનો સંબંધ, દ્રવ્યથી નિત્યની સાથે પર્યાયથી અનિત્યતાનો સંબંધ, શબ્દથી વાચ્યની સાથે અર્થથી અવાચ્યતાનો નિયમ વગેરે સંબંધિતાનું જ્ઞાન. Law of co-escistence, relatedness and relationship.

કાર્યકારણનો નિયમ, દ્રવ્યભાવનો નિયમ, ગુણપર્યાયનો નિયમ, પ્રાર્થનાનો નિયમ.

ભક્તજન કેવળ પ્રાર્થના કરે છે અને ઈશ્વર તરફથી તેને સહાયતા મળી જાય છે, તે વસ્તુસ્વભાવનો નિયમ છે.

o

There is a divine order attending all things.

o જે મસ્તક ભગવાનને નમે, તે
મસ્તકમાં અસદ્વિચાર રહી શકતા નથી.
હાથ જોડવા એટલે હું સત્કર્મ કરીશ એવી પ્રતિજ્ઞા કરવી.
માથું નમાવવું એટલે મારી બુદ્ધિ ઈશ્વર ભક્તિમાં વાપરીશ.

શાસ્ત્રોનો પાર નથી પણ
એક ઈશ્વરને જાણી લેતાં સઘળું જાણી જવાશે.

સંતનો આશ્રય કરનાર સંત બને છે,
ભગવાનનો આશ્રય કરનાર ભગવાન બને છે.

વિષયો પ્રત્યે વૈરાગ્ય અને
પ્રભુ પ્રત્યે પ્રેમ એ જીવનનું કર્તવ્ય છે.

વંદન શરીરથી નહિ પણ મનથી કરો, પ્રેમથી કરો,
ભગવાનને હૃદયમાં પધરાવો.

જ્યાં બુદ્ધિનો અતિરેક, ત્યાં ભક્તિનો નાશ.
ભક્તિ એ તરૂણ સ્ત્રી છે, જ્ઞાન અને વૈરાગ્ય એ
વૃદ્ધ દીકરા છે. જીવનની પ્રેરણા ભક્તિથી મળે છે.
ધર્મ એ પ્રેરક તો જ બને કે જો તે વડે કર્મયોગ
તથા ઉપાસનાની વૃદ્ધિ થાય. દાન = કર્મ, પૂજા = ઉપા.

સર્વં ખલ્વિદં બ્રહ્મ નેહ નાનાસ્તિ કિંચન ।
'અહં બ્રહ્માઽસ્મિ ।'

જીવના ૫ અનુભાવ: સત્, ચિત્, આનંદ, મુક્તતા, સ્વતંત્રતા.

(૧) દરેક મનુષ્ય લાંબામાં લાંબુ જીવવા માટે ઈચ્છે છે.
(૨) દરેક બધી જ વસ્તુઓનું જ્ઞાન મેળવવા ઈચ્છે છે.
મૂર્ખને પણ કોઈ મૂર્ખ કહે તો અસહ્ય લાગે છે.
(3) સૌ સદા સુખી અને સ્વતંત્ર રહેવા ઈચ્છે છે.
(૪) દરેક મનુષ્યને બીજા કોઈની આધીનતા ઇષ્ટ નથી.
(૫) બીજાઓ ઉપર પોતાનું પ્રભુત્વ સ્થાપવાને માટે
બીજાઓ સદૈવ પોતાને આધીન રહે તેમ ઈચ્છે છે.

Give to the needy & worship to the unneedy are the fundamentals of true religion. True joy is the ecstacy of divine love, the consciousness of oneness with God. The outer rite becomes an inner experience & compulsary sacrifice becomes willing service to the God within.

Christ is God's true idea of man within every one of us in Spirit.

o પાંચ વિષયોને જીતવા માટે ઊર્ધ્વતાસામાન્યથી
સર્વપ્રસિદ્ધ વિષય 'પીગળનો આત્મા' વિચારવો જોઈએ.
ચાર કષાયોને જીતવા માટે
તિર્યક્સામાન્યથી સ્વઆત્મસ્વરૂપ વિચારવું જોઈએ.
વિષયો વાનરની જેમ ચપળ છે,
કષાયો નાગની જેમ ઝેરી છે.
બંનેને જીતવા 'નમો અરિહંતાણં।'નું ત્રિકુટિમાં ધ્યાન દે.
મન એક ચોર છે, તેણે આત્મમુક્તિનું અપહરણ કર્યું છે!
મનરૂપી ચોરને દંડ દેવાથી અથવા
સંયમિત કરવાથી પરમપદની પ્રાપ્તિ થાય છે.
મૂળ અજ્ઞાન અને કારણશરીર એક છે.
પ્રિય, મોદ, પ્રમોદ એ કારણશરીરની વૃત્તિઓ છે.
ઇષ્ટને મળવાથી જે સુખ થાય છે, તે પ્રિય.
ઇચ્છિત વસ્તુની પ્રાપ્તિથી જે જે સુખ મળે, તે મોદ.
મોદના ઉપભોગથી જે સુખ મળે, તે પ્રમોદ.
મોક્ષ અને તેના સાધનરૂપ
વૈરાગ્ય, સ્વાધ્યાય, સત્સંગાદિની ઇચ્છા, તે શુભેચ્છા.
તત્ત્વમસિની વિચારણા તે બીજી ભૂમિકા.
બેના અભ્યાસથી ત્રીજી બ્રહ્માકારવૃત્તિ થાય, તે તનુમાનસી.

તત્ત્વજ્ઞાન અને સત્યનો સ્વીકાર થાય, તે સત્યાપત્તિ.
પાંચમી અસંસક્તિ. છઠ્ઠી પદાર્થાભાવના.
દૃશ્ય નાનાત્વની ભાવનાથી સંપૂર્ણ વિમુક્તિ
અને આત્માનંદમાં નિમગ્નતા તે સાતમી છે.

ષડ્વિકાર એટલે...

अस्ति, जायते, वर्धते, विपरयते, अपक्षयते, विनश्यति।

આત્મજ્ઞાની સર્વને પૂજ્ય છે.

બ્રહ્મ તથા સત્યના ધ્યાન દ્વારા આત્મજ્ઞાનની પ્રાપ્તિ થાય છે.

'અહં'નો વાચ્યાર્થ અહંકાર છે.

'અહં'નો લક્ષ્યાર્થ 'અહં બ્રહ્માઽસ્મિ।' બ્રહ્મ છે.
સ્વરૂપ એ સારતત્ત્વ છે, નવકાર ચૌદપૂર્વનો સાર છે
એટલે નવકારમાં જે અવસ્થાઓને નમન થાય છે,
તે અવસ્થાઓ વિશ્વમાં સારભૂત છે અને તે આત્માનું
જ સ્વરૂપ છે, તેને નમવાથી શુદ્ધ સ્વરૂપની સાથે રહેલા
ભેદનો છેદ થાય છે. 'અયમાત્મા શાન્તઃ।'
શાંત એટલે મૌન. મનનું મૌન એ વાસ્તવિક મૌન છે.
શબ્દોમાં જેનું વર્ણન અશક્ય છે. મનને મૌન કરી જેનું
બ્રહ્મમાં વિલીનીકરણ કરવાથી શાંતિનો અનુભવ થાય છે.
શુદ્ધ એટલે નિર્મળ. કામના એ જ મળ છે.
બ્રહ્મ પરમ નિષ્કામ અને નિર્વાસન છે.

ॐ

જિતેન્દ્રિય = ઇંદ્રિયો ઉપર પ્રભુત્વવાન્.
ક્ષમા = પરમ ધૈર્ય. આત્મારૂપી પરમ સુખનિધાન પ્રાપ્ત કર્યા પછી સાંસારિક સંપત્તિ પ્રત્યે આકર્ષણ થાય જ ક્યાંથી?
તપ = મન - ઇંદ્રિયનિગ્રહથી પ્રાપ્ત થતી મનની એકાગ્રતા.
જીવનને સહવું તે અહિંસા, સુખને સહવું તે સંયમ અને દુઃખને સહવું તે તપ.

તુલાવિદ્યા = સરવાળા - બાદબાકીની ભૂલ તે.
મૂલાવિદ્યા = જમા - ઉધારની ભૂલ તે.

શંકા એ રાજાનો શત્રુ અને અરાજાનો પ્રથમ પુત્ર છે.

o જીવને સહવા માટે મૈત્રી, સુખને સહવા માટે વિરક્તિ અને દુઃખને સહવા માટે રાગ આવશ્યક છે.

o એક બાજુ સ્વર્ગ અને મોક્ષના સુખ
અને બીજી બાજુ સત્સંગનું સુખ,
બંનેની તુલના કરવામાં આવે,
તો સત્સંગના સુખનું પલ્લું નીચે નમી જાય.
સત્સંગનું સુખ સર્વ સુખોથી શ્રેષ્ઠ છે.

તાત સ્વર્ગ - અપવર્ગ સુખ, ધરિય તુલા એક અંગ,
તૂલ ન તાહિ સકલ મિલિ જો સુખ લવ સત્સંગ. ...(૧)

અભ્યાગતાજીથી કર્મનો નિયમ સમજાય છે.
તેના પ્રભાવે દુઃખને સહવાની શક્તિ આવે છે.

સમ્યગ્દર્શન વડે ધર્મનો નિયમ સમજાય છે,
તેના પ્રભાવે જીવો ઉપર નિઃસ્વાર્થ સ્નેહ પ્રગટે છે.
સમ્યક્ ચારિત્ર વડે અધ્યાત્મનો નિયમ સમજાય છે,
તેના પ્રભાવે સુખ પ્રત્યે તૃષ્ણાનો અભાવ જાગે છે.

દર્શનથી ક્ષમાશક્તિ, જ્ઞાનથી દમનશક્તિ અને
તપથી સહનશક્તિ આવે છે.

અહિંસાનું મૂળ સમ્યગ્દર્શન, સંયમનું મૂળ સમ્યગ્જ્ઞાન
અને તપનું મૂળ સમ્યક્ચારિત્ર છે.

પવિત્ર મંત્રો એટલે...

પરમાત્માના નામની સાથે સંબંધ ધરાવનાર મંત્રો.

૦ પીંડસ્થ ધારણાનો ખરો અર્થ એ જ છે કે પીંડ એટલે
શરીર અને તેમાં રહેલ આત્મા તે જ પરમાત્મા છે.
તેનું ધ્યાન કરવું, તે પીંડસ્થ ધ્યાન છે.
પીંડમાં પાંચ ભૂત છે તથા આત્મા છે,
તેથી પ્રથમ પાંચ ભૂતની સ્થૂલ ધારણા બતાવી છે.
તેમાં મન સ્થિર થતાં જે સાધ્ય પીંડમાં રહેલ આત્મા છે,
તે પીંડસ્થનું ધ્યાન બતાવેલ છે.
તત્ત્વભૂ ધારણામાં 'તત્ત્વભૂ' એટલે કે
તત્સ્વરૂપે, આત્મસ્વરૂપે થઈ રહેવાની ધારણા છે.

'આત્માથી પરમાત્મા જુદો નથી'
એ વિષયને બહલાવવાવાળી આ ધૂનકા છે.
'દેહની અંદર રહેલ તત્ત્વસ્વરૂપ હું જ છું
અને તે જ પરમાત્મા છે, અવશ્ય છે'
એ તત્ત્વસ્વરૂપ ભાવના સિદ્ધ કરવાની છે.
આગમપદોનું ધ્યાન પણ સ્વસ્વરૂપની થયેલ
વિસ્મૃતિની જાગૃતિ લાવવા માટે છે.
'અપ્પા સો પરમપ્પા' ઇત્યાદિ આગમપદોનું વિચારપૂર્વક
મનન કરવું, તે પણ પદસ્થ ધ્યાનનો જ એક પ્રકાર છે.

**ચાર કષાયોની જીત માટે...**

(૧) ક્રોધ જીતવા માટે પ્રેમ આપો.
સર્વ જીવોને સત્તાથી શુદ્ધ સ્વરૂપ જોવાની ટેવ પાડવાથી
શુક્લ ધ્યાનના આલંબનભૂત ક્ષમા આવી શકે છે.

(૨) માન જીતવા માટે બીજાને માન આપો.
આ જગત એ બોધ મેળવવા માટે સજીવન પાઠશાળા
અથવા વિચારવાનને એક જીવતા ગુરુની ગરજ સારે છે.
એ રીતે દુનિયાને ગુરુરૂપે માની પોતે
શિષ્યરૂપે રહેવાથી નમ્રતા ગુણ કેળવાય છે
અને અભિમાનની વૃત્તિનો નાશ કરી શકાય છે.

(3) માયા જીતવા માટે પોતે નાનો અને બીજાને મોટો બનાવો. કુદરતના કાનુનમાં ગુપ્તમાં ગુપ્તપણે કરેલી ક્રિયાનું ફળ મળે છે, એટલે 'માયા-પ્રપંચને વિશ્વમાં અવકાશ જ નથી' એમ વિચારવાથી ઘણું પાપ કરવાની માયાવૃત્તિ આપોઆપ વિલય પામી જાય છે. આત્મદૃષ્ટિથી સર્વ જીવ સરખા છે અને પરમાત્મદૃષ્ટિથી સર્વ જીવ મોટા છે, વ્યવહારદૃષ્ટિ પ્રમાણે પોતે પોતાને જ નાનો જોવાની માયા કરવાથી માયા સહેલાઈથી જીતાય છે.

(4) લોભ જીતવા માટે આત્મદૃષ્ટિએ પોતાને પૂર્ણ માનો. 'દેહ અને શુભાશુભકર્મ સર્વથા, ત્યાગ કરવા યોગ્ય છે' એમ માનનારને લોભનો અવકાશ જ ક્યાં છે? 'બાહ્ય વસ્તુનો લોભ જ સ્વસ્વરૂપનું આવરણ ઊભું કરે' એમ વિચારવાથી પણ લોભ જીતાય છે.

o 'નમો અરિહંતાણં ।' આ પદના જાપ વડે આપણા શુદ્ધ આત્મસ્વરૂપની ભક્તિ, બોધ અને પરિણતિ થાય છે. 'અરિહં' એ આત્માનું શુદ્ધ સ્વરૂપબોધક પદ છે. તેની ભક્તિ 'નમો' પદ વડે થાય છે અને પરિણતિ 'તાણં' પદ વડે થાય છે.

આમ શુદ્ધાત્મસ્વરૂપનો બોધ, ભક્તિ અને પરિણતિ
નવકારના પ્રથમ પદના જાપ અને ધ્યાન વડે સધાય છે.

'નમો અરિહંતાણં।' પદ તીર્થને જણાવે છે.

'તત્ત્વમસિ।' પદ તત્ત્વને જણાવે છે. તત્ત્વની પ્રાપ્તિ તીર્થથી
થાય છે. તીર્થ ઉપગ્રહકારક છે, તત્ત્વ ઉપયોગસ્વરૂપ છે.

શુદ્ધોપયોગ રૂપ તત્ત્વની પ્રાપ્તિ
સ્વપરાનુગ્રાહક તીર્થ વડે થાય છે.

તીર્થમાં અનુગ્રાહક શક્તિ છે, તત્ત્વમાં અનુગ્રાહ્યતા છે.

ગ્રાહ્ય - ગ્રાહકભાવ વર્જિત સમાધિમાં
તીર્થ અને તત્ત્વ બંને મળી જાય છે.

વ્યવહારનય તીર્થ પ્રવર્તાવે, નિશ્ચયનય તત્ત્વબોધક થાય.
વ્યવહાર-નિશ્ચય મળીને મોક્ષરૂપી કાર્યની સિદ્ધિ થાય છે.

ભૂતેષુ ભજ સમત્વં ચિંતય ચિત્તે નિજાત્મરૂપં ચ।
મનસઃ શુદ્ધિં કૃત્વા ભાવય ચિત્તં ચ ભાવનયા॥

અર્થ: જીવોને વિશે સમત્વને ધારણ કર,
ચિત્તમાં પોતાના આત્મસ્વરૂપને વિચાર તથા
મનની શુદ્ધિ કરીને ચિત્તને ભાવનાથી ભાવિત કર.

o વાસના તથા ઇચ્છા પર્યાયવાચક છે.
અપ્રગટ ઇચ્છાને જ 'વાસના' કહે છે.

o 'સમ્યગ્ દર્શન - જ્ઞાન - ચારિત્રાણિ મોક્ષમાર્ગ: ।'
તત્ત્વરુચિ, તત્ત્વબોધ તથા તત્ત્વપરિણતિ
રૂપ ત્રણ સૂત્ર ભગવાન આત્માને
મુક્તિ મેળવવા માટેનો મોક્ષમાર્ગ બને છે.

o

The meaning of 'અનાહૂત સહાયસ્ત્વં ।' is...
He wants to help you before you ask.

o The meaning of 'ત્વમકારણવત્સલ: ।' is...
God loves me before I love Him.

o The meaning of 'અનભ્યર્થિત સાધુસ્ત્વં ।' is...
God is always good
whether we believe it or not.

o The meaning of 'અસંબંધબાંધવ: ।' is...
God is Father of all whether
all believe him so or not.

o The meaning of 'મધ્યસ્થસ્ય જગત્ ત્રાતુ: ।'
અસંગસ્ય જનેશસ્ય । નિર્મમસ્ય કૃપાત્મન: ।' is...
God is protector although neutral.

o Loaves and fish are symbols of
bodily health & outward finances.

'નમો' એ સમ્યગ્દર્શન અર્થાત્ તત્ત્વરુચિરૂપ છે.
'અરિહં' એ સમ્યગ્જ્ઞાન અર્થાત્ તત્ત્વબોધરૂપ છે.
'તાણં' એ સમ્યક્ચારિત્ર અર્થાત્ તત્ત્વપરિણતિરૂપ છે.
તત્ત્વ તે આત્માનું શુદ્ધ સ્વરૂપ છે.
અશુદ્ધ સ્વરૂપ હેય છે, તેથી અતત્ત્વરૂપ છે.
શુદ્ધ સ્વરૂપ ઉપાદેય છે, તેથી તત્ત્વરૂપ છે.
નવકારનું પ્રથમ પદ નમો અરિહંતાણં શુદ્ધ સ્વરૂપની
ઉપાદેયતા, આદરણીયતા, પૂજ્યતા અને તારકતા સૂચવે છે,
તેથી ભક્તિવર્ધક છે, જ્ઞાનવર્ધક છે, પરિણતિવર્ધક છે.
આત્માના શુદ્ધ સ્વરૂપની રુચિ, બોધ અને પરિણતિ
એ જ સમ્યગ્દર્શન - જ્ઞાન - ચારિત્રરૂપ છે,
તેથી 'નમો અરિહંતાણં' પદ સ્વરૂપ પણ છે.
નવકારનું પ્રથમ પદ અને તત્ત્વાર્થનું પ્રથમ સૂત્ર
એક જ અર્થને કે વસ્તુને કહે છે.
ધર્મ પાસે માંગવાનું નહિ,
કારણકે તે માંગ્યા વિના આપે છે.
પરમાત્મા પોતાનું કર્તવ્ય કરે જ છે,
પરંતુ આપણે આપણું કર્તવ્ય કરતાં નહિ,
માટે કર્તવ્ય કર્મ કરવા ઉપર શાસ્ત્રો ભાર આપે છે.

o સમુદ્ર ગંભીર છે, તોફાની છે, નાવ નાની છે,
તરવું સુકાનીને હાથ છે, સુકાની પ્રભુ છે, તેને સોંપાઈ જાવ.
Have mercy on us and take our
boat on the opposite shore and
make us fearless & free from
anxieties of the world.

વિષયોનું વિસ્મૃતિકરણ કરો અને
ઇંદ્રિયોનું ઉદાત્તીકરણ એટલે કે ઉર્ધ્વીકરણ કરો.

મનુષ્યની સામે બે જ પ્રશ્નો : કાં તો ભોગ, કાં તો ભક્તિ.

ધન, મન, કીર્તિરૂપી પતંગની દોરી પ્રભુના હાથમાં સોંપો.

o માદક, મોહક અને દાહક સૌંદર્યદૃષ્ટિ બચવા માટે તેને
માનનીય, આદરભાવ અને વંદનીય દૃષ્ટિએ જુઓ.
સૌંદર્ય એટલે પ્રભુની લીલા અને માયા.
માયા એટલે કળા, માયાને કળા માનો એટલે દૃષ્ટિ બદલાશે.
કુદરત છે પણ સૌંદર્યમય છે. સૌંદર્યની કદર કરો.
આ જગતને ભોગદૃષ્ટિએ ન જોતાં ભાવદૃષ્ટિએ જુઓ.
સૌંદર્યને વખાણો પણ તેના ઉપર માલિકી ન કરો.

o

A sense of appreciation but
not of possession કરવી.

સૌંદર્યમાં પ્રભુનું પ્રતિબિંબ જુઓ.
એને ઈશ્વરનું શ્રેષ્ઠ સર્જન માનો. એમ માનો કે:
'માનવ જીવન ભગવાને પેદા કર્યું છે, માનવે નહિ'
શક્તિ ભગવાનની છે, માનવની નહિ.
ભોગસૌંદર્ય, વિચારસૌંદર્ય એ બધા સૌંદર્યની કદર કરો.
પહેલાં Survival of the fittest મનાતું,
પછી live and let live એ દર્શન આવ્યું.
આમાં પણ સ્વાર્થ છે. fitting the unfit
to survive એ વિચારમાં નિઃસ્વાર્થતા છે.
માનવતા માનાં પ્રેમથી જાગે છે.
જીવવા માટે માનો પ્રેમ આપણને પણ યોગ્ય બનાવે છે.
મારે તે થવું છે અથવા તેના થવું છે.
જો વાનરમાંથી નર થાય તો નરમાંથી નારાયણ કેમ ન થાય?
દાન આપવું છે? તો સર્વશ્રેષ્ઠ દાન મનનું છે,
તે પ્રભુને આપો.

શાસ્ત્ર સાંભળવાથી શું લાભ?
શાસ્ત્ર દૃષ્ટિને સુધારે છે.
દૃષ્ટિ સુધરવાથી સૃષ્ટિ સુધરે છે.
પ્રત્યેકમાં રહેલા ધર્મને, આત્માને અને
ઈશ્વરને જોવાની દૃષ્ટિ શાસ્ત્ર સાંભળવાથી મળે છે.

સર્વત્ર ઈશ્વરને જોવાથી મરણનો ભય ચાલ્યો જાય છે.
અંતકાળમાં મનુષ્યને જે ભય થાય છે,
તે કાળનો નહિ પણ પોતે જ કરેલા પાપનો હોય છે.
પ્રતિક્ષણ ઈશ્વરનું સ્મરણ રાખે તેનું મરણ સુધરે છે.
સર્વમાં ઈશ્વરભાવ જાગે તો જીવમાં દૈન્ય પ્રગટે છે.
દૈન્ય પરમાત્માને પ્રસન્ન કરવાનું સાધન છે.
મનુષ્ય જન્મ, લગ્નાદિ બધાની તૈયારી કરે છે, પણ
એક મરણની કરતો નથી, તેથી વારંવાર મરવું પડે છે.
ભાગવતની કથા ભક્તિરસનું દાન કરી
જીવને અમર બનાવે છે.
ભાગવતની કથા સાત દિવસમાં
જ્ઞાન અને વૈરાગ્યને જગાડે છે, તેનું સાધન ભક્તિરસ છે.
વાસના અને ભોગો વધ્યા છે,
માટે સંસાર ખારો ઝેર જેવો લાગે છે પરન્તુ જો
ભક્તિ વધે તો સંસાર અમૃત જેવો બની જાય.
મર્યા પછી મન સાથે આવે છે, કિન્તુ
તન, ધન, સ્વજન નહિ.
માટે જ આપણા મનની સૌથી વધુ કાળજી લેવા જોઈએ.
સર્વ વિદ્યાની પ્રતિષ્ઠા બ્રહ્મવિદ્યા છે.

ધર્મો રક્ષતિ રક્ષિતઃ।

સત્ય એ ધર્મ છે અને તેના પરિણામરૂપે
જીવન તથા આચરણમાં પ્રામાણિકતા હોવી જોઈએ.
સત્ય અને પ્રામાણિકતાનું આચરણ કરનારનું
રક્ષણ એનો ધર્મ કરે જ છે, પછી
તે આચરણ કરનાર વ્યક્તિ હોય કે સમષ્ટિ હો.
રક્ષણહાર જે સત્ય,
તેને દિશાવટો આપનારનું રક્ષણ કોણ કરે?
'ધર્મો રક્ષતિ રક્ષિતઃ।' એ સૂત્રમાં જે સત્ય રહેલું છે,
તે માત્ર વિચારનું નહિ પણ આચારનું છે.
ધર્મનો માત્ર વિચાર નહિ પણ આચરણ કરે અને
એ દ્વારા ધર્મનું રક્ષણ કરે એનું રક્ષણ ધર્મ કરે છે.
આ સૂત્રનું બળ ધર્મના આચરણમાં રહેલું છે.
તે વાત સ્પષ્ટ થવી જોઈએ કે:
ધર્મ કોઈપણ હોય પણ એનું બળ
એના સમજણપૂર્વકના આચરણમાં રહેલું છે,
આચરણ વિનાના કેવળ વિચારમાં નહિ.
कस्मिन्नु विज्ञाते सर्वमिदं विज्ञातं भवति ?
द्वे विद्ये वेदितव्ये, परा - अपरा च ।
परा यया तदक्षरमधिगम्यते । (ભાષાંતર માટે જુઓ પરિશિષ્ટ-૧)

જ્ઞાન એ સાધન છે, આત્મદર્શન એ સાધ્ય છે.
તત્ત્વજ્ઞાન સાધકને જીવના દર્શનનો અધિકારી બનાવે છે,
દુન્યવી તમામ જ્ઞાન દેહ, મન અને ક્વચિત્ હૃદયનાં
તર્પક બને પણ તેથી આત્માની પરિતૃપ્તિ થતી નથી,
અનંત-નિત્ય એવા આત્મજ્ઞાનથી જ તે પરિતૃપ્તિ થાય છે.

માનવના સમગ્ર વ્યક્તિત્વમાં
દેહ, મન, હૃદય અને આત્મા સમાવિષ્ટ છે.
આત્મતૃપ્તિનું સાધન આત્માનું સાક્ષાત્ દર્શન છે.
સંસારમાં સર્વ જીવો આત્મકામ રહે છે,
આત્માના રહસ્યમય જ્ઞાન માટે તલસે છે,
તેથી તે આત્મજ્ઞાનીના ચરણોમાં શિર ઝુકાવે છે.

સમત્વપૂર્વક આત્મજ્ઞાનની સાધના કરતા
ઋષિ-મુનિઓના ચરણોમાં
સંસારની સમૃદ્ધિઓના સમ્રાટના મસ્તકના મુકુટો નમી પડે છે.
સંપૂર્ણતાના સાચા ઉપાસકની વિનમ્રતા સર્વશ્રેષ્ઠ રહે છે.

અધ્યવસાય અર્થાત્ હૃદયના ભાવ.

पुव्विं खलु भो कडाणं कम्माणं अप्पडिक्कंताणं
वेइत्ता मोक्खो, नत्थि अवेइत्ता,
तवसा वा झोसइत्ता। (परिशिष्ट-२)

વેદાંત કહે છે: એક જ આત્મા છે.

જૈન ધર્મ કહે છે: એક આત્મા જ છે.

વિશ્વની બધી પ્રવૃત્તિઓની પાછળ એક આત્મા જ
કાર્ય કરી રહ્યો છે, તે પૂર્ણ છે, શુદ્ધ છે અને સમર્થ છે.

૦ નમો अरिहंताणं...

નમો - ધ્યાતા - સમ્યગ્દર્શન

अरिहं - ધ્યેય - સમ્યગ્જ્ઞાન

ताणं - ધ્યાન - સમ્યક્ચારિત્ર

૦ સમ્યગ્દર્શન - જ્ઞાન - चारित्राणि मोक्षमार्गः ।

રત્નત્રયયુક્ત આત્મા એ अर्हं છે.

તેનું ધ્યાન એ આત્મધ્યાન છે અને એ જ પરમાત્મધ્યાન છે.
આત્મા નોકર્મ, દ્રવ્યકર્મ, ભાવકર્માદિ ભિન્ન અને
જ્ઞાન-દર્શનરૂપી ચૈતન્ય અને વિશુદ્ધ આનંદથી અભિન્ન છે.
જ્ઞાનાનંદ સ્વરૂપ આત્માનું ધ્યાન કરવા માટેનું પદ
નવકાર મંત્રનું પ્રથમ પદ છે અને તે
આત્મામાં રહેલા ગુણોનું પ્રદર્શક તત્ત્વાર્થનું પ્રથમ સૂત્ર છે.
પ્રથમ પદના જાપ અને તેના અર્થભાવનાથી
ગુણોના ધ્યાનથી ગુણીનું ધ્યાન અને ગુણીના ધ્યાનથી
(દ્રવ્યાર્થનયથી) આત્માનું શુદ્ધ ધ્યાન થાય છે.

સાધનામાં કઠિનતા હોય તે ભૂષણ છે પણ દૂષણ નહિ.
કઠિનતા એ પણ એક સાધના જ છે.
મંત્રના ઉચ્ચારણમાં વાગિન્દ્રિય, શ્રવણશક્તિ, રસનેન્દ્રિય,
તે વડે મનની એકતા સધાય છે.

મંત્રનું અર્થચિન્તન એટલે શું ?

મનમાં ઇષ્ટદેવનું સ્વરૂપ લાવવું તે જ મંત્રાર્થ ચિન્તન છે.
મંત્રનું ઉચ્ચારણ, મંત્રની મધુરતાનો આસ્વાદ અને
મંત્રના અર્થચિન્તનથી જ જાપની પૂર્ણતા થાય.
નામ લેતી વખતે લક્ષ જોડાય, શ્રવણની એકતા સધાય,
રસાસ્વાદ અનુભવાય તો એનું ફળ ડગલે ને પગલે મળે છે.
એ રીતે થતાં નામનું ઉચ્ચારણ
દેહાધ્યાસમુક્ત અને આનંદ પ્રેરનાર બને છે.
મંત્રજાપ દ્વારા જગતમાં સ્વજાતને જોતાં શીખાય છે.

o

God & Guru are one. God is Guru in his real essence & Guru is God in the human garb. It is God who speaks & acts in Guru.

o A friend in need is a friend indeed.

o અહિંસાનો અર્થ દાન, દયા, ઉપકાર તેટલો નહિ,
કિન્તુ સર્વને આત્મિક એકતાથી ચાહવું તે છે.
ચાહવું તે spiritual need છે.
દુઃખી મનુષ્ય ઈર્ષા કરે છે.
કારણકે તે દુઃખી છે, ભગવાન સુખી છે.
જેમ માનવ સુખી છે, તેથી કોઈની ઈર્ષા કરતો નહિ;
તે કોઈ સાથે સંઘર્ષોમાં નહિ પણ સંવાદમાં છે.
Highest service of Him is to
merge our soul in shabda.
સુરતાને શબ્દમાં પરોવવા તે મોટામાં મોટી ભક્તિ છે.
ગુરુની ભક્તિ અને દેવની પણ ઊંચામાં ઊંચી ભક્તિ તે છે.
જેને દેવો પણ કરી શકતા નહિ.
સુરતાને શબ્દમાં જોડવાની શક્તિ દેવોમાં પણ નહિ.
માત્ર ભક્તિવાન મનુષ્યોમાં જ તે હોય છે.
o નિશ્ચય સ્વને કરે છે,
વ્યવહાર પરને કરે છે.
વ્યવહારથી પાપનો ક્ષય ભગવાન કરે છે,
નિશ્ચયથી પોતાનો પ્રણામ કરે છે, તે સ્યાદ્વાદ છે.
નિશ્ચયને પોતાની વાતનું સમર્થન કરવાનો અધિકાર છે

પણ વ્યવહારનું ખંડન કરવાનો અધિકાર નહિ,
કારણકે કાર્ય બંને નય મળીને થાય છે, તેથી
પોતપોતાના અભિપ્રાયનું સમર્થન કરે ત્યાં સુધી તે નય છે.
પરનું ખંડન કરવા જતાં તે નયાભાસ બની જાય છે.
જૈન નયોમાં પ્રથમ વ્યવહાર-પછી નિશ્ચય એ ક્રમ છે.
વ્યવહાર નહિ આચરનારને નિશ્ચયની ઉત્પત્તિ ન થાય.
નિશ્ચયનો ઉત્પાદક વ્યવહાર છે, માટે
તે કારણ છે અને નિશ્ચય તે કાર્ય છે.
આમ વ્યવહાર નિશ્ચયને કાર્યકારણપણાનો સંબંધ છે.
કૃતજ્ઞતા એ નિશ્ચય છે, પરોપકાર એ વ્યવહાર છે.
નિશ્ચય એ તત્ત્વ છે, વ્યવહાર એ તીર્થ છે.
તીર્થ એટલે કારણ, તત્ત્વ એટલે કાર્ય.
અવિશ્વાસથી દુઃખી થવા કરતાં વિશ્વાસથી ઠગાવું સારું છે.
o વૈરાગ્ય શબ્દ કદાચ પ્રાચીન લાગશે પણ એમાં
રહેલા ભાવના અને અર્થ તો સદા અર્વાચીન જ છે.
વૈરાગ્યના સૌ પ્રથમ ચાર પાયા છે:
મૈત્રી, કરુણા, મુદિતા અને ઉપેક્ષા.
ખણખોદ કરવાથી કે દોષારોપણ કરવાથી
આપણું પુણ્ય જ ઘટે છે, સામાને નુકશાન થતું નથી.

ગઢસીવાણા, સં. ૨૦૨૪, જેઠ વદી ૨, બુધવાર, ૧૨-૬-૬૮

## સમાપત્તિ સ્વરૂપ

આત્માની સાથે સમાપત્તિ તે દ્રવ્યનો તાત્ત્વિક લાભ છે.
'સમાપત્તિ' એટલે ધ્યાતા, ધ્યેય અને ધ્યાનની એકતા.

ધ્યાતાની યોગ્યતા ભવ્યત્વ -
બહુ અભવ્યત્વ કે દૂરભવ્યનો અભાવ.
ધ્યેયની યોગ્યતા કર્મોપાધિરહિત શુદ્ધ આત્મસ્વભાવ.
ધ્યાનની યોગ્યતા તે ચિત્તવિક્ષેપરહિત એકાગ્ર અવસ્થા.
એ ત્રણની એકતા એટલે ધ્યેયાવેશ,
જેમાં ધ્યાતા અને ધ્યાનની સ્વરૂપશૂન્યતા અનુભવાય.
નમો એ ધ્યાતા-પદવાચક છે, અરિહં એ ધ્યેય-પદવાચક છે અને તાણં એ ધ્યાન-પદવાચક છે.
ત્રણેનું સર્વોત્કૃષ્ટ એકત્વરૂપ સમાપત્તિનું સાધક છે.

o

Namo = Praise and thanks giving.
It is a state of mind
expressed as prayer by other.
It is a means to acquire grace.
It shows gratitude and
feeling of meekness.

વિષયની સાથે સમાપત્તિ લક્ષસંસ્કારને પ્રાપ્ત કરે છે

જેમ કે 'અગ્નિરુપયુક્તો માણવકોઽગ્નિઃ ।'

અગ્નિના ઉપયોગવાળો માણવક અગ્નિ નામથી સંબોધાય છે.

આત્મા સાથે થતી સમાપત્તિ દ્રવ્યનો તાત્ત્વિક લક્ષ બને છે

જેમ કે અરિહંતના ઉપયોગયુક્ત આત્મા ફક્ત અરિહંત

નામને જ માત્ર ધારણા કરતો નથી, પરંતુ

દ્રવ્યથી, ગુણથી અને પર્યાયથી અરિહંતસ્વરૂપ બને છે.

'નમો + અરિહંતા + ણં ।'

અરિહંત = પરમાત્મતત્ત્વ, એમાં 'નમઈ' એટલે ડૂબી જવું.

પછી વિભક્તિથી પ્રભુમાં ડૂબી જવું,

એટલે એ સમાપત્તિ રૂપ બની જશે.

આ રીતે ધ્યાતા-ધ્યેય-ધ્યાનની એકતા સાધી શકાય છે.

(૧) અરિહંત પરમાત્મા જે આપણું તત્ત્વ છે,

(૨) તેમાં નમઈ = લક્ષપૂર્વક (૩) તન્મય થઈ જવું. આમ

(૧) જ્ઞાન (૨) દર્શન (૩) ચારિત્ર પણ નિશ્ચયથી ઘટે છે.

'અરિહંત પરમાત્મા હૃદયમાં જ્યોતિરૂપે બિરાજમાન છે'

એ કલ્પના સાથે પરમાત્માને જોઈને

બહુમાનપૂર્વક નમવાનો લક્ષ કરવો.

ह्रीँ ॐ ह्रूँ अर्हं ह्रूँ ह्रूँ अर्हं ह्रूँ ॐ ह्रीँ

એ રીતે નવકારના પ્રથમ પદનો જાપ કરવામાં આવે,
તો પણ અધિક આહ્લાદ ઉપજે છે.
આથી જ વારે વારે કહેવાય છે કે:
નવકારનું પ્રથમ પદ અને તત્ત્વાર્થાધિગમ સૂત્રનું પ્રથમ
સૂત્ર, બંને તત્ત્વથી એક જ અર્થને કહે છે.
નમો પદ તત્ત્વરુચિ અર્થમાં,
અરિહં પદ તત્ત્વબોધિ અર્થમાં તથા
તાણં પદ તત્ત્વપરિણતિ અર્થમાં લઈ શકાય છે.
તત્ત્વ તે શુદ્ધ આત્મા છે, તેની રુચિ તે સમ્યગ્દર્શન છે,
તેનો બોધ તે સમ્યગ્જ્ઞાન છે,
તેની પરિણતિ તે સમ્યક્ચારિત્ર છે.
આ નિશ્ચયનયનો વિચાર છે.
તેને હૃદયમાં ધારણ કરીને પ્રથમ પદનો જાપ કરવાથી
મોક્ષમાર્ગની આરાધના થાય છે.
બીજી રીતે - નમો પદથી ધ્યાતા (અંતરાત્મા),
અરિહં પદથી ધ્યેય (અરિહંત પરમાત્મા),
તાણં પદથી ધ્યાન (એકતાનતા) તથા
સમગ્ર પદથી ત્રણેની એકતારૂપી સમાપત્તિ.
તે સમાપત્તિથી આપત્તિ અને સંપત્તિ થાય છે.

આપત્તિ = જિન નામકર્મનો બંધ.
સંપત્તિ = જિન નામનો ઉદય. ધ્યાતા = ધ્યાન કરનાર.
ધ્યેય = ધ્યાન કરવા યોગ્ય.

ધ્યાતા - ધ્યેય - ધ્યાન: અહીં જેને એકતાને પ્રાપ્ત થયેલ છે એટલે ધ્યાનાવસ્થામાં સ્વસ્વરૂપને પામેલ છે, જેનું અન્ય સ્થળે ચિત્ત નહિ, એવા મુનિને દુઃખ હોતું નથી.
ધ્યાન કરનાર અંતરાત્મા સમ્યગ્દર્શન પરિણામવાળો આત્મા છે.
ધ્યાન કરવા યોગ્ય પરમાત્મા સિદ્ધ ભગવાન છે અથવા જેમના ઘાતી કર્મ ક્ષીણ થયાં છે એવા અરિહંત કહ્યાં છે.

ધ્યાન તથા એકાગ્ર બુદ્ધિ તથા

વિજાતીય જ્ઞાનના અન્તરરહિત સજાતીય જ્ઞાનની ધારા, એ અહીંની એકતા તે યોગાચાર્યના મતે સમાપત્તિ કહી છે.

પ્રવચનસારમાં કહ્યું છે કે:

'જે અરિહંતને દ્રવ્ય-ગુણ અને પર્યાય રૂપે જાણે છે, તે આત્માને જાણે છે અને તેનો મોહ નાશ પામે છે.'
જેમ સ્ફટિક મણિને વિષે પ્રતિચ્છાયા - પડછાયો પડે, તેમ ધ્યાનથી અત્યંત મળવૃત્તિ જેની ક્ષીણ થયેલ છે એવા અન્ય તેમ જ નિર્મળ અંતરાત્માને વિષે પરમાત્માની પ્રતિચ્છાયા-પ્રતિબિંબ પડે, તે સમાપત્તિ છે.

બીજે સ્થળે કહ્યું છે કે:

ઉત્તમ મણિની જેમ ક્ષીણવૃત્તિવાળાને પરમાત્માના ગુણના સંસર્ગારોપથી અને પરમાત્માના અભેદારોપથી નિઃસંશય સમાપત્તિ થતી છે.

અંતરાત્માને વિષે પરમાત્માના ગુણનો સંસર્ગારોપ તે <u>તાત્સ્થ્ય</u> છે અને અંતરાત્મામાં પરમાત્માનો અભેદારોપ તે <u>તદંજનતા</u> છે. એ ધ્યાનનું ફળ સમાધિરૂપ અતિ વિશુદ્ધિ છે. તે સમાપત્તિથી પુણ્યપ્રકૃતિરૂપ તીર્થંકર નામકર્મનો બંધ થાય છે, તે આપત્તિ નામે ફળ છે અને તીર્થંકરપણાના અભિમુખપણાથી- નજીકપણાથી સંપત્તિ નામે ફળ અનુક્રમે થાય છે. એમ સમાપત્તિ, આપત્તિ અને સંપત્તિરૂપ ધ્યાનના ત્રિવિધ ફળથી વિંશતિસ્થાનક તપ વગેરે પણ ઘટે છે.

ઉક્ત ત્રિવિધ ધ્યાન ફળરહિત કષ્ટ અભવ્યોને પણ સંસારમાં દુર્લભ નથી.

જેણે ઇંદ્રિયોને જીતી છે, જે ધીર છે, પ્રશાંત છે, ધીરશાન્ત નામે નવમા રસનો નાયક છે. ધીર = આપત્તિમાં નિશ્ચલ, પ્રશાંત = અપકાર કરનાર પર પણ અનુકંપાવાન. જેનો આત્મા સ્થિર છે, જેનું આસન સુખાવહ છે, જેણે નાસિકાના અગ્ર ભાગ ઉપર લોચન સ્થાપ્યાં છે, જે

પ્રવૃત્તયુક્ત યોગી છે, ધિષણાની ધારા વડે જેણે બાહ્ય ઇંદ્રિયને અનુસરનારી મનની વૃત્તિને વેગથી રોકી છે (ધિષણા = કોઈક ધ્યેયને વિષે ચિત્તનું સ્થિર બંધન), પ્રસન્ન ચિત્ત = અકલુષિત ચિત્તવૃત્તિ છે જેની, પ્રમાદરહિત, જ્ઞાનાનંદરૂપ અમૃતનો આસ્વાદ લેનાર, આત્મારામમાં જ વિપક્ષ (શત્રુ) રહિત મોટા સામ્રાજ્યને વિસ્તારતા એવા ધ્યાનવંત યોગીની દેવ અને મનુષ્ય સહિત લોકમાં ખરેખર કોઈ ઉપમા નથી અર્થાત્ ઉપમાતીત છે.

## ધ્યાન વિષે ૧૨ પ્રશ્નોની પ્રશ્નાવલી

(૧) ધ્યાન શું અને ક્યા ગુણસ્થાને હોય?

(૨) ધ્યાનનું આગમોક્ત મુખ્ય સ્વરૂપ શું?

(3) શાસ્ત્રે ધ્યાન માટેની પૂર્વ ભૂમિકા કઈ કહી છે?

(૪) ધ્યાનની પૂર્ણાહૂતિમાં શું વિધેય હોય?

(૫) સાધુ તથા શ્રાવકને યોગ્ય કર્તવ્યો બજાવ્યા વિના ધ્યાનનો અધિકાર ખરો?

(૬) જયવીયરાય સૂત્રમાં માંગવામાં આવતી વસ્તુની સાધના વિના ધ્યાન સંભવે?

(૭) શક્તિ અનુસાર પૂજા દ્રવ્યસ્તવ નહીં કરનારો ગૃહસ્થ ધ્યાનનો અધિકારી ખરો?

(૮) ધ્યાનશતક અને યોગબિન્દુમાં કરેલ ધ્યાનનો સમન્વય થઈ શકે?

(૯) ધ્યાનનો ઉત્કૃષ્ટ કાળ કેટલો?

(૧૦) ઉપાસકદશાંગ અને અનુત્તરોપપાતિક વગેરેમાં વર્ણવેલ આરાધકોની ઉન્નતિ ધ્યાનના બળ ઉપર થયેલ છે કે બાહ્ય ક્રિયા બળ ઉપર?

(૧૧) ચિત્તના સ્થૈર્યમાં ધ્યાનનો આલંબ કારણ છે? જો બાહ્ય કારણો હોય, તો તે ક્યા? અને તેનું નિવારણ શી રીતે થઈ શકે?

(૧૨) શાસ્ત્રે ધર્મધ્યાનમાં બતાવેલ ચાર પાયાનું ધ્યેય એકરૂપ છે? કે અનેકરૂપ છે?

## મંત્રાત્મક દેવતાવાદ

મંત્રશાસ્ત્રોમાં મંત્રાત્મક દેવતાવાદના નૈશ્ચયિક સ્વરૂપનું વર્ણન આ રીતે મળે છે:

પદ બે પ્રકારના છે: સ્થૂલ અને સૂક્ષ્મ.

પદ પોતાની સ્થૂલ અવસ્થામાંથી નીકળીને જ્યારે સૂક્ષ્મ અવસ્થાને પ્રાપ્ત કરે છે, ત્યારે તે જ દેવતા સ્વરૂપ બની જાય છે.

પદની સૂક્ષ્મ અવસ્થા વિમર્શરૂપ છે.

વિમર્શનું તાત્વિક સ્વરૂપ <u>નિર્વિકલ્પ જ્ઞાન</u> છે.
આવા વિમર્શને જ તાત્વિક <u>મંત્રદેવતા</u> અર્થાત્ કે
મંત્રમયી અથવા <u>પદમયી દેવતા</u> કહેવામાં આવે છે.
આ તાત્વિક વિમર્શ <u>પશ્યન્તી વાણી</u> રૂપ હોવાથી
તે વાણીને <u>પદમયી દેવતા</u> કહેવામાં આવે છે.
આ દેવતાને જ આત્માની <u>'અમૃત કલા'</u> કહેવામાં આવે છે.
પદસ્થ ધ્યાનમાં પ્રથમ સ્થૂલ પદ અર્થાત્ કે
વૈખરી અવસ્થાગત પદનું અથવા મધ્યમાવસ્થાગત પદનું
આલંબન લઈને પછી સૂક્ષ્મપદ અર્થાત્ કે પશ્યંતી અને
પરાઅવસ્થાગત પદનું આલંબન લેવાનું હોય છે.
(શાસ્ત્રકાર ભગવંતો શબ્દશક્તિના પ્રયોગના માધ્યમથી
આધ્યાત્મિક ઉન્નતિ મેળવવાનો માર્ગ દર્શાવે છે.
તેનો અભ્યાસ કરી નાદ - બિન્દુ - કલાનું
આવશ્યક જ્ઞાન પ્રાપ્ત કરી સ્મરણ, ચિંતન અને
ધ્યાન વડે ઉન્નતિનો માર્ગ ગ્રહણ કરી શકીએ છીએ.
આ માર્ગમાં કોઈ દેવ કે દેવના અનુગ્રહની યાચના નથી,
તેમ તેમને પ્રસન્ન કરવા બલિ કે યજ્ઞનો પણ નિર્દેશ નથી.
શબ્દશક્તિ વિષે જેટલી માહિતી જરૂરી છે,
તે પ્રસ્તુત વિવરણમાં આપી છે.)

Dt: 15-6-68

(૧) નમો = પરમાત્મતત્ત્વમાં ઝૂકી જવું.
(૨) નમો = નિજતત્ત્વમાં ભાવપૂર્વક તન્મય થઈ જવું.
(૩) નમો = હૃદયગુફામાં જ્યોતિરૂપે બિરાજમાન અરિહંત પરમાત્માને બહુમાનપૂર્વક નમવાનો ભાવ કરવો.

'નમો અરિહંતાણં !' પદ વડે અરિહંતના ધ્યાનમાં ઝૂકી જવું.
અરિહંત તે નિજસ્વરૂપ છે,
તેમાં ભાવપૂર્વક તન્મય થઈ જવું.
હૃદયમાં જ્યોતિરૂપે બિરાજમાન અરિહંત પરમાત્માને જોઈને બહુમાનપૂર્વક તેમને નમવાનો ભાવ કરવો.
પ્રથમ પદનો આ અતિ ગૂઢાર્થ છે.

o

He who thinks least of his own character, benefits the most.

o Put on the garments of gratitude, Godliness and graciousness. Let your spiritual finery include faith, friendship & unselfishness. Wear a good sized cloak of kindness & consideration for others.

## અષ્ટપ્રવચન માતા

પ્રવચનમાં માતાનું સ્થાન સર્વ જીવો ઉપર
સમાન વાત્સલ્યભાવ ધારણ કરનાર સાધુપદ છે.
તે વાત્સલ્ય ભાવને દર્શાવનાર સાધુ સચ્ચેષ્ટા
આઠ પ્રકારોમાં વહેંચાયેલી છે:
તેને 'અષ્ટપ્રવચન માતા'ના નામથી સંબોધવામાં આવે છે.

(૧) મનની ત્રણ શક્તિઓ: બુદ્ધિ, ભાવના અને સંકલ્પ.

(૨) માનવની ત્રણ નિમ્નપ્રકૃતિ: મન, પ્રાણ અને શરીર.

(3) માનવની ત્રણ ઉચ્ચ પ્રકૃતિ:
અમરત્વ, પ્રકૃતિ ઉપર આધિપત્ય અને શાશ્વત આનંદ.

(૪) ક્ષેત્ર - ક્ષેત્રજ્ઞ, જ્ઞાતા - જ્ઞેય, ઈશ્વર - માયા,
દ્રષ્ટા - દૃશ્ય, પુરુષ - પ્રકૃતિ.

(૫) સંઘાત - ઈંદ્રિયો સહિત શરીર.

(૬) અવિદ્યામાંથી અસ્મિતા, તેમાંથી રાગ-દ્વેષ અને
અભિનિવેશ.

(૭) પ્રથમ ક્ષેત્રના નિયંતા ક્ષેત્રજ્ઞને જાણવો, તેની સાથે
ઐક્ય સાધવું અને પછી સમગ્ર ક્ષેત્રને તેના શક્તિરૂપે
અનુભવવું એ જ યથાર્થ લાભ છે.

(૮) ક્ષેત્ર = પંચમહાભૂતથી માંડી મન, બુદ્ધિ, અહંકારાદિ સર્વ.

## ગુહ્ય - પ્રતિગુહ્યનો ઉપદેશ

માયા જહા નિયં પુત્તં એકમત્તમણુરક્ખે |
એવમપિ સવ્વભૂતેસુ માનસં ભાવયે અપરિમાણં || સૂક્તિઃ
એકના એક પુત્ર પર અવધિ પ્રેમ માતાને હોય છે, તેવો
અપરિમિત સ્નેહ સર્વભૂત-પ્રાણીઓ ઉપર વિસ્તારો.

## સમિતિ તથા ગુપ્તિ

હાથ - પગ - મુખ આદિ અવયવોનો ઉપયોગ
જીવરક્ષાના ઉપયોગપૂર્વક કરવો તથા
મન - વચન - કાયાના યોગોને સંયમિત રાખવા.
સમિતિ વડે જીવરક્ષા - ગુપ્તિ વડે આત્મરક્ષા થાય છે.
સૌથી વધુ અપમાન સહન કરવું તે સાધુતાનો પ્રારંભ છે
તથા સૌથી વધુ દુઃખ અને શોકને સહન કરવાં,
તે પ્રભુતાનો પ્રારંભ છે.

## સમાપત્તિ ધ્યાન એટલે સમત્વનું ધ્યાન.

અનંત જ્ઞાન - દર્શન - ચારિત્રમય પરમાત્મસ્વરૂપની સાથે
પોતાના શુદ્ધ સ્વરૂપની અત્યંત સમાનતાને લઈને
'મારામાં તે સ્વરૂપ છે અને તે જ હું છું' એવા
પ્રકારનું અભેદ ધ્યાન, તે સમાપત્તિ સમરસાપત્તિ છે,
તે યોગીજનોની માતા છે અને મોક્ષરૂપની સાધક છે.

चिन्तामणिः परोऽसौ तेनैव भवति समरसापत्तिः ।
सैवेह योगिमाता निर्वाणफलप्रदा प्रोक्ता ॥१॥

૦ સંસાર તો ઊંટની સવારી છે, તેમાં વિઘ્નો આવે એ સહજ છે, ન આવે તે આશ્ચર્ય જાણવું. રણને ઉતરવાનું કાર્ય પણ ઊંટ ઉપરની સવારીથી જ શક્ય છે.

નમો અરિહંતાણં ।

અરિહંત તે જ્ઞાનાનંદસ્વરૂપ શુદ્ધ વસ્તુ છે. નમો પદ વડે શુદ્ધસ્વરૂપમાં ઉપયોગની એકતા સધાય છે. તે વડે જીવ પોતાનું દેહાદિથી અને રાગાદિથી ભિન્ન એવું શુદ્ધ સ્વરૂપ અનુભવે છે. ઉપયોગની અશુદ્ધતા એટલે રાગાદિ સાથે એકતા - વિભાવ પરિણમન અને ઉપયોગની શુદ્ધતા એટલે જ્ઞાનાદિ સાથે એકતા - સ્વભાવપરિણમન. અશુદ્ધ પરિણતિ - વિભાવ તે બંધનું કારણ અને શુદ્ધ પરિણતિ - સ્વભાવ તે મોક્ષનું કારણ.

'નમો અરિહંતાણં ।' પદ વડે
શુદ્ધ પરિણતિ ઉત્પન્ન થાય છે,
તેથી તે મોક્ષનો હેતુ છે.
આનંદનો સાગર શુદ્ધ આત્મા છે.
તેમાં ડૂબકી મારવાનું સાધન નમો પદ છે.

० શુદ્ધ સ્વરૂપનું અનુભવન તે જ્ઞપ્તિક્રિયા છે.
રાગાદિ ભાવ કરવા તે કરોતિક્રિયા છે.
જ્ઞપ્તિ અને કરોતિ - એ બે ક્રિયાને
સહઅવસ્થાન રૂપ વિરોધ છે.
શુદ્ધ સ્વરૂપની અનુભૂતિમાં વિકલ્પમાત્રનો અભાવ છે,
તેથી તે અબંધ અવસ્થા છે.
જે રાગને કરે છે, તે શુદ્ધ સ્વરૂપનો જાણનાર નથી.
જે શુદ્ધ સ્વરૂપનો જાણનાર છે, તે રાગનો કરતો નથી.
જ્ઞાનભાવ તે મોક્ષમાર્ગ છે અને
રાગના કર્તૃત્વરૂપ અજ્ઞાનભાવ તે બંધમાર્ગ છે.
રાગ અને જ્ઞાનનું ભેદપણું ન જાણવું,
તે અજ્ઞાન છે, બંધનું કારણ છે.
રાગ - જ્ઞાનને ભિન્નપણે જાણવા,
તે સમ્યગ્જ્ઞાન છે અને મોક્ષનો હેતુ છે.
० જ્ઞાનભાવ અને વીતરાગભાવ - બંને પર્યાયવાચક છે.
રાગભાવ અને જ્ઞાનભાવ - બંને પરસ્પર વિરુદ્ધ છે.
જ્ઞાનચક્ષુ આત્મા પાસે બળાત્કારનાં કામ કરાવવાનું
જે માને છે, તે આંખ પાસે
પત્થરો ઉપડાવવા જેવું અજુગતું કાર્ય કરે છે.

ૐ

## મોહ પ્રશ્ન

સંસારના પદાર્થો દુઃખમય છતાં સુખરૂપ કેમ દેખાય છે?
સાપનું ઝેર ચઢ્યું હોય તેને કડવો લીમડો પણ મીઠો લાગે,
તેમાં કારણ સાપનું ઝેર છે, તેમ અહીં મોહરૂપી સાપનું
ઝેર દુઃખમય - આગળ - પાછળ - વચ્ચે અને પરંપરાએ
દુઃખ, દુઃખ અને દુઃખથી ભરપૂર હોવા છતાં
સંસારના પદાર્થોને સુખ રૂપે જુએ છે, અનુભવે છે.

ભવ = સંસાર - સ્વાર્થ, ભાવ = મોક્ષ - પરમાર્થ.

ભવ = to be - સ્વપરક છે.

ભાવ = Let it be - સર્વપરક છે.

વિચાર એ ગતિ છે, આચાર એ સ્થિતિ છે.

વિચાર એ દૃષ્ટિ છે, આચાર એ ચરણ છે.

જ્ઞાન = આત્માનું સ્વસંવેદન, વૈરાગ્ય = અનાત્માનું
વિસ્મરણ અને ભક્તિ = આત્મતત્ત્વની ઉપાદેયતા.

o નમસ્કાર = હૃદયનો વિકાસ અને બુદ્ધિનો સંકોચ.

તે બન્ને સર્વ કોઈને પ્રિય છે.

નમસ્કાર ભાવ વડે બુદ્ધિ પરિશુદ્ધ થઈ સંતુલિત બને છે
સમ્યગ્ બુદ્ધિ સત્યનો પરિચય કરી શકે છે.

o

It fathoms the Truth.

ॐ

भक्तिः परेशानुभवो विरक्ति-
रन्यत्र चैष त्रिक एककाले ।
प्रपद्यमानस्य यथाश्नतः स्युः
तुष्टिः पुष्टिः क्षुदपायोऽनुग्रासम् ॥१॥
इत्यच्युतांघ्रिं भजतोऽनुवृत्त्या
भक्तिर्विरक्तिर्भगवत्प्रबोधः ।
भवन्ति वै भागवतस्य राजन्
ततः परां शांतिमुपैति साक्षात् ॥२॥ (परिशिष्ट-३)

**થોડા શબ્દાર્થો**

ભક્તિ = આત્મા ઉપર ઉપાદેયબુદ્ધિ.
વિરક્તિ = અનાત્મા ઉપર હેયબુદ્ધિ.
તુષ્ટિ = આત્માનું સ્વસંવેદન.
શાંતિ = નિરૂપાધિ સહજ સ્થિતિ.
કૃપણતા = બુદ્ધિની સંકુચિતતા, ઉદારતા = વિશાળતા.
અવિનય = બુદ્ધિની જડતા, વિનય = ચેતનતા.
અહંકાર = બુદ્ધિની કલુષિતતા, નમ્રતા = સ્વચ્છતા.
૦ માધ્યસ્થ પરિણતિ કે સ્યાદ્વાદ પરિણતિ એકાર્થક છે. તેને જ ન્યાયબુદ્ધિ, સમભાવભાવિત મતિ, આત્મૌપમ્યભાવ વગેરે શબ્દોથી ઓળખાવવામાં આવે છે.

'નમો લોએ મંગલં' એ મહામંત્ર શા માટે?

નમવું એ જ લોકમાં મંગલરૂપ છે.
મંગલ એ પરબ્રહ્મનું સ્વરૂપ છે.
स्वस्ति करोतीति स्वस्तिकम्।
સ્વસ્તિ એ મંગલનું જ બીજું નામ છે.
સ્વસ્તિક એ ૐકારની જ આકૃતિ અને સ્વરૂપ છે.
ૐકાર એ એકાક્ષર બ્રહ્મ છે.
સ્વસ્તિકની ચોકડીમાં ઊભી અને આડી રેખાની મધ્યમાં
જે બિન્દુ છે, તે શિવશક્તિ સામરસ્યનું પ્રતીક છે.
ભગવતી બિન્દુમંડલવાસિની કહેવાય છે અને
ભગવાન બિન્દુસંસ્થ કહેવાય છે.
બિન્દુ સર્વાનંદમય ચક્ર છે, તેને બ્રહ્મરન્ધ્ર પણ કહેવાય છે.
લોકને વિષે મંગલસ્વરૂપ બ્રહ્મને નમસ્કાર થાઓ
કે જે બ્રહ્મ અશુભોનું નિરાકરણ કરે છે અને
શુભની સંતતિને વિસ્તારે છે.
જેને યાદ કરવામાત્રથી કુરૂપોના પાપો નાશ પામે છે,
જેને યાદ કરવામાત્રથી સર્વ મંગલોમાં ઉત્કૃષ્ટ
એવું મંગલ - શુભનો લાભ થાય છે, તેથી
'નમો લોએ મંગલમ્।' એ મહામંત્ર બને છે.

# અનેકાંતવાદની ઉપાસના

જે વ્યક્તિ સવાર - સાંજ બીજાના મિત્ર બનવાનો દાવો કરે છે, તે બીજાના દોષોને ભૂલવાનો અને બીજાના ગુણોને જોવાનો જ બીજા અર્થમાં સ્વીકાર કરે છે અને તેથી અનેકાંતવાદનો સાચો ઉપાસક બને છે.

અનેકાંતવાદ સામાના દૃષ્ટિકોણને

સમજવા ઉપર વધારે ભાર મૂકે છે, જ્યારે એકાંતવાદ 'પોતાનો દૃષ્ટિકોણ જ સત્ય છે' એમ માને છે અને તેને જ બીજા ઉપર ઠસાવવા માટે પ્રયત્ન કરે છે.

અનેકાંતવાદ સમતાનો પોષક - એકાંતવાદ સમતાનો ઘાતક છે.

સાધનામાત્રનું લક્ષ્ય સમતા છે.

સમતાની ઉપાસના તે જ સાચું સામાયિક છે.

સમતાનો ઉપાસક હોય તે જ સાચો શ્રમણ છે.

અનેકાંતવાદની ઉપાસના એ જ સમતાની ઉપાસના છે.

તેમાં પ્રાણ પૂરનાર મિત્રતાની ભાવના છે.

મિત્રતાની ભાવના જેમ બીજાના ગુણ શોધે છે અને દોષને ઢાંકે છે, તેમ અનેકાંતવાદની ઉપાસના પણ બીજાના દૃષ્ટિકોણને ન્યાય આપવા કોશિશ કરે છે અને પોતાના દૃષ્ટિકોણમાં રહેલા દોષને દૂર કરવા મથે છે.

o નાડી - પવન સંયોગના જ્ઞાન વિના
ઘણા ક્લેશે પણ યોગ સાધી શકાતો નથી.
નાડી એટલે સુષુમ્ણા અને પવન એટલે પ્રાણ. પ્રાણ
સુષુમ્ણામાં વહન થવા લાગે, ત્યારે મંત્ર સિદ્ધ થાય છે.
ઈડા - પિંગલામાં પવનની ગતિ હોય,
ત્યાં સુધી ચંચળતા અને જડતા અનુભવાય છે.
જેમ જેમ મંત્રજાપ વધે છે, તેમ તેમ પવનની ગતિ
બદલાય છે અને અંતે સુષુમ્ણામાં ચાલવા લાગે, ત્યારે
મનઃસ્થિરતા અને શુદ્ધિ અનુભવાય છે, અનાહત નાદ
સંભળાય છે. અનાહત ધ્વનિને 'અધ્યાત્મ' શબ્દ પણ
કહેવાય છે અને 'કુંડલિસ્પંદન' પણ કહેવાય છે.
o દ્રુત - કર્મેન્દ્રિયોનો સંબંધ, ગૂત - જ્ઞાનેન્દ્રિયોનો સંબંધ,
પ્લુત - ગતિમાત્રનો સંબંધ, સુત - વૃત્તિનું એકસ્થાને સ્થિત થવું.
તે સશબ્દ હોય ત્યારે અનુક્રમે
વૈખરી, મધ્યમા, પશ્યન્તી અને પરા કહેવાય છે.
વિષયેન્દ્રિયના જ્ઞાનને ભોગ પણ કહેવાય છે.
માયામાં સત્ત્વગુણ પ્રબળ હોવાથી તેમાં રહેલી
આવરણ શક્તિ ઈશ્વર ઉપર અસર કરી શકતી નથી.
અવિદ્યા મલિન સત્ત્વગુણવાળી હોવાથી જીવ ઉપર
આવરણની પ્રબળ અસર થાય છે.

તે જીવ અને ઈશ્વર વચ્ચે રહેલો તફાવત સૂચવે છે.

વ્યવહાર સે દેવ જિન, નિશ્ચે સે હૈ આપ;
એ હિ બચન સે સમજ લે, જિન પ્રવચન કી છાપ ...(૨)

આ દ્વાદશાંગીનું રહસ્ય છે.

એકલો વ્યવહાર કે એકલો નિશ્ચય એ જિનમત નહિ. જિનમત વ્યવહાર - નિશ્ચયની સન્ધિ કરી આપે છે. નિશ્ચયદૃષ્ટિને હૃદયમાં ધારણ કરીને જે વ્યવહારનયનું પાલન કરે છે, તે જિનમતનો આરાધક થાય છે.

रे जिह्वे रससारज्ञे सर्वदा मधुरप्रिये ।
नारायणाख्यपीयूषं पिब जिह्वे निरन्तरम् ॥ (परिशिष्ट-४)

० सत्यं परं धीमहि। પરમસત્યનું ધ્યાન કરીએ છીએ. પરમસત્ય નિર્વિકલ્પ, નિસ્તરંગ, શુદ્ધ, બુદ્ધ, અચિન્ત્ય અને અગાધ છે. 'વીતરાગ' શબ્દ તેનો પર્યાય છે.

વીતરાગ = નિસ્તરંગ, નિર્વિકાર, શુદ્ધ, નિજસ્વરૂપ - નિજાત્મા સ્વરૂપનું ભાન થયા વિના કાર્ય સરે નહિ.

મંત્રી વસ્તુપાળ બહુ કહે છે કે:

હૃદયમાં વીતરાગને ધારણ કર્યા નહિ, તેથી જનમ એળે ગયો.

વ્યવહારથી વીતરાગ = ઘાતીકર્મ ચતુષ્ટયથી મુક્ત પરમાત્મા.
નિશ્ચયથી વીતરાગ = નિર્વિકલ્પ - નિસ્તરંગ નિજ શુદ્ધાત્મા.

ઉપકાર - નિશ્ચય ઉત્કૃષ્ટ શુદ્ધ વીતરાગનું ધ્યાન
તે જ પરમ સત્ત્વનું ધ્યાન છે અને
પરમ સત્ત્વનું ધ્યાન તે જ જીવની મુક્તિનું સાધન છે.
હૃદયમાં વીતરાગને પ્રતિષ્ઠિત કરવા માટે જ મંત્રી વસ્તુપાળે
જિર્ણોદ્ધાર, તીર્થોદ્ધાર, જિનમંદિર, જિનમૂર્તિ તથા
જિનઆગમની પાછળ અઢળક દ્રવ્ય ખર્ચ્યું હતું.
૧૮ કોટિ દ્રવ્ય શત્રુંજયમાં, ૧૨॥ કોટિ દ્રવ્ય ગિરનારમાં
અને ૧૨॥ કોટિ દ્રવ્ય અર્બુદાચલ ઉપર ૧૮ કોટિ દ્રવ્ય
ધોળકા, ધંધુકા અને પાટણના જ્ઞાનભંડારોમાં ખર્ચ્યા હતા.

o 'પઢમં = પૃથુ વિસ્તારે।'

અધ્યાત્મ જગતના પ્રત્યેક પદાર્થની
ઉત્પત્તિ, સ્થિતિ તથા લય આનંદમાં જ છે.
લૌકિક જગતના પ્રત્યેક પદાર્થની
ઉત્પત્તિ, સ્થિતિ અને લય દુ:ખ, દુ:ખ અને દુ:ખમાં જ છે.
આત્માની દિશામાં મન ભૂંડ સમાન છે, તેથી
તેને મન જગતથી નિ:સ્પૃહ એવા સાધુ દયાપાત્ર છે.
જ્ઞાની માનસરોવરનો રાજહંસ છે,
તેથી તેને મન ષટખંડના ધણી ચક્રવર્તી પણ દયાપાત્ર છે.

o

There is no other in final realisation.

## સર્વ ધર્મોનું સ્વરૂપ

વિશ્વ સાથે એકરૂપ થવું અને પ્રકૃતિની મંગળમયતાનો સાક્ષાત્કાર કરવો, એ સર્વ ધર્મોનું સ્વરૂપ રહ્યું છે.

નિશ્ચિત તાદાત્મ્ય વીતરાગતા સર્વ જીવરાશિ સાથે આત્મૈક્યતા સર્જે છે. In the final realisation, there remains no other except one.

આવી પ્રતીતિનું બળ વીતરાગતા સર્જે છે.

By the Courage of conviction,
he becomes one with all.

Realization results after conviction.

### અનુમોદનાના ત્રણ પ્રકાર

(૧) અનિષેધ અનુમોદના - unconscious.
(૨) પ્રશંસા અનુમોદના - conscious.
(3) સહવાસ અનુમોદના - unconscious.

તે પાપ અને પુણ્ય બંનેને સમાન રીતે લાગુ પડે છે.

o Imp
જે ગમતું છે, તેનો આનંદ લ્યો,
જે નહિ ગમતું, તેનો શોક ન કરો.

જે કાંઈ વહેંચણી થઈ છે, તે યોગ્ય જ થઈ છે અને
તે આપણા હિતમાં જ છે, કેમકે
વહેંચણી કરનાર તત્ત્વ મંગળમય છે.

એકાંત અને મૌનમાં જઈ બેસી વિચારશો,
તો જણાશે કે જીવને તમને ખૂબ ખૂબ આપ્યું છે.
આ ભાન થતાં એક તૃપ્ત માનવીનું સર્જન થશે.
This is the age of luxury & comforts.
હોટેલ આજના માનવીનું મોસાળ છે તથા સીનેમા સાસરું છે.
મોટર માવડી બની છે અને ડૉક્ટર ધર્મગુરુ થયો છે.
આ વિલાસી યુગમાં જરૂર છે એક તૃપ્ત માનવની,
જે સદા તૃપ્ત છે તેની આંતરસમૃદ્ધિમાં અને
જીવનના સાચા દૃષ્ટિબિંદુમાં.

o મંગલ - જ્ઞાન - Example - આદર્શ
ઉત્તમ - દર્શન - Teaching - ઉપદેશ
શરણ - ચારિત્ર - Influence - આલંબન.

માર્ગદર્શકતા વડે ભગવાન લોકોત્તમ છે.
માર્ગરૂપતા વડે ભગવાન શરણભૂત છે.
ગુણપ્રકર્ષરૂપતા વડે ભગવાન પરમ આદર્શભૂત છે.
ભગવાન ગુણ પ્રકર્ષવાન છે, અચિન્ત્ય શક્તિમાન છે
તથા સર્વદા, પરાર્થરસિક છે, માટે
મંગલસ્વરૂપ, લોકોત્તમ અને શરણભૂત છે.
પ્રભુની મંગલમયતા, લોકોત્તમતા અને શરણભૂતતા
ભાવવાથી જીવના ભવ્યત્વનો પરિપાક થાય છે.

માર્ગદર્શકતા એ સામાન્યગુણ, માર્ગરૂપતા એ વિશિષ્ટગુણ
અને ગુણપ્રકર્ષરૂપતા એ બંનેનો આધાર છે.
જે ગુણ પ્રકર્ષવાન હોય, તે અચિન્ત્ય શક્તિમાન હોય.
એ જે ગુણ જેનામાં હોય, તે સર્વહિત, પરાર્થરસિક હોય.
સર્વહિત, પરાર્થરસિકતામાંથી એક બાજુ માર્ગદર્શકતા અને
બીજી બાજુ માર્ગરૂપતા ફલિત થાય છે.

જેમ વર્ષોથી ડોળાયેલું પાણી વાસણમાં ભરી તેને
સ્થિર રાખીએ, તો નિર્મળ થાય અને ઉષ્ણતાથી
તદ્દન મુક્ત રાખીએ તો ઘન - બરફરૂપ થાય, તેમ
જ્ઞાન - દર્શન વડે ચેતનાને સ્થિર - નિર્વિકલ્પ રાખતાં
શુદ્ધ નિર્મળ અને કષાયાગ્નિથી મુક્ત રાખતાં ઘન થાય.
આમ ચેતનાવંત ચેતનનું શુદ્ધ તથા ઘન થવું તે ચારિત્ર છે.

૦ મંત્રાર્થ = મંત્રવાચ્ય દેવતાનું સ્વરૂપ.
અર્થભાવન = અભેદ ચિંતન.

અર્થ અનેક પ્રકારના છે: શબ્દાર્થ, ભાવાર્થ, સંપ્રદાયાર્થ
ઉપરાંત નિગૂઢાર્થ એટલે કે મંત્રનો તાત્ત્વિક ગૂઢ અર્થ.
'મંત્ર અને મંત્રદેવતા એક જ છે'
એવી અભેદબુદ્ધિ તે નિગૂઢાર્થ છે.
મંત્રદેવતાના સ્વરૂપ ચિન્તનને 'મંત્રાર્થ' કહે છે.

ૐ

મંત્રના અક્ષરો એ જ મંત્રદેવતાનું સ્વરૂપ છે.
વાચકની સાથે અભેદચિંતન તે મંત્રાર્થ છે.
વાચ્યની સાથે અભેદચિંતન તે મંત્રચૈતન્ય છે.
ગુરુ, મંત્ર, દેવતા, આત્મા, મન અને પવન
એ બધાનું ઐક્યભાવન તે મંત્રસિદ્ધિ છે.

0 ओमित्येतत् अनुसाक्षरं | सर्वं खल्विदं ब्रह्म |
तज्जलान् इति शान्त उपासीत |

સકલ જગત બ્રહ્મરૂપ છે.
બ્રહ્મ એ ઉત્પાદ, વ્યય અને ધ્રૌવ્યસ્વરૂપ છે,
તેથી તેની શાન્તવૃત્તિથી ઉપાસના કરવી.
ૐ એ અનુકૂળતા પ્રદર્શક અવ્યય છે.
'अवति इति ओं |' ૐ રક્ષણકર્તા છે.
ૐ એ ઉચ્ચારણમાં સરલ, અર્થથી રક્ષણકાર,
ઉપાસનાની દૃષ્ટિએ એકાક્ષર અને ફલની દૃષ્ટિએ
સ્થૂલથી સૂક્ષ્મ, સૂક્ષ્મતર અને સૂક્ષ્મતમમાં લઈ જાય છે.
તે અનંત અને બ્રહ્મસ્વરૂપને પમાડે છે,
ચિત્તને વાસના અને વૃત્તિરહિત બનાવે છે,
વિષયપ્રવાહને અટકાવે છે, વિવેકપ્રવાહને વહેવડાવે છે.
બ્રહ્મની ઉપાસના માટે ૐ એકાક્ષરથી ચઢિયાતો મંત્ર નથી.

ઉપાસના અને ધ્યાન.

યોગીપુરુષો નિત્ય બિંદુસહિત ૐકારની ઉપાસના કરે છે.
૦ સચ્ચિદાનંદ રૂપ પરમેશ્વરથી શક્તિનો આવિર્ભાવ,
શક્તિથી નાદનો અને નાદથી બિન્દુનો આવિર્ભાવ છે.
નાદ એ શક્તિનું સૂક્ષ્મરૂપ છે, જેમાંથી મંત્રોત્પત્તિ થાય છે.
નાદના ત્રણ પ્રકાર છે : નાદ, નાદાન્ત અને નિરોધિની.

નાદના આ ત્રણ રૂપ વાચક છે.

વાચ્યને પ્રગટ થવાનું પ્રથમ સ્ફુરણ તે અર્ધબિંદુ છે.

અર્ધબિંદુનો નિવાસ બિન્દુમાં છે.

બિન્દુ અને અર્ધબિંદુનો નિવાસ ઈશ્વર તત્વમાં છે.
શબ્દબ્રહ્મની ત્રણ શક્તિ છે: ઈચ્છા, ક્રિયા અને જ્ઞાન.

તેને બ્રહ્મા, વિષ્ણુ અને મહેશ પણ કહે છે.

ઉત્પત્તિમાં પ્રકાશ અને વિમર્શ મળીને કાર્ય કરે છે.
૦ પ્રભુનું નામ હંસ છે, રૂપ તેજ છે, સ્થાન પરા છે.
દૃઢતા કલ્પવૃક્ષ છે, ક્ષમાપના કામકુંભ છે. હવે ઉપરથી
આત્મા વિષે જ્યારે ધ્યાન અને રસ જાગે છે, ત્યારે
સૌથી પહેલાં આત્મા ઉપર લાગેલ પાપમલ દૂર કરવા
કામકુંભ સમાન ક્ષમાપનાની ક્રિયા કરવાનું મન થાય છે.

°

Desire & will to be Pure.

શુદ્ધ થવાની કામના કરે તે માટે
પ્રક્ષાલન કરવા માટેનું પ્રાયશ્ચિત રૂપી જલ જેમાં છે,
તે ક્ષમાપનાને કામકુંભની ઉપમા સાર્થક છે.
આત્મસ્નાન બાદ આત્મવિલેપન માટે
કૃતજ્ઞતારૂપી કલ્પવૃક્ષની જરૂર પડે છે.
કૃતજ્ઞતા સુકૃતાનુમોદન સ્વરૂપ છે.
ત્રણે કાળ ત્રણે લોકમાં રહેલ સુકૃત તેના અનુમોદન
દ્વારા આત્માને કલ્પવૃક્ષના વિલેપનની ગરજ સારે છે.
કલ્પના કરવામાત્રથી ફળને પુરાં પાડે તે કલ્પવૃક્ષ છે.
સુકૃતાનુમોદનરૂપી કૃતજ્ઞતા પણ Imagination
& Visualisation દ્વારા આત્માની ધર્મભૂખ ભાંગે છે.
સ્નાન અને વિલેપન બાદ વસ્ત્રાભૂષણની જગ્યાએ
તે શરણાગમન રૂપ ચિંતામણિ છે.
ચિંતામણિ જેમ ચિંતવન કરતાંની સાથે
ધનસમૃદ્ધિને પુરી પાડે છે, તેમ
શરણાગમન રૂપ ચિંતામણિ પણ આભરણ તથા શણગાર
દ્વારા આત્માના શરીરને સર્વાંગ વિભૂષિત કરે છે.
આત્મામાં પરમાત્મસ્વરૂપના દર્શન કરાવે છે,
તેથી શરણાગમનને ચિંતામણિની ઉપમા સાર્થક છે.

(૧) વિશુદ્ધ ભાવના સારં = ક્ષમાપના = કામકુંભ.
Forgiveness & love = દુષ્કૃતગર્હા = કામકુંભ.
(૨) તદર્પિત માનસં = કૃતજ્ઞતા = કલ્પવૃક્ષ.
Gratitude & praise = સુકૃતાનુમોદન = કલ્પવૃક્ષ.
(3) યથાશક્તિ ક્રિયા લિંગં = શરણાગમન = ચિંતામણિ.
surrender & oneness = શરણાગમન = ચિંતામણિ.

જેના જીવનમાં દુષ્કૃતની ગર્હા, સુકૃતાનુમોદન અને અરિહંતાદિની આજ્ઞાના પાલનરૂપ શરણાગમન છે, તે જીવ ભવ્ય છે, સમ્યગ્દૃષ્ટિ છે, પરિત્ત સંસારી છે, સુલભબોધિ છે, આરાધક છે અને ચરમ છે, કેમકે તે બધા જીવોનું હિત, સુખ અને પથ્ય ચાહે છે અને સર્વનું અદુઃખકારી સુખને ઇચ્છે છે, તેથી કામકુંભ, કલ્પવૃક્ષ અને ચિંતામણિની ઉપમાને પામે છે.

ધર્મ એ મહામૂલું રત્ન છે.

<u>ધર્મરત્નની પ્રાપ્તિ માટેના ચાર સદ્ગુણો</u>

(૧) ભદ્રક પ્રકૃતિ - દર્શન
(૨) વિશેષ નિપુણમતિ - જ્ઞાન
(3) ન્યાયમાર્ગ રતિ - ચારિત્ર
(૪) દૃઢ નિજવચન સ્થિતિ - તપ.

## તત્ત્વને કોણ યથાર્થપણે ગ્રહણ કરી શકે?

કદાગ્રહી, મૂઢ, સન્દેહી અને અદૃઢ પ્રતીત
ધર્મ પામવા માટે અયોગ્ય છે.
વળી રક્ત, દ્વિષ્ટ, મૂઢ અને પૂર્વવ્યુદ્ગ્રાહિત
ધર્મ સમજવા માટે અપાત્ર છે.
રાગી સ્વદોષને જોઈ શકતો નથી તથા
દ્વેષી પરગુણને જોઈ શકતો નથી,
મૂઢ ગુણ-દોષનું પૃથક્કરણ કરી શકતો નથી અને
વ્યુદ્ગ્રાહિત માનવ પૂર્વની માન્યતા છોડી શકતો નથી.
આમ અરક્તદ્વિષ્ટમૂઢ અને અવ્યુદ્ગ્રાહિત માનવ જ
તત્ત્વને યથાર્થપણે ગ્રહણ કરી શકે છે.

o વિધાન કે નિષેધ વિશેષણને લાગુ થાય.
'મેલા કપડાં કાઢી નાખ'માં કપડા કાઢવાની આજ્ઞા નથી,
કિન્તુ મેલા કપડા કાઢવાની આજ્ઞા છે.
'ન્યાયોપાર્જિત ધન ઉપાર્જન કર' વાક્યમાં ધન ઉપાર્જન
કરવાનું વિધાન નથી પણ ન્યાયમાર્ગનું વિધાન છે.
ચોથા ગુણઠાણે અનુષ્ઠાન નથી પણ ધર્મ છે, તે ક્યો?
તે ધર્મ છે: મૈત્ર્યાદિલક્ષણ રૂપ વિશિષ્ટતાવાળો. કેવળ પ્રવૃત્તિ
એ ધર્મ નહિ પણ પરિણતિયુક્ત પ્રવૃત્તિ તે ધર્મ છે.
પરિણતિ = શુભ પરિણામ.

શુભ પરિણામ મૈત્ર્યાદિ ભાવોને કેળવાય છે.

નવકારનું સ્મરણ પણ યથાર્થ ફળ ક્યારે આપે?

ચાર ભાવનાઓ સાથે હોય તો જ.

વિધિના રાગાદિ અવિધિનો દ્વેષ હોય પણ

મૈત્ર્યાદિ ભાવ ન હોય તો તે અનુષ્ઠાનનો કોઈ જવાબ નથી.

ભાવ ગીતાર્થનું હોય તો ચાલે.

સભાવ-અવિધિનો જવાબ છે, ભાવશૂન્યનો જવાબ નથી.

સામાન્ય સમકીતવાળો આશાવાદીમાં છે. વરબોધિવાળો ફરજ સમજે છે. ભાવના બંનેની બધાને ઉદ્દેશીને છે.

'પરની તારે શી પડી છે?'

એવું કહેનાર તો સમકીતમાં જ નથી.

લૌકિક ભાવના = કોઈ જીવ પાપ ન કરો, દુઃખી ન થાઓ.

લોકોત્તર ભાવના = સર્વ જીવો કર્મરહિત થઈ જાઓ.

સર્વ જીવોને પોતાના આત્મા સમાન ગણનાર મનુષ્ય પાપકર્મ બાંધે નહિ. તે નહિ બાંધવાનું મુખ્ય સાધન જગતના જીવોને પોતાના આત્મા જેવા ગણવા એ જ છે. સર્વ ભૂતોને સમ્યક્ પ્રકારે જાણવા, આશ્રવોને ઢાંકવા તથા મન અને પાંચે ઇંદ્રિયોને સંયમમાં રાખવા તે સર્વ જીવોને આત્મસમ ગણવામાં મદદગાર થાય છે.

ઔદાર્યાદિ લિંગવાળાને ધર્મ પ્રાપ્ત થતાં જ
વિષયતૃષ્ણાદિનો અભાવ તથા મૈત્ર્યાદિનો સદ્ભાવ થાય છે.
તે પછી પ્રણિધાનાદિ વડે ઉચ્ચ ધર્મસ્થાનોની પ્રાપ્તિ
થાય છે અને તેના શુભ પરિણામે મોક્ષ મળે છે.
સમ્યક્ત્વનાં પાંચ લિંગ છે, પાંચ દૂષણ છે અને પાંચ
ભૂષણ છે તે બધા મૈત્ર્યાદિ ચાર ભાવનાવાળામાં ઘટે છે.

તીર્થંકરો સમ્યગ્દર્શનાદિ ધર્મભાવના પ્રકાશે છે.
બીજા જીવો તે ભાવના ઉતારે છે.
એક તરે છે અને તારે છે અને બીજા માત્ર તરે છે.
તરનારા પણ 'સાથે બેસનારા તરે'
એવા ભાવનાવાળા હોય, તો જ તરે છે.

તીર્થંકર નામકર્મ અને આહારકદ્વિક - એ ત્રણ પ્રકૃતિ
સમ્યગ્દર્શન અને સર્વવિરતિવાળાને જ બંધાય છે.
બીજી કર્મપ્રકૃતિ મિથ્યાદૃષ્ટિ - અસંયમીને પણ બંધાય.

વીતરાગનો ઉપકાર ન માની શકનાર
ગુણજ્ઞ પણ નહિ અને કૃતજ્ઞ પણ નહિ.

દુઃખી પ્રાણીઓના દુઃખનો નાશ કરવાની મતિ
કાર્યપરાર્થિક આદિ ગુણરૂપ છે,
પણ મોહનીયાદિના ઉદયરૂપ નહિ.

'સર્વનું હિત થાઓ' એવી મતિ પણ ક્ષયોપશમરૂપ છે.
ક્ષાયિકભાવમાં સાક્ષાત્ ભાવ હોવાથી
ભાવના સાધનરૂપ વિચાર નથી, તેથી કરુણામાં બાધ નથી.

રત્નત્રયધારીની ભક્તિ સાથે સંસારજુગુપ્સાને
ભાવધર્મ કહેવાનું કારણ જુગુપ્સનીય સંસાર
રત્નત્રયધારીની ભક્તિ વડે જ તરી શકાય છે, તે છે.
તેઓની ભક્તિ આપણા ભાવની સ્થિરતા માટે છે.

વૈરાગ્યની જડ, ગુરુપૂજનનું મૂળ અને
સાધકના શાસનનું કારણ દયા છે.
દયામાંથી જ વૈરાગ્યનો ઝરો, ગુરુપૂજનનો પ્રવાહ અને
શાસનસુગંધ પ્રસરે છે. સમ્યગ્દર્શન ધારણ કરવાવાળા જીવો
જગતના સર્વ જીવો તરફ ભાવથી અનુકંપાવાળા હોઈ
'આખું જગત રાગ-દ્વેષનો ક્ષય કરી મોક્ષને મેળવો'
એવી ઇચ્છાવાળા હોય છે.

તીર્થંકરદેવની અનુકંપા પરોપકારપ્રધાન દૃષ્ટિવાળી હોય છે.
'હું આ બધાને ભાવ પ્રકાશ આપવા દ્વારા અજ્ઞાન અને
મોહના અંધકારમાંથી ઉદ્ધાર કરનારો થાઉં'
આવા પરોપકાર દૃષ્ટિના ધ્યેયથી કરાતી સાધનાને
કારણે જ તીર્થંકર ગોત્ર ઉપાર્જન કરે છે.

અરિહંત, સિદ્ધ આદિ સ્થાનકોની આરાધના પરોપકાર પ્રધાનતાની દૃષ્ટિએ હોય છે. તેઓની વૃત્તિ અને પ્રવૃત્તિ - ઉભયમાં પરોપકારપ્રધાન હોય છે. જગતના જીવોનું ઇષ્ટ ચિંતવતાં અને ઇષ્ટ કરતાં તેઓ આગળ વધે છે, જીવમાત્રની મૈત્રીભાવના હોય છે. તેઓ માટે ૧૪ રાજલોકમાં હોય તે સમ્યગ્દૃષ્ટિ, દીનદૃષ્ટિ કે મિથ્યાદૃષ્ટિ, તમામ જીવ મૈત્રીભાવનાનો વિષય છે. જેનામાં મૈત્રીભાવના હોય, તે જ જીવહિતની ચિંતા

સમજ્યો ગણાય, જેનામાં તે ચિંતા ન હોય, તે પોતાના હિતની ચિંતા પણ સમજ્યો ન ગણાય.

મૈત્ર્યાદિ ચાર પરિણામ રહીને આગળ ચાલે, તો જ ધર્મ થાય. અનુષ્ઠાન માત્રની સાથે આ ચાર પરિણામ જોડાયેલાં હોય, તો જ તે શુદ્ધ ધર્મ સ્વરૂપ બને. સૂર્ય જેમ કોઈપણ પ્રકારના ફળની ઇચ્છા સિવાય માત્ર પ્રકાશ કરવાના સ્વભાવથી જ જગતમાં પ્રકાશ કરે છે, તેમ તીર્થંકર ભગવંતો પોતાને ધર્મની પ્રાપ્તિ, વૃદ્ધિ કે પરાકાષ્ઠાની અપેક્ષા રાખ્યા સિવાય તીર્થંકર નામકર્મના ઉદયથી જ સ્વાભાવિકપણે શાસન પ્રવર્તાવવાની ક્રિયા - ધર્મદેશનામાં પ્રવર્તે છે. ગણધર દ્વારા ગૂંથેલા

જિનશાસનનો ફેલાવો ભગવાનપણે ધર્મોપદેશ દેવા વડે જ થાય છે. સમ્યગ્દર્શન થાય ત્યારથી જીવની એ સ્થિતિ હોય કે મને ન મળેલું હોય પણ બધાને મળો. મિથ્યાદર્શનશલ્ય ગયું ત્યારથી એક જ ભાવના હોય કે કોઈ જીવ પાપ ન કરો, દુઃખ ન પામો, કર્મમાત્રથી મુક્ત બનો. તીર્થંકરો જન્મથી વિરક્ત છે, છતાં દીક્ષા લે છે, તે પરોપકાર માટે છે, નહિ કે ગૃહસ્થપણામાં રહી કેવળ-જ્ઞાન પામવાની તેમનામાં શક્તિ નહોતી માટે દીક્ષા લે છે. કેવળજ્ઞાન પ્રાપ્ત કરવાની પાછળ પણ તેમનું ધ્યેય જગતના લોકોને સાચા તત્ત્વો સમજાવવાનું હોય છે. અનેક જન્મોથી આત્માની પરોપકાર વૃત્તિ અને પરોપકાર પ્રવૃત્તિ હોય તેઓ જ તીર્થંકર થઈ શકે.

'ધર્મનું તેજ હોવા છતાં દુનિયાના જીવો
અધર્મના ઘોર અંધકારમાં કેમ ભટકી રહ્યા છે?'

આવી વિચારણા તીર્થંકરોને વરબોધિ વખતે હોય છે.

'પરાર્થોદ્યત એવ હિ ।'

પરોપકારીપણું એ સ્ફીત - ઉદાર આશયવાળું છે. બધાનું હિત તે પોતાનું જ હિત છે. આખા જગતનું હિત વિચાર્યું, તેમાં પોતાના આત્માનું હિત આવી જ ગયું.

## ધર્મના આઠ પાયા કે પગથિયાં

'જગતનું હિત કેમ થાય ?' એવો વિચાર આવ્યો,
એટલે ધર્મનો પ્રથમ પાયો કે પ્રથમ પગથિયું શરૂ થયું.
'જગતના દુઃખ દૂર થાઓ' એ વિચાર બીજો પાયો છે.
જગતના સુખમાં ઈર્ષા નહિ પણ સંતોષ તે ત્રીજું પગથિયું
તથા રોજ પ્રયત્ન કરવા છતાં પ્રયત્નનું ફળ ન મળે,
ત્યારે માધ્યસ્થ્ય રહેવું, તે ચોથું પગથિયું છે.
પ્રયત્નની સફળતા કે નિષ્ફળતા બંનેમાં સમપરિણામ રહે
ત્યારે સમજવું કે તે કાર્ય પરોપકાર માટે થયું છે.
હિત કરવા જતાં સફળતા ન મળે, ત્યારે માધ્યસ્થ્ય
રહેવું એ સૌથી કઠિન છે. જગતની હિતબુદ્ધિ, દુઃખનાશની
બુદ્ધિ તથા સુખમાં સંતોષની બુદ્ધિ રહેવા હજુ સહેલી છે
પણ હિત કરવા જતાં સફળતા ન મળે,
ત્યારે શાંત રહેવું અઘરૂં છે.
આ આઠ વૃત્તિવાળું અનુષ્ઠાન - પછી તે દાન હો,
દેવપૂજન હો, ગુરૂભક્તિ હો... વગેરે ધર્મરૂપ થાય.
એ વિના ધર્મ કરે, તો પણ ધર્મ ન થાય.
જગતના હિતની ચિંતા સમજતો હોય,
તે જ આત્મા પ્રમોદભાવનામાં રહી શકે.
પ્રમોદભાવનામાં સ્વગુણાધિક કે

અર્હં

સ્વગુણપ્રાપ્તિ ન હોય એમ નહિ પણ ગુણપ્રાપ્તિ જોઈએ.
તે કારણે આચાર્યપદને પામેલા પણ
સરસ્વતી આ સમ્યગ્દૃષ્ટિ દેવ-દેવીઓની સ્તુતિ કરે છે.
ગણધરો પણ પાંચે પરમેષ્ઠિઓને નમે છે, તે
ગુણપ્રાપ્તિને ઉદ્દેશીને પ્રમોદ છે. સ્વગુણપ્રાપ્તિ લેવા જાઓ
તો પંચ પરમેષ્ઠિને નમસ્કારની અવસ્થા ઉભી થાય.
શાસ્ત્રની સ્થાપના મોહમલ્લને હણવા માટે છે.
જ્યાં લશ્કરીઓ મોહમલ્લની સામે ઝૂઝી રહ્યા છે, તેમાં
કોઈ ભવ્ય જીવ તેને હણનારો થાય, ત્યારે દરેક
ભવ્યને આનંદ આવે, તેનું નામ પ્રમોદભાવના છે.
'બીજાના દુઃખે પોતે સુખી' અને 'બીજાના સુખે
પોતે દુઃખી' તે ઈર્ષ્યાભાવનો અવળા પ્રકારે ફોટો છે.
ઈર્ષ્યાને દેશવટો દેવો તે પ્રમોદભાવનું કાર્ય છે.
બીજાના દુઃખમાં દુઃખી થવું એ જેટલું જરૂરી છે,
તેટલું બીજાના સુખમાં સંતોષી થવું, તે પણ જરૂરી છે.
બીજાના હિતની ચિંતા ત્રણ પ્રકારની છે:
(૧) કોઈપણ જીવ પાપ ન કરો. (૨) પાપ કર્યું હોય તો
તેને શુભ પરિણામથી તોડી દુઃખી ન થાઓ. (૩) સૌ પાપ-
દુઃખથી મુક્ત થઈ ચિદાનંદસ્વરૂપ મુક્તિસુખને પ્રાપ્ત કરો.

પ્રમોદ વગેરે ચાર ભાવોની ઉત્પત્તિમાં
મૈત્રીનો અભાવ તે પ્રતિબંધક છે.

મૈત્રી ન હોય તો પ્રમોદાદિ 3 ભાવો ઉત્પન્ન ન થાય અને મૈત્રી હોય તો તેની ઉત્પત્તિમાં સુલભતા થાય.

વળી મૈત્રીભાવના પાપપ્રતિઘાતરૂપ છે અને પ્રમોદાદિ ચાર ભાવના ગુણબીજના વપનરૂપ છે. પાપનો પ્રતિઘાત કર્યા વિના ગુણબીજોની વાવણી થઈ શકતી નથી. પાપનાશ થયા પછી ગુણો આત્માના સ્વરૂપભૂત હોવાથી વિના પ્રયત્ને સ્વયમેવ પ્રગટ થાય છે.

તેથી જ સૌથી પ્રથમ ઉપદેશ મૈત્રીનો છે.

'મને સર્વ જીવો સાથે મૈત્રી હો'

એમ વારંવાર ઉદ્ઘોષણા કરવામાં આવે છે.

ક્ષમાપનાથી મૈત્રીભાવ દૃઢ થાય છે, કેમકે
ક્ષમાપના એ વૈરભાવનો નાશ કરે છે.

જગતમાં વિપત્તિઓ અને કષ્ટો હોવાથી તેને દૂર કરનાર ઉપકાર કરનારો ગણાય છે અને તે સત્પુરુષ યા સજ્જન વર્ગની ગણનામાં આવે છે. તીર્થંકરો સર્વ કષ્ટોને નિવારનાર તીર્થની સ્થાપના કરનાર હોવાથી પુરુષોત્તમ પદને તથા ચાર જગતને પૂજ્ય એવા પદને પામે છે.

ધર્મનો અભ્યંતર હેતુ પરિગ્રન્થીને ભેદનાર અપૂર્વકરણ અને અનિવૃત્તિકરણ રૂપ શુભ આત્મપરિણામ છે.
ધર્મનો બાહ્ય હેતુ સાધુઓની સેવા, ભાવપૂર્વકની પૂજા અને પાપારંભના આગ્રહનો ત્યાગ છે.
ધર્મનું અભ્યંતરસ્વરૂપ મોક્ષ માટે થતા સંવર-નિર્જરા તથા બાહ્યસ્વરૂપ સમિતિ-ગુપ્તિ અને અનશનાદિ સંયમ અને તપ છે તથા તત્ત્વથી આશ્રય કરવા યોગ્ય મૈત્ર્યાદિ ભાવોથી યુક્ત સદનુષ્ઠાનો છે. કદાચિત્ અનુષ્ઠાન ન પણ હોય છતાં મૈત્ર્યાદિ ભાવના ટકી રહે તો પણ ધર્મ રહે છે. ધર્મનાં આંતરિકભેદો ૪ થી ૨૪ ગુણઠાણાં છે.
પરિણતિની અપેક્ષાએ ધર્મના ભેદો રત્નત્રયી છે. એ ત્રણેનું મુક્તિમાં પણ અવસ્થાન છે.
પ્રવૃત્તિની અપેક્ષાએ ત્યાગી - ગૃહસ્થ ઉભયને માટે સાધારણ દાન, શીલ, તપ અને ભાવ રૂપી ભેદો છે.
સાધુની અપેક્ષાએ અહિંસા - સંયમ - તપ તથા ગૃહસ્થની અપેક્ષાએ દેવપૂજા, ગુરુભક્તિ, સ્વાધ્યાય, સંયમ, તપ અને દાન - એ ષટ્કર્મ પ્રવૃત્તિ રૂપી ધર્મના ભેદ છે.
ધર્મનું લૌકિક ફળ દુર્ગતિરોધ અને સદ્ગતિ લાભ છે.
લોકોત્તર ફળ વિઘ્નનાશ, હિતપ્રાપ્તિ, વૃદ્ધિ, સ્થિરતામાં હેતુભૂત મંગળનો લાભ અને અંતે પરંપરાએ મોક્ષ છે.

## મોક્ષ - વિનય - શુદ્ધિનું કારણ : નમો

નમો મંત્ર એ મોક્ષ, વિનય અને પુષ્ટિ - શુદ્ધિનું કારણ છે.
તેમાં મુક્તિ, મુક્તિમાર્ગ અને મુક્તિસાધક મુનિવરોને
નમન થતું હોવાથી નમો મુક્તિનું અવંધ્ય કારણ છે.
મતિ, શ્રુતિ, અવધિ, મનઃપર્યવ અને કેવળજ્ઞાનને ધરનારા
જ્ઞાનવર મહર્ષિઓને પ્રણામરૂપ હોવાથી વિનયનું કારણ છે.
તપ - સંયમસાધક યોગોને સાધનાર તપસ્વી અને
સંયમી મહામુનિઓને નમસ્કાર રૂપ હોવાથી નમો એ
શાંતિ, તુષ્ટિ, પુષ્ટિ અને શુદ્ધિનું કારણ છે.

શાંતિ = કષાયોનો ઉપશમ, તુષ્ટિ = વિષયોનો વૈરાગ્ય,
પુષ્ટિ = પુણ્યનો ઉપચય, શુદ્ધિ = ઘાતિકર્મોના ક્ષય તથા
ક્ષયોપશમથી થતી આત્માની નિર્મળતા છે.

પરમર્ષિઓને નમસ્કાર વિષય-કષાયોને શમાવે છે,
સંતોષગુણને વિકસાવે છે, ધર્મધ્યાનની પુષ્ટિ કરે છે
તથા મન, વચન અને કર્મની શુદ્ધિ કરે છે.

અરિહંતનો નમસ્કાર મોક્ષમાર્ગ બતાવનારને નમસ્કાર છે.
સિદ્ધોનો નમસ્કાર સાક્ષાત મોક્ષપદને વરેલાને નમસ્કાર છે.
આચાર્ય - ઉપાધ્યાય - સાધુનો નમસ્કાર
મોક્ષમાર્ગ અને તેને સાધનારને નમસ્કાર છે.

પાંચેને નમસ્કાર એ પાપનું શોધન કરે છે અને
પુણ્યાનુબંધી પુણ્ય-સમ્યગ્દર્શન ગુણનું પોષણ કરે છે.
નમો એ મુક્તિ-મુક્તિમાર્ગ અને મુક્તિમાર્ગ સાધકને
નમસ્કાર રૂપ હોવાથી રાગાદિ શમે છે,
જ્ઞાનાદિ વધે છે અને ક્ષમાદિ પુષ્ટ થાય છે.
સંભેદપ્રણિધાન તે મંત્રાર્થની પ્રાપ્તિ અને
અભેદપ્રણિધાન તે મંત્રચૈતન્યની જાગૃતિ છે.
શબ્દ સાથે અભેદ તે મંત્રાર્થ સંભેદ અને
મંત્રના અભિધેય સાથે અભેદ તે અભેદ પ્રણિધાન છે.

0 અરિહંતો ઉપકારમાં 'વ્યાપારવત્કારણં' છે.
સિદ્ધો સ્વરૂપસત્કારણ છે.
વિશેષ ઉપકાર વ્યાપારવત્કારણથી થાય અને
સામાન્ય ઉપકાર સ્વરૂપસત્કારણથી થાય.
સ્વરૂપસત્માં સ્વરૂપ એ જ વ્યાપાર છે અને
વ્યાપારવત્માં ક્રિયા એ વ્યાપાર છે.
અગ્નિ શીતાપહારમાં સ્વરૂપસત્કારણ છે અને
ઇંધણમાં વ્યાપારવત્કારણ છે.

0 ગુણવાન પુરુષ ગુણ કરે જ.
ગુણ કરવાના સ્વભાવના કારણે જ 'ગુણવાન' કહેવાય.

'જાણના ગુણ જાણને ગુણ ન કરે'
એમ કહેવામાં ગુણનું પોતાનું ગુણત્વ જ જળવાતું નથી.
ગુણ પોતાનો હો યા જાણનો - તે બંનેને ગુણ કરે છે.
દોષ પોતાનો હો યા જાણનો - તે બંનેને દોષ કરે છે.
એક નિમિત્તરૂપે, બીજાને ઉપાદાન રૂપે.
નિમિત્ત અને ઉપાદાન બંને સાથે જ ચાલે છે.

૦ देहो देवालयः प्रोक्तः = મંદિર.
जीवो देवः सनातनः । = મૂર્તિ.
त्यजेदज्ञान - निर्माल्यं = પ્રતિષ્ઠા.
सोऽहं भावेन पूजयेत् ॥ = પૂજા.

આધ્યાત્મિક અર્થ

જિનભવન નિર્માણ = દેહ રૂપી દેવાલય.
જિનબિંબ વિધાપન = જીવ રૂપી દેવ.
પ્રતિષ્ઠા = પરમાત્મ સમાપત્તિ રૂપ પ્રતિષ્ઠા.
પૂજા = તન - મન - ધન - વચન - પ્રાણાદિના સમર્પણ.

સિદ્ધ નમસ્કાર

નિર્વિકલ્પ સમાધિ અભેદરત્નત્રયાત્મક છે,
જે શુદ્ધાત્મ સમ્યક્ શ્રદ્ધાન જ્ઞાનાનુષ્ઠાનરૂપ છે.
શુદ્ધાત્મા વીતરાગ પરમ સામાયિકથી
અવિનાભૂત નિર્દોષ પરમાત્મસ્વરૂપ છે.

નિર્વિકલ્પ ચિન્માત્ર સમાધિ = સંકલ્પ તથા વિકલ્પરહિત
ચૈતન્યમાત્રનું સમ્યક્ શ્રદ્ધાન.

જ્ઞાન અને આચરણરૂપ અભેદ રત્નત્રય છે. અભેદ
રત્નત્રય અને નિર્વિકલ્પ ચિન્માત્ર સમાધિ - પર્યાયરૂપ છે.

ચિન્માત્ર સમાધિ = ચૈતન્યમાત્ર સ્વરૂપમાં
સમ્યક્ શ્રદ્ધાન અને જ્ઞાનપૂર્વક સ્થિર થવું તે.

ઉપરોક્ત સમ્યક્ શ્રદ્ધાનને તથા જ્ઞાન સમ્યગ્જ્ઞાનને
વિકસાવે છે અને સમાધિ સમ્યક્ ચારિત્રસ્વરૂપ છે.

મોક્ષ એટલે...

જ્ઞાનાદિ અનંત ગુણરૂપ આત્મસ્વરૂપનો લાભ.

મોક્ષમાર્ગ એટલે શુદ્ધાત્માનું સમ્યક્ શ્રદ્ધાન.

જ્ઞાન - આચરણરૂપ અભેદ રત્નત્રય.

અનંત ચતુષ્ટયનો સાક્ષાત્ લાભ તે મોક્ષ તથા
અભેદ રત્નત્રયનું આચરણ તે મોક્ષમાર્ગ.

અનંત ચતુષ્ટયાત્મક નિરાવરણ આત્મસ્વરૂપનો સાક્ષાત્
લાભ થવો તે મોક્ષ છે અને સ્વરૂપલાભરૂપ મોક્ષ માટે
અભેદ રત્નત્રયનું આરાધન તથા
નિર્વિકલ્પ ચિન્માત્ર સમાધિ તે મોક્ષમાર્ગ છે.

વ્યવહાર મોક્ષમાર્ગ એ વ્યવહાર રત્નત્રયમય છે.

સર્વ જીવોને આત્મતુલ્ય સદ્દહવા, જાણવા, જોવા અને
તે મુજબ જ વર્તન કરવું, તે પણ વ્યવહાર રત્નત્રય છે.

## ઉપયોગ અને ઉપગ્રહ

વ્યવહાર રત્નત્રય ઉપગ્રહના સિદ્ધાંતને આધારે છે.
નિશ્ચય રત્નત્રય ઉપયોગ લક્ષણને અનુલક્ષીને છે.
ઉપગ્રહ અને ઉપયોગ બંને જીવનું સ્વરૂપ છે.
જીવમાં ઉપયોગની જેમ ઉપગ્રહ પણ લક્ષણ છે.
પ્રત્યેક વસ્તુની બે બાજુ = એક આંતર, બીજી બાહ્ય.
આંતરને ઉપાદાન તથા બાહ્યને નિમિત્ત કહી શકાય છે.
પોતા માટે આંતર છે, તે બીજા માટે બાહ્ય છે.
જીવ પોતે ચિદાનંદ સ્વરૂપ છે અને
બીજા જીવોને ચિદાનંદસ્વરૂપની પ્રાપ્તિમાં નિમિત્ત છે.
જીવ-જીવ વચ્ચે સજાતીયતાનો સંબંધ હોવાથી પરસ્પર
ઉપગ્રહકારક છે. એકબીજાના હિતાહિતની પ્રાપ્તિમાં નિમિત્ત
બનવાની શક્તિ ધરાવે છે. તે શક્તિની અભિવ્યક્તિ
સામાન્ય અને વિશેષ - એમ ઉભયથી થાય છે.
સામાન્યથી જીવ બીજા જીવની સાથે સજાતીય સંબંધથી
જોડાયેલો છે અને તે કારણે વિશેષથી નિગ્રહાનુગ્રહમાં
નિમિત્ત બને છે. સામાન્યથી સતતપણે જીવોની પોતાની

ચેતનાના પુદ્ગલ ભાવના કારણે નિગ્રહાનુગ્રહ થઈ રહ્યો છે. વિશેષથી વિકૃતિ સંબંધ અનુસાર નિગ્રહાનુગ્રહ થાય છે.

o 'દ્વૈતાદ્વૈ ભયં ભવતિ ।'

જ્યાં દ્વૈત ત્યાં ભય, જ્યાં અદ્વૈત ત્યાં અભય.
જ્યાં દ્વૈત ત્યાં દ્વેષ, જ્યાં અદ્વૈત ત્યાં અદ્વેષ.
જ્યાં દ્વૈત ત્યાં ભેદ, જ્યાં અદ્વૈત ત્યાં અભેદ.

o નિશ્ચય પ્રતિક્રમણ = અતીત રાગાદિ દોષોનું નિરાકરણ.
નિશ્ચય પ્રત્યાખ્યાન = ભાવિ ભોગાકાંક્ષારૂપ રાગાદિનું ત્યજન.
નિશ્ચય આલોચન = વર્તમાન ઉદયાગત શુભાશુભ નિમિત્તોમાં હર્ષ વિષાદ પરિણામોનું શુદ્ધાત્મ-દ્રવ્યથી પૃથક્કરણ તે.
વર્તમાન દોષોનું આલોચન, ભાવિ દોષોનું પ્રત્યાખ્યાન અને અનાગત દોષોનું પ્રતિક્રમણ શુદ્ધ નિર્વિકલ્પ પરમાત્મ તત્ત્વની ભાવનાના બળથી આપોઆપ થઈ જાય છે.

અહિંસા, ઉત્તમ ક્ષમાદિ, રત્નત્રય, વસ્તુ સ્વભાવ, સાગાર અનગાર, રાગ-દ્વેષ-મોહ-ક્ષોભરહિત પરિણામ, તથા વિશુદ્ધ ભાવ - આ સર્વે ધર્મના લક્ષણો છે.

સમસ્ત શુભાશુભ સંકલ્પ-વિકલ્પરહિત નિશ્ચય રત્નત્રયાત્મક શુદ્ધાત્મ પરિણામ રૂપ ધર્મ એ જ મોક્ષમાર્ગ છે. તેને નિજ શુદ્ધાત્માનુભૂતિ પરિણામ કહે છે.

ॐ

## વીતરાગ વિજ્ઞાન

વીતરાગ શબ્દથી સમ્યક્ચારિત્ર અને
વિજ્ઞાન શબ્દથી સમ્યગ્દર્શન - જ્ઞાન.
રત્નત્રયી એટલે વીતરાગ વિજ્ઞાન, વીતરાગ સ્વસંવેદન.
રાગના અભાવમાં આત્માનો અભાવ નથી.
જ્ઞાનના અભાવમાં આત્માનો અભાવ છે.
માટે રાગ અને જ્ઞાન ભિન્ન છે.
જ્ઞાન આત્મસ્વભાવ છે,
રાગ આત્મસ્વભાવ નથી પણ વિભાવ છે.
वीतराग - निर्विकल्प - स्वसंवेदन - रूपेण
सम्यग्ज्ञानेन मोक्षो भवति।
વીતરાગ શબ્દથી ચારિત્ર અને સમ્યગ્ શબ્દથી સમ્યક્ત્વ
ઉપલક્ષિત જ્ઞાન એ મોક્ષનો માર્ગ છે.
શુદ્ધ પરિણમન એટલે શુદ્ધ સ્વરૂપનો અનુભવ.
મોક્ષ તે પૂર્ણ શુદ્ધ પરિણમન છે.
ઉગ્ર જ્ઞાનચેતના, તીક્ષ્ણ પ્રજ્ઞા છીણી, તીખી જ્ઞાનચેતના.
આવું શુદ્ધ પરિણમન જ્ઞાન ચેતનારૂપ છે
અને અનંત ચતુષ્ટયમય છે.
રાગ પરિણમન અને જ્ઞાન પરિણમન સર્વથા ભિન્ન છે.
જ્ઞાનચેતનાની નિર્વિકલ્પ અનુભૂતિ અને વીતરાગ

પરિણતિરૂપે પરિણમેલું સ્વસંવેદન જ્ઞાન તે મોક્ષમાર્ગ છે.
તે અંતરાત્મભાવ છે, આત્મતત્ત્વનો આંતરિક અનુભવ છે.

## ધ્યાનના ચાર પ્રકાર

આર્તધ્યાન, રૌદ્રધ્યાન, ધર્મધ્યાન, શુક્લધ્યાન.

આર્તધ્યાનના પહેલાં ૩ પાયા છઠ્ઠા ગુણસ્થાન સુધી માન્યા છે.
પાંચમા ગુણસ્થાન સુધી આર્તધ્યાનના ચારે પાયા હોય છે.
રૌદ્રધ્યાન પાંચમા ગુણસ્થાન સુધી હોય છે.
ધર્મધ્યાન ચોથાથી સાતમા ગુણસ્થાન સુધી હોય છે.
શુક્લધ્યાનનો પહેલો પાયો ૮-૯-૧૦-૧૧ ગુણસ્થાન સુધી,
બીજો પાયો બારમા ગુણસ્થાને શ્રુતકેવળીને હોય છે,
ત્રીજો પાયો તેરમે ગુણસ્થાને, ચોથો ચૌદમે ગુણસ્થાને હોય છે.
શુક્લધ્યાનનો પહેલો પાયો પૃથક્ત્વ વિતર્ક - સવિચાર છે.

<u>પૃથક્ત્વ</u> = દ્રવ્ય - ગુણ - પર્યાયનું જુદાપણું.

<u>વિતર્ક</u> = શ્રુત અથવા તો શુદ્ધ આત્માના અનુભવરૂપ ભાવશ્રુત કે નિજ શુદ્ધ આત્માને કહેવાવાળું જે અંતરંગ વચન - સૂક્ષ્મ શબ્દ કલ્પના અથવા અનાહત ધ્વનિ.

<u>વિચાર</u> = ઇચ્છા વિના જ એક અર્થથી બીજા અર્થમાં, એક શબ્દથી બીજા શબ્દમાં કે ત્રણ યોગોમાં એક યોગથી બીજા યોગમાં જવું, પરિણમન થવું, પરિવર્તન પામવું તે.

## વિતર્ક વિચાર એટલે શું ?

શુક્લધ્યાન ધરવાવાળો પુરુષ નિજ શુદ્ધ આત્માના
રાગને છોડી બાહ્યપદાર્થ કે અન્ય પદાર્થનું ચિંતવન
કરતો નથી, તો પણ જેટલા અંશમાં હજુ સ્થિરતા
ઉત્પન્ન થઈ નથી, તેટલા અંશમાં વગર ઈચ્છાએ પણ
જે વિકલ્પ ઉત્પન્ન થાય, તેને જ વિતર્ક વિચાર કહે છે.
તર્ક કરવો અથવા વિચાર કરવો તે વિતર્ક છે
અને પરિવર્તન થવું તે વિચાર છે.

## પંચ પરમેષ્ઠિનું ધ્યાન

णट्ठ चदुघाइकम्मो दंसणसुहणाणवीरियमईओ ।
सुहदेहत्थो अप्पा सुद्धो अरिहो विचिंतिज्जो ॥१॥
णट्ठट्ठकम्मदेहो लोयालोयस्स जाणओ दट्ठा ।
पुरिसायारो अप्पा सिद्धो झाएह लोयसिहरत्थो ॥२॥
दंसणणाणपहाणे वीरियचारित्ततवायारे ।
अप्पं परं च जुज्जइ सो आयरिओ मुणीज्झेओ ॥३॥
जो रयणत्तयजुत्तो णिच्चं धम्मोवदेसणे णिरदो ।
सो उवज्झाओ अप्पा जदिवरवसहो णमो तस्स ॥४॥
दंसणणाणसमग्गं मग्गं मोक्खस्स जो हु चारित्तं ।
साधयदि णिच्चसुद्धं साहू स मुणी णमो तस्स ॥५॥

-द्रव्य संग्रहे-५०-५१-५३-५४ (પરિશિષ્ટ-૫)

## સાચો માનવ કોણ?

અજ્ઞાનની નિદ્રામાં પડેલાને જે ઢંઢોળીને જગાડે, જાગેલાને બેઠા કરે, બેઠેલાને ઉભો કરે, ઉભેલાને ચાલતો કરે અને જે ચાલતાને દોડતો કરે તથા દોડતાને જે પડવા ન દે, તે જ સાચો માનવી કહેવાય છે.

જીવતી શ્રદ્ધા મનુષ્યને જરૂરી લાભ અને બળ અવશ્ય આપે છે. શ્રદ્ધાની સાથે સાથે આશા અને પ્રેમ ભળે છે, ત્યારે કાર્યસિદ્ધિ શીઘ્ર બને છે.

'નમો અરિહંતાણં ।'

વ્યવહારનયની ભક્તિ બિલાડીના બચ્ચા જેવી છે, નિશ્ચયનયની ભક્તિ વાંદરીના બચ્ચા જેવી છે. વ્યવહારનય પરનું કર્તૃત્વ સ્વીકારે છે, નિશ્ચયનય સ્વકર્તૃત્વ માને છે. 'પરસ્પરોપગ્રહોજીવાનાં ।' એ વ્યવહારનયનું સૂત્ર છે. 'ઉપયોગો લક્ષણમ્ ।' એ નિશ્ચયનયનું સૂત્ર છે. નિશ્ચય ઉપયોગને માને છે, જ્યારે વ્યવહાર ઉપગ્રહને સ્વીકારે છે.

o

Pessimism leads to weakness.
Optimism leads to power.

भ्रुवोर्मध्ये प्राणमावेश्य सम्यक्
स तं परं पुरुषमुपैति दिव्यम् ॥
- अ. ८, श्लोक १०, उत्तरार्ध

અકૃતિ: જે ભવાંની વચ્ચે પ્રાણને સારી રીતે
સ્થાપન કરીને તે દિવ્ય પુરુષને પામે છે.

તંત્રવિદ્યા માણસના મૂલાધાર ચક્રમાં રહેલી
કુંડલિની શક્તિને જાગ્રત કરવામાં માને છે.

મંત્રની પાછળનું રહસ્ય સમજ્યા વગરનો મંત્ર મિથ્યા છે.

મંત્ર એ શબ્દબ્રહ્મ છે/ તેનો અર્થ સમજીને બોલતાં
એક પ્રચંડ શક્તિ પેદા કરી શકે છે.

વિચારશક્તિના બળ વડે મનુષ્ય ઘણું કરી શકે એમ છે, પરંતુ એને ખીલવતાં તથા બળવાન કરતાં વિચારશક્તિના મૂળ અર્થાત્ પરમ ચૈતન્યનો આશ્રય લેવો જોઈએ. શબ્દ અને અર્થ બંને અવિભાજ્ય છે. શબ્દ સ્થૂલ-વાણીનું સ્પંદન છે, અર્થ વિચારનું સ્પંદન પેદા કરે છે. મંત્રમાં શબ્દ અને અર્થ બંને સમાયાં છે, તેથી તેમાંથી વાણી અને વિચાર અથવા બંને સ્પંદનો પેદા થાય છે. મંત્રમાં વિચાર અને અર્થ મુખ્ય છે, ભાષાનું મહત્ત્વ નથી. મહત્ત્વ છે મંત્ર અને તેની પાછળની ભાવનાના જોડાણનું.

એ જાગરણમાંથી મંત્રચૈતન્ય ઊભું થાય છે.
દિવ્યતા તરફ જવાની પ્રબળ ઇચ્છા
મંત્રને શક્તિમાન બનાવે છે.

## <u>ચૈતન્યની ચિનગારી</u>

ચેતન ઓજસ્કર છે તથા ચૈતન્ય સ્વયં ઓજરૂપ છે
અને ઓજસ્કર, ઉપગ્રહકારક, આકર્ષક છે.

## <u>શ્રદ્ધા, જ્ઞાન, ક્રિયા, કલ્પના અને સ્મૃતિ</u>

(૧) ચૈતન્ય અનંત છે એવી શ્રદ્ધા.
(૨) ચૈતન્ય એ જ ધ્યેય છે એવો બુદ્ધિનો નિર્ણય.
(3) કલ્પનાથી અનંત ચૈતન્યનું સ્વરૂપ કલ્પવું.
(૪) જપ વડે તેનું સતત સ્મરણ કરવું.
(૫) સતત જપ વડે સ્મરણ ટકાવી રાખવું.

જપ ક્રિયામાં ચૈતન્યની સર્વજ્ઞતા, સર્વવ્યાપકતા અને
સર્વશક્તિમત્તાનું જ્ઞાન, શ્રદ્ધા સાથે ક્રિયા,
ક્રિયા વડે સ્મરણ અને કલ્પના કામ કરે છે.
નાભિચક્ર: સામીપ્ય (નિકટતા) નજીક કે સામે આવે છે.
અનાહત: સાલોક્ય (સાદૃશ્યદર્શન) હૃદયમાં પ્રવેશ કરે છે.
વિશુદ્ધિચક્ર: સાયુજ્ય (તદાકારતા) મધુર આલાપ કરે છે.
આજ્ઞા: સાધર્મ્ય (ગુણધર્મમય તન્મયત્વ) સાંગોપાંગ લાભ પામે.

(૧) સામીપ્ય (૨) સાદૃશ્ય (૩) સાયુજ્ય (૪) સાધર્મ્ય.
એકાત્મ્ય - સાધર્મ્ય - તાદાત્મ્ય એ ત્રણે એકાર્થક છે.

## ત્રિવિધ ભાવ

દુષ્કૃતગર્હા = Penitence - પ્રાયશ્ચિત.
સુકૃતાનુમોદના = Humility - નમ્રતા.
શરણાગમન = Charity - surrender - ઉદારતા.
ચૈતન્યની એકતાએ જીવનનું ધ્યેય નક્કી થવું જોઈએ.
વસ્તુની કસોટી તેના મૂળથી નહિ પણ ફળથી થાય છે.

## સાધનાની કસોટી

(૧) અંતર્મુખતા (૨) સ્વાવલંબન
(૩) અનંતર પરિણામ - મનઃશાંતિ આદિ
(૪) ચૈતન્યાનુભૂતિ (૫) શાંતિ, તુષ્ટિ, પુષ્ટિ, શુદ્ધિ
(૬) તાટસ્થ્ય અને તાદાત્મ્ય.

ચૈતન્ય તેના વ્યક્ત સ્વરૂપમાં પ્રેમસ્વરૂપ કહ્યું છે,
કેમકે તે એકત્વકર છે. આ દિવ્ય પ્રેમ જગતની નિરાશા,
દુઃખ અને અજ્ઞાન તરફ સતત વહે છે
અને તેને શુદ્ધ કરવામાં પોતે નિમિત્તરૂપ બને છે.
ચૈતન્ય સ્વયં પ્રેમ છે, રસ છે અને તે અનંત છે.
દિવ્યપ્રેમ લેવાનો નહિ, આપવાનો છે.

સાચો સાધક અનંત પ્રેમરસના પાનનું સાધન બને છે.
વિચાર દ્વારા કામ કરવાની શક્તિ સૂક્ષ્મ ગણાય છતાં
ચિત્તના ઓઘ પણ સૂક્ષ્મ રીતે કામ કરે છે. તે મહાત્માઓના
ચિત્ત સાથે સીધો સંબંધ બાંધીને કામ કરે છે. ચિત્તના
ચેતન સાથે તુરત એક થઈ શકે, કારણ બંને એક જ છે.

દેહદિવાલને લીધે ભિન્નતા લાગે છે,
બાકી તો જ... વસ્તુતઃ અભિન્ન છે.

## પ્રભુ નામજપનો મહિમા

માનવજીવનની કેળવણી ચાવી નામજપ છે.
જીવનનું ધ્યેય ચૈતન્યપ્રાપ્તિ છે અને
તેમાં જપ એ સર્વોત્તમ સાધન છે અને સરળ છે.
બધાં અંતરાયોને નિવારણ કરનાર પણ તે જ છે.
જપમાં તપ છે, દયા છે, દાન છે,
ધર્મ છે, ભક્તિ છે, જ્ઞાન છે, શરણ છે.
જપનો સૂક્ષ્મ અર્થ ચિત્તનું અનુસંધાન છે,
સરળ અને સતત સમાધિ છે.

અંતની જવાબદારી અંતના મૂળ રૂપ ચિત્તને સ્થાપવું તે
પરમાર્થ છે. સમષ્ટિ તત્ત્વ ઈશ્વર શુભ છે. પરમાત્માની
શક્તિ અચિંત્યકર છે. દ્રવ્ય અનાદિ, અનંત, પૂર્ણ છે.

o સામ = સમજાવટ કે આત્મસૂઝ, દામ = આત્મહિત,
દંડ = ઈશ્વરી શાસન, ભેદ = ઉપેક્ષા - અસહકાર.

o મનુષ્ય જેટલું પ્રેમ અને કરૂણાનું પોતાનું બળ બાળક ઉપર સીંચે, તેટલું જ તે બાળકનું બળ મેળવી શકે તથા સુખી બને છે. જે બાળકમાં રસ લેતો નથી અને પોતાનું જ સંભાળવામાં માને છે, તે ખરેખર સુખી થઈ શકતો નથી, કિન્તુ એક સુકાયેલા વૃક્ષ જેવો સાવ સૂકો થઈ જાય છે.

ઈશ્વરના રાજ્યમાં ઈશ્વરનો ઇન્કાર તે જ મનુષ્યોનો સંસાર છે. ઈશ્વરનું રાજ્ય મનુષ્યના મન તથા હૃદયમાં છે, તેમાં ઈશ્વરને પ્રવેશ કરવાનો જ્યાં સુધી ઇન્કાર છે,
ત્યાં સુધી જ સંસાર છે.

ઈશ્વરના રાજ્યમાં ઈશ્વરનો એકવાર પણ ભાવથી પ્રવેશ કરાવવામાં આવે પછી સંસાર પરિભ્રમણ રહેતું નથી.
ભાવથી પ્રવેશ એટલે તેના સામ્રાજ્યનો સ્વીકાર.

o વિષયોને જીતવા સર્વશ્રેષ્ઠ વિષય ઊર્ધ્વતા સામાન્યથી આત્મસ્વરૂપનું ધ્યાન છે. કષાયોને જીતવા માટે તિર્યક્ સામાન્યથી સર્વત્ર ફેલાઈ રહેલ આત્મતત્ત્વનું ચિંતન છે.

o શ્રદ્ધા, આશા અને પ્રેમ જ્યારે ગુરુ સાથે મળે,
તો કોઈપણ કાર્ય કરવું સહેલું છે.

## પરમેષ્ઠિ પાંચ કેમ?

આકાશમાં પ્રકાશ આપનાર પદાર્થ પાંચ છે:
સૂર્ય, ચંદ્ર, ગ્રહ, નક્ષત્ર, તારા.
પૃથ્વી ઉપર જીવનને આધાર આપનારા તત્ત્વ પાંચ છે:
પૃથ્વી, જળ, અગ્નિ, વાયુ અને આકાશ.
જ્ઞાન પાંચ છે, આચાર પાંચ છે, મહાવ્રત પાંચ છે, ઇંદ્રિયો પાંચ છે, વિષયો પાંચ છે, કર્મેન્દ્રિયો પાંચ છે, ચારિત્ર પાંચ છે, આંગળીઓ પાંચ છે, શરીરના અવયવો પાંચ છે, તેમ આધ્યાત્મિક ધર્મના સંબંધી પણ પાંચ છે: ધર્મ પાળનાર સાધુ, ધર્મનું જ્ઞાન આપનાર ઉપાધ્યાય, ધર્મ પળાવનાર આચાર્ય, સાકાર રૂપ અરિહંત, નિરાકાર સિદ્ધ.

o દયા જેવી કોઈ ઉત્તમ દવા નથી.

દવા રોગ મટાડે પણ દયા તો યોગનું સાધન બને છે. દયા એ યોગનો સર્વશ્રેષ્ઠ પ્રયોગ છે. જ્યાં આ પ્રયોગ અજમાવવામાં આવે, ત્યાં કોઈ રોગ પછી રહેતો નથી. દયા રૂપી યોગના પ્રયોગથી દરેક રોગ મટી જાય છે. ચિત્તવૃત્તિઓ ઉપર નિયંત્રણ મૂકીને દૃષ્ટા - આત્માની સાથે એકરૂપતાનું અનુભવન કરવું, તેનું નામ યોગ છે. તેનું બીજું નામ સમાધિ પણ છે.

Dt. 3/7/68

o લૌકિકસાધનામાં સિદ્ધિ મેળવનારને જે દોષ આવી શકે:
એક અતૃપ્તિ અને બીજો અસદાચાર.
આધ્યાત્મિક સાધનાનું ફળ તૃપ્તિ અને સદાચાર છે.

ભક્તિ જાગવા માટે
પુરુષના સંસ્કાર અને ભગવદ્ પ્રેરણા આવશ્યક છે.

સ્વસ્તિક




સ્વસ્તિક એ પ્રકાશ, કલ્યાણ તથા દીર્ઘાયુનો સૂચક છે.
પ્રેમ એ મનની સુંદરતા અને સદ્ભાવના છે.
ચિરંતન પ્રેમ ત્યાં જ રહી શકે કે
જ્યાં માનવીય ગુણોને માનથી જોવામાં આવતા હોય.

o સર્વ જીવોનો અભેદ પ્રત્યક્ષાદિ પ્રમાણોથી બાધિત છે.
સર્વ જીવોનો ભેદ અધ્યાત્મ શાસ્ત્રોથી બાધિત છે.
જ્ઞાન ભેદથી થાય છે, દર્શન અભેદથી થાય છે તથા
ચારિત્ર ભેદાભેદથી થાય છે. વિનોબાજી બહુ કહે છે તેમ
અનેકમાં એક અને ભેદમાં અભેદને શોધે તે અહિંસા છે.

<u>The 4 sustainers of dharma</u>

ભય - મૈત્રી - Friendship - આનંદ
ઈર્ષ - પ્રમોદ - Appreciation - પ્રશંસાના
[illegible] - કરુણા - Sympathy - સંવેદના
[illegible] - માધ્યસ્થ - Indifference - [illegible].

Dhyana = Right meditation.

One who realises the oneness of life and all beings, there can be no lonliness, nor misanthropy, nor discontent, but completely the reverse.

o All life in reality is one, the highest consciousness is that of unity, in contradistinction to Seperateness: the former engendering bliss and the latter engendering pain.

o What is the backbone of all religion other than belief in the immortality of soul?

## શાસ્ત્રવાર્તા ટીકામાંથી સ્વાસ્થ્ય માટે પ્રાર્થનાનાં ૪ પગથિયાં

(1) To remind ourselves that there is a source of life.

स्मरणमपि यदीयं विघ्नवल्लीकुठारः ।

એનું એક નામ છે કે જે વિઘ્નોનો નાશ કરે છે.

(2) Turn it on.

भवति यदनुरागात् सन्निधानं निधानं ।

તે સ્ત્રોતને તમારા તરફ વાળો, તેનું સાન્નિધ્ય સેવો.

(3) Accept it be faith.

तमिह निहतपापव्यापमापन्निरेया,

શ્રદ્ધા રાખો કે તે સાંનિધ્ય સાંપડી રહ્યું છે.

(4) Observe the operations.

मतिनिपुणचरित्रं पार्श्वनाथं प्रणौमि ॥

જે ભાલો સાંપડે તેનું નિરીક્ષણ કરો શ્રદ્ધાને વધારો.

o

## નવકારના પ્રથમ પદની અર્થભાવના

Turning faithoully to the source of life and observing its operation as the destruction of evil and construction of good.

શાસ્ત્રવાર્તા ટીકા :                                Dt. 4-7-68

પ્રથમ સ્તબક શ્લોક-૨, ટીકાકાર ઉપા. યશોવિજયજી મ.

'સકલકુશલવલ્લી'ના રાગ ઉપરનો શ્લોક:

स्मरणमपि यदीयं विघ्नवल्लीकुठारः
श्रयति यदनुरागात् सन्निधानं निधानं ।
तमिह निहतपापव्यापमापन्निरासे -
ऽतिनिपुणचरित्रं पार्श्वनाथं प्रणौमि ॥१॥ અર્થ:

જેમનું સ્મરણ પણ સર્વ પ્રકારની અશાંતિ કે સર્વ પ્રકારના અંતરાયોરૂપી વિઘ્નોની વેલડીઓને (કાપવા) માટે કુહાડી છે, જેમના (પ્રત્યેના) અનુરાગથી (પરમાત્મભક્તિ વડે) સકલ કલ્યાણ સિદ્ધ કરે (જાણે ચક્ષુ વડે પોતાની સામે દેખાતું હોય, હૃદયમાં પ્રવેશ કરતું હોય, મધુર આલાપ કરતું હોય ઉપરાંત સર્વ અંગોમાં અનુભવાતું હોય) તેવું નિધાન સાંનિધ્યપણાને પામે છે.

'સકલરાગાદિમલકલંકવિકલ' હોવાથી પાપોના વિસ્તારને હણી નાંખ્યા છે જેમણે, વળી અને (તેથી ઉપરાંતર હોવાથી) આપત્તિઓને નાશ કરવામાં અતિશય નિપુણ છે ચરિત્ર જેમનું, વળી તે શ્રી પાર્શ્વનાથ ભગવંતને હું પ્રકૃષ્ટપણે નમસ્કાર કરું છું.

ॐ

## ચિત્તના આઠ દોષ:

Dt. 11-7-68

(૧) ખેદ (૨) ઉદ્વેગ (૩) ક્ષેપ (૪) ઉત્થાન
(૫) ભ્રમ (૬) અન્યમુદ્ (૭) રોગ (૮) આસંગ.

### ચિત્તના આઠ દોષને ટાળવાના ઉપાયો

શાંત - ક્રોધાદિનો અભાવ - શમરૂપ
ઉદાત્ત - પરહિતચિંતાનો ભાવ - સંતોષ
સદ્ભાવ - વૈર, ઈર્ષા અસૂયાદિનો અભાવ - મૈત્રી
અનવસ્થિતિ - બીજું કારણ મૈત્રી - પ્રમોદાદિનો અભાવ.

૮ દોષનો પ્રતિકાર શાંતોદાત્તપણામાં છે. શાંતોદાત્તપણા માટે પ્રણિધાનાદિ પાંચ આશયોનો યોગ થવો જોઈએ, તો જ ચિત્ત નિર્મળ બને છે.

નિર્મળ એટલે લોભસંજ્ઞા અને ભવેચ્છાનો અભાવ.

૦ વસ્તુ પાણીની જેમ નહિ પણ દૂધની જેમ વાપરવા.

સહજ મિલે સો દૂધ સમ, માંગ મિલે સો પાની;
કહે કબીર વો રક્ત સમ, જામેં ખેંચાતાની.

०

Into everything whatsoever it be, being purity & love, which is the secret of health and harmony of the body as well as of the Soul.

## ઉપાસનાનો ફલિતાર્થ

'ઉપાસના' શબ્દનો પ્રયોગ પરમાત્માના ધ્યાન, સ્તુતિ, પ્રાર્થના આદિમાં રૂઢ છે. ઉપાસના વડે પરમાત્માની મોક્ષાવસ્થા યા દેહરહિત શુદ્ધાવસ્થાનું સ્મરણ કરાય છે. પરમાત્માની સાથે જીવાત્માની સમાનતાની અનુભૂતિ પ્રગટ કરાય છે. ઉપાસના ભાવનાત્મક હોવાથી તે માટે પાર્થિવ શરીરની ઉપસ્થિતિ આવશ્યક નથી. તે અંતઃકરણ અથવા આત્મા વડે કાલ્પનિક રૂપમાં થઈ શકે છે. તેની અંતિમ સ્થિતિમાં કોઈપણ પ્રકારનાં શબ્દોની આવશ્યકતા રહેતી નથી. કેવળ અદ્વૈત અનુભૂતિ જ કાયમ રહે છે.

0 ૐ બ્રહ્મનું પ્રતીક છે. ૐને પ્રાપ્ત કરતાં બ્રહ્મની પ્રાપ્તિ થાય છે. આત્મા એ જ બ્રહ્મ છે, પરમાત્મા છે. આ આત્મા પ્રવચન, બુદ્ધિ કે શ્રવણથી મળતો નથી. જે તેને વરે છે, તેને જ મેળવવા ચાહે છે, તેને તે પોતાનું સ્વરૂપ બતાવે છે. એને વરવાનું સાધન પ્રણવ મંત્ર છે. બ્રહ્મ લક્ષ્ય છે, આત્મા બાણ છે અને પ્રણવ ધનુષ્ય છે. પ્રણવરૂપી ધનુષ્ય ઉપર આત્મા-મન-બાણ ચઢાવવાથી બ્રહ્મલક્ષ્ય વીંધાય છે.

અર્થાત્ પ્રણવના ધ્યાનથી બ્રહ્મની પ્રાપ્તિ થાય છે.

જ્ઞાનસ્વરૂપ ભેદાય છે, તેની સાથે હૃદયગ્રન્થિઓ છૂટે છે, કર્મના બંધનો અને સકલ સંશયો પણ છેદાય છે. માંડૂક્ય ઋષિ કહે છે કે: 'ૐ ઇત્યેતદક્ષરં સર્વં ।' અક્ષર: પ્રણવ જ સર્વ કંઈ છે.

'યજ્ઞાનાં જપયજ્ઞોઽસ્મિ।' 'પ્રણવ: સર્વ વેદેષુ ।'

મંત્ર એ કેવળ વર્ણોનો ઉચ્ચાર નહિ, કિન્તુ તેની પાછળ વિચારનું બળ અને વિચારનું આંદોલન છે. શબ્દ અને વિચાર અથવા અર્થનો ગાઢ સંબંધ છે.

under certain circumstances & conditions, a form can be heard and a sound can be seen.

જગતમાં કંઈ જ સ્થિર નથી. સ્થિર અને સ્થાયી છે ફક્ત તેની પાછળ વિલસી રહેલું ચૈતન્ય કે ઈશ્વર.

પાંચ તત્વનો ત્રણ ગુણની સાથે સંબંધ છે: સત્વનો આકાશ સાથે, રજસનો વાયુ અને તેજ સાથે અને તમસનો જળ અને પૃથ્વી સાથે સંબંધ છે. કામ-ક્રોધાદિક વિષયો તે રજસ અને તમસ ગુણને આધારે રહે છે. જ્યારે રજસ અને તમસ મોળા પડે છે, ત્યારે કામ-ક્રોધાદિ આપોઆપ મોળા પડે છે.

દિક્કાળની આ દુનિયા એવી રીતે ગ્રથિત છે કે
એનો એક અણુ અને એનો એક ક્ષણ
સર્વ અણુ અને સર્વ ક્ષણની સાથે સંબંધ ધરાવે છે.
વિશ્વ સમગ્ર પરસ્પર ઓતપ્રોત છે,
પછી તે વિશ્વ દિક્નું હો યા કાળનું.

o

Space and Time all are
mutually intermingled.
There is something within man that
seems to say to Him:
you are mighter than any situation
or experience that can come to you.
There is within you that which can
master any adverse circumstances
that appears in your life.

यदा किंचिज्ज्ञोऽहं द्विप इव मदान्धः समभवम्।
तदा सर्वज्ञोऽस्मीत्यभवदवलिप्तं मम मनः।
यदा किंचित् किंचित् बुधजनसकाशात् अवगतम्।
तदा मूर्खोऽस्मीति ज्वर इव मदो मे व्यपगतः ॥१॥

(પરિશિષ્ટ-૬)

## દુઃખની મીમાંસા

દુઃખ આવે છે, ત્યારે તેને બદનામ કરવાની એક પણ તક માનવ જતી કરતો નથી પણ દુઃખ જ્યારે જાય, ત્યારે તેનો આભાર માનવાની તેની પાસે ફુરસદ નથી. ખરેખર માનવના મતલબીપણાની આથી કોઈ હદ નથી. દુઃખ આવે ત્યારે ફરિયાદ કરનારની ફરજ છે કે જાય ત્યારે તેનો આભાર પણ અંતરથી માનવો જોઈએ.

## સુખની મીમાંસા

સુખ ભોગવવાથી સુખ મળતું નથી,
પણ સુખ છતાં સુખનો ભોગ આપવાથી,
બીજાનાં દુઃખમાં ભાગીદાર બનવાથી સાચું સુખ મળે છે.
પોતાના સુખનો ભોગ આપી બીજાના દુઃખમાં
ભાગીદાર થવું તે જ સાચું સુખ અનુભવવાનો માર્ગ છે.

o

Spiritual psychology proves that the name of a great character carries his mind potency and that wherever his name is repeated silenty or audibly his attribute become manifest. - C. Fillmore

આધ્યાત્મિક વિકાસ અને તેના ફળરૂપ મોક્ષપ્રાપ્તિના ઉદ્દેશથી દ્વાદશાંગી ગુંથાયેલી છે. તેમાં વિશ્વના સર્વ દ્રવ્ય - ક્ષેત્ર - કાળ - ભાવને લગતી બધી હકીકતો છે.

તે બધાનું તાત્પર્ય એટલે કે મહાવાક્યાર્થ એટલે,
તે આત્મા છે અને આત્માનો મોક્ષ છે
તેમાં બધું ચરિતાર્થ થાય છે.

તીર્થંકર દેવો પૂજ્ય છે, માટે તેના પ્રત્યે જે નિષ્ઠા પૂજ્ય કરે છે. મિત્રના પ્રત્યે જે નિષ્ઠા મિત્રભાવ પ્રેરે છે. શત્રુના પ્રત્યે જે નિષ્ઠા શત્રુભાવ પ્રેરે છે. આ સર્વ-સામાન્ય માનસશાસ્ત્ર અને પદાર્થવિજ્ઞાનનો સિદ્ધાંત છે.

o વિષમતા વિષ છે, સમતા અમૃત છે.

ઈશ્વરમાં ન્યાય અને દયાળુતા બંને સાથે રહેલા છે.

અપરાધની ક્ષમા માંગવાથી દયા મળે છે અને
ગુણનો સ્વીકાર કરવાથી ન્યાય પ્રાપ્ત થાય છે.
અપરાધોની ક્ષમાપના એ દુષ્કૃતગર્હાનું અંગ છે.
ગુણીનો સ્વીકાર તે સુકૃતાનુમોદનાનું અંગ છે.

વચન દ્વારા નામજપની અપેક્ષાએ મન દ્વારા સો ગણું અધિક ફળ છે અને તે માનસિક જાપ જ્યારે શ્રદ્ધા અને પ્રેમથી થાય છે, ત્યારે તેનું ફળ અનંતગણું બને છે.

જ્યારે તે ગુપ્તપણે અને નિષ્કામભાવથી થાય છે,
ત્યારે તે તત્કાલ ભગવદ્ભાવની પ્રાપ્તિ કરાવે છે.

તત્ત્વથી નામ અને નામીમાં ભેદ નથી,
ભેદ હોવા છતાં ફળની અપેક્ષાએ સર્વથા, અભિન્ન છે.
સ્વમાં અરુચિ અને પરમાં રુચિ એ જ મોટી ભૂલ છે.

સ્વ તે છે કે જે દેશકાળથી દૂર નથી,
ઉત્પત્તિ - વિનાશરહિત છે અને
પોતાની મેળે જ પોતે પ્રકાશિત થવા સમર્થ છે.
જે પોતાનું છે, તેનાથી વિયોગ અસંભવિત છે.
જે પોતાનું નથી, તેનાથી વિયોગ અનિવાર્ય છે.
પોતાની વસ્તુ સાથે પ્રેમ કરવો જોઈએ.
પરની ભાળ લેવી જોઈએ.
પ્રેમ માટે જાતનું સમર્પણ અને
સેવા માટે સંગ્રહિત વસ્તુનું અર્પણ.
સેવા ક્રિયાશીલતા આપે છે.
પ્રેમ અંતર્મુખ જીવનથી અભિન્ન કરે છે. પ્રેમથી પોતાનું
કલ્યાણ અને સેવાથી સમાજનું નિર્માણ થાય છે.
સેવાભાવ પ્રેમને પુષ્ટ કરે, પ્રેમભાવ સેવાને સબળ બનાવે.

o મેરુ રુચકપ્રદેશથી સુરત ડોર કી પોય,
કમરબંધ છોડ્યાં થકી અજપા સ્મરણ હોય.

# ચિત્તના ત્રણ ધર્મ

<u>માધુર્ય</u> = માખણની જેમ પીગળી જવું.
<u>ઓજસ</u> = ઈંધણની જેમ સળગી જવું.
<u>પ્રસાદ</u> = ઘણાની જેમ વ્યાપી જવું.

બીજાના દુઃખ દેખીને પીગળી જવું તે માધુર્ય છે.
બીજાના સુખ દેખીને પ્રકાશિત થવું તે ઓજસ છે.
બીજાના ગુણ દેખીને પ્રસન્ન થવું તે પ્રસાદ છે.

સામાયિકનો પરિણામ પણ મધુર છે,
ઓજસ્વી છે અને પ્રસાદ - પ્રસન્ન છે.
તે મૈત્ર્યાદિ મધુર છે.
માધ્યસ્થ્યાદિ ઓજસ્વી છે અને પ્રમોદાદિ પ્રસન્ન છે.

सति विवेके निरतभाविनोऽखंड भावसिद्धेः ।
परकृतानुमोदनरूपस्य सुकृतस्याऽखंडभाव सिद्धेः ॥

<u>અર્થ</u>: વિવેકવાળા કાળમાં પરકૃત સુકૃતના અનુમોદનરૂપ સુકૃત નિયમા અખંડપણે રહે છે, કારણ કે તેનો હૃદયમાં નિષેધ નથી. 'न निषिद्धमनुमतं ।' એ ન્યાય છે, જેનો નિષેધ નથી, તેનું અનુમોદન છે.

अतादात्म्येऽपि सम्बन्धव्यवहारोपयोगतः ।
तेषां स्वत्वं धनस्येव व्यज्यते सूक्ष्मया धिया ॥१॥

- <u>અધ્યાત્મસાર શ્લોક ૨૬૪</u> (પરિશિષ્ટ-૭)

o મનવિરામરૂપ ક્રિયા અને ઉત્પાદાદિરૂપ કાર્ય-
બંને એકાધિકરણરૂપ ચિત્તમાં રહે છે,
માટે તેવા ચિત્તને જ ધર્મ કહ્યો.

મનનો સંબંધ મંત્રની સાથે છે, બુદ્ધિનો સંબંધ શાસ્ત્ર સાથે છે અને આત્માનો સંબંધ પરમાત્મા સાથે છે.
'સોઽહં' એ સત્ય છે, ઉપચાર નહિ. પરમાત્માની ઉપાસના એ સત્ય, શુદ્ધ એવા સ્વની જ ઉપાસના છે.

વ્યક્તિરૂપે પરમાત્મા અનંત હોવા છતાં
શક્તિરૂપે એક જ છે.

તેની સાથે કથંચિત્ એકતાનો સંબંધ આત્માને રહેલો છે.

<u>સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ક્રિયા</u>

(૧) જ્ઞાનનો સરવાળો = શ્રુતને જાણવું.

(૨) સરવાળાનું જ્ઞાન = શ્રુતથી કેવળ આત્માને જાણવો.

(3) શ્રુતકેવળીના બે પ્રકાર:

શ્રુતને જાણે તે શ્રુતકેવળી, જ્ઞાનને જાણે તે શ્રુતકેવળી.

(૪) સર્વ જીવોને આત્મસમાન ગણવામાં સહાય કરનાર
સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ક્રિયા છે.

સમ્યગ્જ્ઞાન વ્યવહારથી જીવનું કર્મબદ્ધ-કર્મમુક્ત સ્વરૂપ જણાવે અને નિશ્ચયથી સર્વ જીવોનું ઐક્ય જણાવે છે.

સમ્યગ્ક્રિયા પંચાસ્રવના ત્યાગરૂપ છે તથા
કષાય - ઇંદ્રિયોના નિગ્રહરૂપ છે.

સમ્યગ્દર્શન સર્વભૂતોને આત્મતુલ્ય ગણવા તે છે. જ્ઞાન તે ભાવને ઉત્પન્ન કરે છે, વૃદ્ધિ કરે છે અને ટકાવે છે. ક્રિયા ઉત્પન્ન થયેલા ભાવને ટકાવવા અને વૃદ્ધિ કરવામાં મદદ કરે છે. તે જ્ઞાન અને ક્રિયા આવતા કર્મને રોકનાર થાય છે અને પૂર્વકર્મને ખપાવનાર થાય છે. દૃષ્ટાંત અઈમુત્તા અને અરણિક, મેતાર્ય તથા ગજસુકુમાલ, સુદર્શન અને ખંધક. પોતાની જેમ સર્વભૂતોમાં સુખપ્રિયતા તથા દુઃખદ્વિષ્ટતા દેખે, તે સાચો દેખનારો- સમ્યગ્દૃષ્ટિ છે, તે સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યગ્ક્રિયાનું કારણ છે.

૦ કુળનું મૂળ વર્તન છે, વર્તનનું મૂળ વિચાર છે, વિચારનું મૂળ સંસ્કાર છે, સંસ્કારનું મૂળ ભાવ છે અને ભાવનું મૂળ વાતાવરણ છે.

૦ અભવ્ય જીવોને ગુરુરાગ ન હોવાથી ચારિત્ર પાળીને નવગ્રૈવેયકે જાય છતાં મુક્તિ મળતી નથી.

કહ્યું છે કે:

ચારિત્ર પાળી લહે ગ્રૈવેયક, પણ નવિ જાવે મુક્તિ રે,
જાવ અભવ્ય તે કારણ ગુરુનો, રાગ ન લેશ સદ્યુક્તિ રે.

કરુણા બુદ્ધિ એ પ્રતિભાનું કર્મ નિર્ભરતાની જનક છે.
દીન - દીનને જોઈને હૃદયમાં કરુણા ન વસે તો
ઘટમાં ધર્મ વસશે નહિ એમ જાણ.
દુઃખ - ભય અનુકંપા ભક્તિમય સુખનું નિધાન છે.
જ્ઞાન, બુદ્ધિ, ઋદ્ધિ, સિદ્ધિની પરંપરાએ મોક્ષનું નિધાન છે.
જ્ઞાનથી ધ્યાન રહે છે, તપથી જપ રહે છે અને
વૈરાગ્યથી ત્યાગ રહે છે.

o જગનાશન રક્ષણ સાચો રે, જગ ધરતો મહાભાર,
ધરે મધ્યસ્થ ભાવને રે, કોણ આવર જાય ધાર.
જાણ જુદા કર્મ જુજુઆ રે, સમજ જાણ વૃત્તાંત,
દોષ ભલા મન ધારજો રે, ભાવ મધ્યસ્થ સિદ્ધાંત.

o

Royal road to success
whole-hearted surrender to the divine.
Ultimately He being us,
He helps us in infinite ways.

o God is, therefore, He helps us.

o God is in all men but
all men are not in God &
that is why they suffer.

## ભેદાભેદ રત્નત્રય

નમસ્કારમંત્રનું ચૈતન્ય પ્રગટે, ત્યારે
તેમાંથી ત્રણ શક્તિઓ વિકસે છે:
જ્ઞાનશક્તિ, ઇચ્છાશક્તિ, ક્રિયાશક્તિ.
જ્ઞાનશક્તિના વિકાસથી સર્વ જીવો આત્મસમ ભાસે છે.
ઇચ્છાશક્તિના વિકાસથી સર્વ જીવોના સુખની ઇચ્છા
પોતાના સુખ જેટલી જ ઉત્પન્ન થાય છે.
ક્રિયાશક્તિના વિકાસથી સર્વ જીવો સાથે
આત્મતુલ્ય વર્તન કરવાની શક્તિ પેદા થાય છે.
આ વ્યવહાર રત્નત્રયી છે.
તેના સાધક આત્માને નિશ્ચય રત્નત્રય
એટલે કે અભેદ રત્નત્રયી પ્રાપ્ત થાય છે.
તેના પ્રભાવે શુદ્ધ આત્મતત્ત્વનું જ્ઞાન - રુચિ - પરિણતિ
પેદા થાય છે. આત્મામાં પરમાત્મપદનું જ્ઞાન - દર્શન-
ચારિત્ર, બોધ - રુચિ - પરિણતિ અને પરંપરાએ સકલ
કર્મ નિર્મુક્તિ રૂપી અંતિમ મુક્તિ પણ પ્રાપ્ત થાય છે.

°

Happiness and knowledge - both
can be found within the soul.
Appearances are ever deceptive.

## ધ્યાન વિષે...

નમસ્કારમંત્ર આદિનું જે ધ્યાન છે, તે પદસ્થ ઇત્યાદિ છે.
પિંડ-દેહમાં રહેલો જે પોતાનો આત્મા છે,
તેનું ચિંતવન તે પિંડસ્થ ધ્યાન છે.
સર્વ ચિદ્રૂપ - સકલ પરમાત્મા, જે અરિહંત દેવ,
તેમનું ધ્યાન રૂપસ્થ છે અને
નિરંજન સિદ્ધ ભગવાનનું ધ્યાન તે રૂપાતીત ધ્યાન છે.
આત્મા ધ્યાનગમ્ય છે, શબ્દગમ્ય નહિ.
શબ્દો અટકી જાય ધ્યાન સિદ્ધ થાય,
ત્યારે આત્માનો અનુભવ થઈ શકે છે.
'જેઓએ આત્માને પ્રાપ્ત કર્યો છે, તેઓએ ધ્યાનથી જ
તેને મેળવ્યો છે, માત્ર શાસ્ત્રજ્ઞાનથી નહિ.' એમ સમજીને
અનાદિઅનંત શુદ્ધ ચિદ્રૂપ આત્મામાં પરિણામ જોડવાં જોઈએ.
જે સિદ્ધાલય છે, તે જ દેવાલય છે.
સિદ્ધિસ્થાનમાં બિરાજમાન છે,
તત્સદૃશ દેહ દેવાલયમાં બિરાજમાન આત્મા છે.
વ્યવહારનયથી દર્શન, જ્ઞાન, ચારિત્રરૂપ રત્નત્રય મોક્ષમાર્ગ
તથા નિશ્ચયનયથી રત્નત્રયવાન આત્મા જ મોક્ષમાર્ગ છે.
कः पण्डितो । विवेकीति । પંડિત કોણ છે? વિવેકી.

## શાથી શરીર વડે તપ - સંયમમાં ઉદ્યમ કરવો?

રૂમઝુમ કરતી કામિની ગઈ દશાએ રઝળ,
દશાએ દેહ દર્શન દુઃખા લાગ્યા ભવની ભ્રાંત.

શરીર અસ્થિર છે, છતાં
તે વડે સ્થિર એવું મોક્ષસુખ પ્રાપ્ત થઈ શકે છે.
શરીર મલીન છે, છતાં
તે વડે શુદ્ધ એવું આત્મસ્વરૂપ પામી શકાય છે.
શરીર નિર્ગુણ - નિઃસાર છે, છતાં
તે વડે સારભૂત કેવળજ્ઞાનાદિ ગુણ મેળવી શકાય છે.
માટે સ્થિર મોક્ષસુખ, શુદ્ધ આત્મસ્વરૂપ અને
સારભૂત કેવળજ્ઞાનાદિ ગુણો પ્રાપ્ત કરવા માટે
શરીર વડે તપ - સંયમમાં ઉદ્યમ કરવો.

o अथ योऽसौ पूर्वोक्तभणितो भगवान् स एव
संसारावस्थायां निश्चयनयेन शक्तिरूपेण जिन उच्यते।
केवलज्ञानावस्थायां व्यक्तिरूपेण च।
तथैव च परब्रह्मादिशब्दवाच्यः
स एव तदग्रे स्वरूपेव कथ्यतेति।

ભાવાર્થ: સંસાર અવસ્થામાં નિશ્ચયથી શક્તિરૂપ
વિરાજમાન છે, એ કારણે સંસારી જીવને શક્તિરૂપ જિન
અને કેવળીને વ્યક્તિરૂપ જિન કહે છે.

દ્રવ્યાર્થિકનયથી ભગવાન જેવા જ સર્વ જીવ છે.
એ રીતે નિશ્ચયનયથી જીવને પરબ્રહ્મ કહો,
પરમ શિવ કહો અથવા જેટલાં ભગવાનનાં નામ છે,
તે બધાં જ નિશ્ચયનયથી સર્વ જીવોનાં નામ છે.
સર્વ જીવ જિનસ્વરૂપ છે અને
જિનરાજ પણ જીવસ્વરૂપ છે.
કહ્યું છે કે:
જે જીવોને જિનવર જાણે અને જિનવરને જીવ જાણે,
જે જીવોની જાતિ છે તે જ જિનવરની જાતિ છે અને
જે જિનવરની જાતિ છે, તે જ જીવોની જાતિ છે, એવું
જાણી નથી, દ્રવ્યાર્થિકનયથી જે જીવ અને જિનવરમાં
જાતિભેદ માનતા નથી, તે મહામુનિ શીઘ્ર મોક્ષને પામે છે.
o ફરજ એ મનુષ્યમાત્રનું સૌથી મોટું કરજ છે.
ફરજરૂપી આ કરજ મનુષ્યે ચૂકવવું જ પડે છે.
એ ચૂકવવામાં જ એનું મનુષ્યત્વ દીપે છે
અને અંતે દેવત્વ પામે છે.
ફરજનું કરજ ચૂકવવામાંથી જે ચ્યુત ન થાય,
તેને 'અચ્યુત' કહે છે.
તેથી જ દેવનું બીજું નામ અચ્યુત પણ છે.

## પરમાત્મસમદર્શિત્વ, આત્મસમદર્શિત્વ

વિશાળ દિલના અને ખુલ્લા મનના બનવા માટે જે
પરમાત્મા આપણામાં તેમ જ અન્યમાં પણ છે, તે
પરમાત્માને અન્ય માનવમાં જોવા માટે,
પ્રત્યક્ષ કરવા માટે તત્પર થવું જોઈએ.
આત્માનું કદાચ પૂર્ણસ્વરૂપે દર્શન ન થાય,
તો પણ તેની પાછળ અને તેની અંદર
પૂર્ણપણે તે અવર્ણનીય શક્તિ રહેલી જ છે,
એ તથ્ય સ્વીકારવું જોઈએ. આપણા આત્મકેન્દ્રની
એટોમિક શક્તિ ત્યાર બાદ જ માનવની મદદે આવશે.
પરમોચ્ચ પ્રભુનો જય હો.

અહિંસા = પોતાના નિમિત્તે ન કોઈને દુભવવું કે દુઃખ પહોંચાડવું. કરૂણા = બીજાના ભલા ખાતર પોતાની જાત કે સર્વસ્વને ઘસી નાંખવામાં આનંદ માનવો તે.

o

I am calm & confident in the knowledge that wherever God is needed, He is always available as the loving, active and strengthening power.

## શ્રી જિન - ભક્તિના પાંચ પ્રકારો

પુષ્પાદ્યર્ચા તદાજ્ઞા ચ તદ્દ્રવ્યપરિરક્ષણમ્ ।
ઉત્સવાસ્તીર્થયાત્રા ચ ભક્તિઃ પઞ્ચવિધા જિને ॥૧॥

જિનેશ્વર દેવની ભક્તિ પાંચ પ્રકારે થઈ શકે છેઃ
(૧) પુષ્પાદિ વડે પૂજા (૨) આજ્ઞાનું પાલન
(૩) દેવદ્રવ્ય રક્ષણ (૪) ઉત્સવ - મહોત્સવો (૫) તીર્થયાત્રા.

## જિનપૂજાની મહત્તાનાં મુખ્ય બે કારણો

(૧) તીર્થંકર પ્રભુની મહત્તા.
(૨) પૂજા કરનાર પાત્રના ભાવની મહત્તા.

## સંરંભ - સમારંભ અને આરંભનું સ્વરૂપ

સંરંભઃ સ કષાયઃ પરિતાપનયા ભવેત્સમારંભઃ ।
આરંભઃ પ્રાણિવધઃ ત્રિવિધો યોગાસ્તતો જ્ઞેયઃ ॥ (પરિશિષ્ટ-૮)

## ચાર પ્રકારની મુક્તિનું સ્વરૂપ

(૧) સારૂપ્ય = સાથે આવવું, તિર્યક્ સામાન્ય.
(૨) સાયુજ્ય = પ્રવેશ કરવો, ઉર્ધ્વતા સામાન્ય.
(૩) સાલોક્ય = મધુર આલાપ, ચિન્મયતા.
(૪) સામીપ્ય = અંગાંગી ભાવ, આનંદમયતા.

મહઃ = વિશાળ, જનઃ = આનંદ, તપઃ = ચૈતન્ય, સત્યં = સિદ્ધત્વ.
ભૂઃ = શરીર, ભુવઃ = પ્રાણ, સ્વઃ = મન.

## આત્મજ્ઞાન અને નિષ્કામ કર્મનાં ફળ

આત્મજ્ઞાનનાં સંસ્કારોથી પૂર્વ સંસ્કારોનો નાશ કરી શકાય.
નિષ્કામ કર્મ દ્વારા નવા સંસ્કારોની ઉત્પત્તિને રોકી શકાય.
આત્મજ્ઞાનને માટે સત્યનું વારંવાર અનુશીલન આવશ્યક છે.
સત્યનું જ્ઞાન થવે ગુરૂનો ઉપદેશ 'તત્વમસિ' રૂપે મળે.
એ સત્યના અનુશીલનથી 'અહં બ્રહ્માસ્મિ'નો બોધ થાય.

'બ્રહ્મવિદ્ બ્રહ્મૈવ ભવતિ'

સંસારમાં કોઈપણ શક્તિ, કોઈપણ ક્રિયા કે
કોઈપણ પદાર્થનો નાશ થતો નથી, તે નિયમને
Conservation of energy, persitence of
force & indestructibility of matterના
નિયમ તરીકે આજનું વિજ્ઞાન પણ માન્ય કરે છે.
જીવ પણ પૂર્વ જન્મોના કાર્યોને સંસ્કારરૂપમાં પ્રાપ્ત
કરે છે તથા વર્તમાન જન્મની ગાડીને આગળ ચલાવે છે.
હું શરીર નથી પણ શરીરી છું, રથ નથી પણ રથી છું,
મરણશીલ નથી પણ અમર છું,
પ્રકાશપુંજ છું પણ માટીરૂપ નથી.
ન શસ્ત્ર મને છેદી શકે, ન આગ મને બાળી શકે છે,
ન પાણી મને ભીંજવી શકે, ન હવા મને સુકવી શકે છે.

સંસારમાં જીવને બાંધી રાખનાર બે વસ્તુ છે:
એક અવિદ્યા અને બીજી તૃષ્ણા.

અવિદ્યાના સંસ્કાર આત્મજ્ઞાનથી નષ્ટ થાય છે અને
તૃષ્ણાના સંસ્કાર નિષ્કામ કર્મથી નાશ પામે છે.
વસ્તુનું વાસ્તવિક જ્ઞાન ન હોવાથી
જે કાંઈ પણ કર્મ આસક્તિથી થાય છે,
તેનાથી સંસ્કાર ઉત્પન્ન થાય છે અને
તેના ફળોપભોગ વખતે તૃષ્ણા જન્મે છે.
આ અવિદ્યા અને તૃષ્ણાના કારણે
જીવને ફરી-ફરી જન્મ ધારણ કરવા પડે છે.
આત્મજ્ઞાન માટે નમસ્કાર અને
નિષ્કામ કર્મ માટે સામાયિક સર્વશ્રેષ્ઠ સાધન છે.

યદ્યપિ વ્યવહારેણ જીવસ્ય જરા મરણં તથાપિ શુદ્ધ
નિશ્ચયેન દેહસ્ય, ન ચ જીવસ્યેતિ ।

અર્થાત્: જો કે વ્યવહારથી જરા-મરણ જીવના છે,
તો પણ શુદ્ધ નિશ્ચયનયથી દેહના છે, જીવના નહિ.

Altruism is that who has found happiness himself & desires that others should be happy also.

Sivana, 20/7/68

## આત્મધ્યાનનો પ્રભાવ

હંસ જેમ મોતીનો ચારો જ ચરે છે,
તેમ આપણું મન જ્યારે હંસની જેમ આત્મારૂપી
મોતીનો ચારો ચરવામાં લીન બની જાય,
ત્યારે જ સાચી શાંતિનો અનુભવ થાય છે.
એ રીતે મનને આત્મામાં જ ડુબાડી દેવાનો અભ્યાસ
બાર માસ સુધી સતત કરવામાં આવે,
તો પછી આત્મા સ્વયં બોલતો થશે અને
તેની તે વિશુદ્ધ સત્યદર્શનનો પ્રકાશ આપોઆપ થશે.
મનને આત્મામાં લીન કરવાનો અભ્યાસ જેમ-જેમ
વધતો જાય, તેમ-તેમ મનની શક્તિ પણ વધતી જાય.
પછી તે જે ઇચ્છે તે કરી શકે છે.
ભયંકર શસ્ત્રાસ્ત્રનો ઉપયોગ કરનાર યુદ્ધે ચઢેલા દેશોને
પણ એક ક્ષણમાં તે યુદ્ધથી વિરામ કરાવી શકે છે.
પાપના બળ કરતાં ધર્મનું બળ હંમેશા વધારે રહ્યું છે.
આત્મધ્યાનનો અભ્યાસ જેને છે,
તેઓ સમગ્ર દુનિયાનું રક્ષણ કરી શકે છે.

o

NAMO ARIHANTANAM

ગઢસીસાહુ, સં-૨૦૨૪, આષાઢ વદી-૧૦, શનિવાર ૨૯-૭-૬૮

મૃત્યુંજય ! મહાદેવ ! ત્રાહિમામ્ શરણાગતમ્ ।
જન્મ-મૃત્યુ-જરા-વ્યાધિ-પીડિતં કર્મ બન્ધનમ્ ॥
સુખં વા યદિ વા દુઃખં પ્રિયં વા યદિ વાઽપ્રિયમ્ ।
પ્રાપ્તં પ્રાપ્તમુપાસીત હૃદયેનાઽપરાજિતઃ ॥ (પરિશિષ્ટ-૯)

જે વસ્તુ શાંકરવેદાંત વિવર્તવાદ દ્વારા સમજાવે છે, તે વસ્તુનો ખુલાસો પ્રત્યભિજ્ઞાદર્શન આભાસવાદ દ્વારા કરે છે. પ્રત્યભિજ્ઞાવાદમાં મોક્ષ તે બીજું કાંઈ નહિ પણ આત્મા શિવથી ભિન્ન નથી એની સ્વીકૃતિ-પ્રત્યભિજ્ઞા છે.

'વૈયક્તિક આત્મા ઉપરનો શક્તિપાત એ
ભગવાન શિવની કૃપા છે, જે મોક્ષદાયી છે'
એમ પ્રત્યભિજ્ઞા દર્શન પ્રતિપાદન કરે છે.

o હે પ્રભો ! મને ઉપયોગી બનાવ!
મને નિર્દોષ બનાવ ! મને તારા પ્રેમનું સાધન બનાવ!

ભરેલા થવા માટે ખાલી બન.
નવીન બનવા માટે તું સ્વચ્છ થા!
ગર્વ ના કર અને તું સફળ થઈશ.
અભિમાની ન બન અને તું વિજય પ્રાપ્ત કરીશ.
નમ્ર થા તો આ જગતમાં કોઈ તારી સાથે ઝઘડશે નહિ.
તારી જાતને દમામમાં ન રાખ તો તું સર્વત્ર દેખાશે.

## અવસ્થાભેદથી કર્તા ત્રણ પ્રકારે

(૧) શક્ત (Potential) - જ્ઞાન શક્તિયુક્ત.

(૨) ઉદ્યુક્ત (Active) - જ્ઞાનાભિમુખ શક્તિયુક્ત.

(3) પ્રવૃત્ત (Dynamic) - જનિતકાર્ય પ્રવૃત્ત શક્તિયુક્ત.

કર્તૃત્વના બે પ્રકાર: (૧) સંકલ્પમાત્રથી (૨) કરણ - સાધનથી.

## બે પ્રકારના સંકલ્પ

(૧) જીવાદિ - મનોવ્યાપારરૂપ - વ્યાપારવત્.

(૨) શિવ - કેવળ સંનિધિરૂપ - સ્વરૂપવત્.

## કર્તૃત્વવાદ સમન્વય

જીવનું કર્તૃત્વ મનોવ્યાપારરૂપ સંકલ્પમાત્રથી છે.

શિવનું કર્તૃત્વ સંનિધાનમાત્રથી છે.

સૂર્યના સંનિધાનમાત્રથી કમળનો વિકાસ, કુમુદનો સંકોચ, નવનીતનું દ્રવણ અને પંકનું શોષણ થાય છે, તેમ શિવના સંનિધાનમાત્રથી ભવ્ય જીવરૂપ કમળનો વિકાસ, અભવ્ય મિથ્યાદૃષ્ટિ આદિ જીવોનો સંકોચ, નિકટભવ્ય ભદ્રકપરિણામી જીવોના હૃદયનું દ્રવવું અને પાપરૂપી પંકનું શોષાવું આપોઆપ થાય છે.

નિરૂપાધિકત્વ અને કર્તૃત્વને વિરોધ નથી.

શરીરની અંદર રહેલ જીવનું સંનિધાનમાત્ર શરીરની બધી ક્રિયાઓનું પ્રેરક છે.

ઋષયો મન્ત્રદ્રષ્ટારઃ।

ૐકારમાં પરબ્રહ્મનું વર્ણન કરતી
માનવીય મનની અભિવ્યક્તિ થાય છે.
ૐકાર એ પરબ્રહ્મ છે અને પરબ્રહ્મનું પ્રતીક પણ છે.
નિર્ગુણ પરમાત્માના પર સ્વરૂપનું દર્શન+ ઓંકાર છે.
ૐકાર એ સાડા ત્રણ માત્રાનો બનેલો અક્ષર છે.
અ + ઉ + મ + અર્ધમાત્રા = આત્મા.
અર્ધમાત્રા ત્રણેના સહયોગનું સૂચક છે,
તે પાપ-પુણ્યથી પર એવા શુદ્ધાત્માનું પ્રતીક છે.
અ - પૃથ્વી - ભૂઃ - ઉત્પત્તિ - વિશ્વ - આધિભૌ૦
ઉ - અંતરિક્ષ - ભુવઃ - સ્થિતિ - તૈજસ - આધિદૈ૦
મ - દ્યુલોક - સ્વઃ - લય - પ્રાજ્ઞ - આધ્યા૦
ત્રણ પ્રશ્નો : પરબ્રહ્મ છે? તે પ્રાપ્ત થઈ શકે છે?
તેની અનુભૂતિ કરી શકાય છે?
આ ત્રણે પ્રશ્નનો ઉત્તર ૐ = ૐકારમાં આપ્યો છે.
ૐકાર એ અનુમતિસૂચક પણ છે.
ખોટો આશાવાદ કે કેવળ નિરાશાવાદ -
તે બંનેની મધ્યમાં ઓંકાર છે.
સર્વ સાક્ષી તુરીય છે, તુરીય નામે ઓળખાય છે.

ॐ इत्येकाक्षरं ब्रह्म व्याहरन्मामनुस्मरन् ।
यः प्रयाति त्यजन् देहं स याति परमां गतिम् ॥
ओंकार प्रणवा देवाः ओंकार प्रणवाः स्वराः ।
ओंकार प्रणवं सर्वं त्रैलोक्यं सचराचरम् ॥ (परिशिष्ट-१०)

'રામ' શબ્દની વ્યુત્પત્તિ

रमन्ते योगिनो यस्मिन्, स रामः ।
જેમાં યોગીઓ રમે છે, તે રામ = આત્મા.
रमन्ते सर्वेषु भूतेषु, स रामः ।
જે બધા પ્રાણીઓમાં રમે છે, તે રામ.
ર અગ્નિ બીજ છે અને
તેના ઉચ્ચારને શક્તિપ્રેરક માન્યો છે.
'ર' અક્ષરમાં 'નાની લહરી', 'આ' અક્ષરમાં 'દીર્ઘ લહરી',
'મ' અક્ષરમાં 'મધ્યમ લહરી' સમાયેલી છે.
'ર'ના ઉચ્ચારણમાં પુષ્કળ શક્તિનો ખર્ચ થાય છે.
'આ' બોલતાં ઓછી શક્તિ ખર્ચાય છે.
બાળકોને 'આ'નો ઉચ્ચાર સુલભ - 'ર'નો અઘરો પડે છે.
'રામ'માંની શક્તિ આ રીતે સમતોલ છે.
'રામ' શબ્દને પણ સત્ય-નિષ્ઠા-શૌર્યનું પ્રતીક માન્યું છે.
દશરથના સૌથી મોટા પુત્ર રામની કથા એ વિષે પ્રસિદ્ધ છે.

# યોગ વિજ્ઞાન

મહાભારતમાં યોગને 'સનાતન' તથા ગીતામાં 'પુરાતન' કહ્યો છે.
યોગનો ઉપયોગ આધ્યાત્મિક લાભ મેળવવા માટે છે.
(૧) માંદા ન પડવા માટે (૨) માંદગીમાંથી સાજા થવા માટે
(૩) માનસિક શક્તિ મેળવવા કે જાળવી રાખવા માટે
(૪) નાની મોટી માનસિક તકલીફો, થાક, તંગ પરિસ્થિતિ
વગેરેથી દૂર રહેવા માટે યોગનો ઉપયોગ કરવાની
વૃત્તિ આ કાળમાં માનવસમૂહ મધ્યે વધતી જાય છે.
જેઓ કહે છે કે યમ અને નિયમ પાળ્યા વિના પણ
યોગ શીખવા શકાય છે, તેઓ સાચા નથી.
માનવનું વર્તન જ્યાં સુધી યોગ્ય ન બને ત્યાં સુધી
યોગ દ્વારા વિવિધ શક્તિઓ મેળવવાનો કોઈ અર્થ નથી,
તેથી અષ્ટાંગ યોગની શરૂઆત જ
યમ-નિયમથી કરવામાં આવી છે.
માનવની સૌથી મોટી નિર્બળતા કઈ? સ્વાર્થ.
જો માનવ સ્વાર્થને અળગો કરી શકે,
તો તે ખરેખર મહાન બની શકે છે.
આ પૃથ્વી ઉપર માનવથી મોટું કશું નથી અને
માનવમાં પણ મનથી મોટું બીજું કાંઈ નથી.
મનને વશ કરવા માટે મંત્ર જ એક પરમ સાધન છે.

૦ કાતર કાપવાનું - ભાગલા કરવાનું કામ કરે છે.
સોય સાંધવાનું - એકતા કરવાનું કામ કરે છે. માટે જ
દરજી સોયને માથે પાઘડીમાં તથા કાતરને પગ નીચે રાખે છે.

## Invitation to live life

આપણે જીવનમાં અને બીજાને જોવા મળેલી સારી વસ્તુઓની જ નોંધ લેવી જોઈએ, જે કાંઈ સારું - સુંદર છે, એના પર જ આપણે ભાર મૂકતાં થવું જોઈએ. આપણને જે મળ્યું છે, એ પ્રત્યે આપણે કૃતજ્ઞ રહેવું. દુનિયામાં સૌથી સુખી માણસ આવા કૃતજ્ઞ માણસો જ હોય છે. આપણે બીજાઓ પ્રત્યે સહાનુભૂતિ અને સમજદારી દાખવીએ તે સારા જીવન માટે અત્યંત મહત્વનું છે. બીજાની મુશ્કેલીઓમાં, તકલીફોમાં આપણે સાથે રહીએ, એમને સમજીએ અને ઉષ્માભરી સહાનુભૂતિ આપીએ, એથી આપણું જીવન પણ મધુરું જ સમૃદ્ધ બને છે તથા આપણામાં પ્રેમ પાંગરે છે.

પ્રેમમાં સર્જનની શક્તિ રહેલી છે.

સૌ પ્રત્યે મૈત્રી અને બંધુત્વનો ભાવ કેળવવો જોઈએ.

ભૂતકાળમાં જે કાંઈ વેઠવું પડ્યું હોય,
એનું પારાયણ કરીને વર્તમાનને બગાડવો જોઈએ નહિ.

ઘણાંય લોકો ભૂતકાળમાં જીવીને વર્તમાનને કલુષિત કરે છે.
ભૂતકાળના દુઃખ અને વેદનાના પ્રસંગોને વસ્તુતઃ
વર્તમાન દ્વારા ભૂલી જવા માટે પ્રયત્ન કરવો જોઈએ.
આમ સૌ બાબતે વિધાયક દૃષ્ટિકોણ અપનાવવો જોઈએ.
ભય, અનિદ્રા, ઉચાટ એ બધા આત્મવિશ્વાસને તોડી
પાડનારા છે. આપણા પરિસ્થિતિનો આપણને મળતી તકોનો
સૌથી સારો લાભ ઉઠાવવા માટે કટિબદ્ધ થવું જોઈએ.

આત્મવિશ્વાસ અને સંકલ્પબળ વડે
દરેક કામોને સારી રીતે પાર પાડી શકાય છે.

આ માટે વિચારવાની રીતમાં પરિવર્તન લાવવું જોઈએ.
સારી વસ્તુઓનો - સુખ, આશા અને ભક્તિના પ્રસંગોનો
જ મુખ્યત્વે વિચાર કરવો જોઈએ અને તેના તરફ
ખેંચાણ વધારવું જોઈએ. આપણા જીવનમાં શું બને છે,
કેવા સંજોગો ઊભા થાય છે, એના કરતાં આપણા એ
વિષેના પ્રત્યાઘાતો કેવા છે, એનું વિશેષ મહત્ત્વ છે.
આપણા જીવનમાં જે પણ કંઈ થાય, એનો સારામાં
સારો ઉપયોગ કરવાની કળા હસ્તગત કરવી જોઈએ.
ઈશ્વરની પ્રાપ્તિ માટે ઉત્કટ પ્રેમ, કરુણાર્દ્ર હૃદય
અને શાસ્ત્રયુક્ત ભક્તિપૂર્ણ વૈરાગ્યની આવશ્યકતા છે.

## અષ્ટપ્રવચન માતાનું જ્ઞાન

સમકિતી અડપવયણ ધણી પણ જ્ઞાની કહેવાય,
સમકિત વિણ નવ પૂરવી, અજ્ઞાની કહેવાય. ...(૧)

### સમ્યગ્દૃષ્ટિ જીવનું જ્ઞાન

અષ્ટપ્રવચનમાતાના જ્ઞાન જેટલું હોય તો ય તે જ્ઞાન છે. મિથ્યાદૃષ્ટિનું ૯ પૂર્વ પ્રમાણ જ્ઞાન પણ અજ્ઞાન છે. સમિતિનું જ્ઞાન એટલે માત્ર પૂંજવું - પ્રમાર્જવું એટલું જ નહિ કિન્તુ એની પાછળ સમ્યગ્દર્શન સહિત પ્રાણીમાત્ર પ્રત્યેના વાત્સલ્યથી ભરેલું હૃદય હોવું જરૂરી છે. જીવોના સુખમાં પોતાથી બાધા ન થઈ જાય, કોઈને પીડા ન થાય, એવા કાળજીપૂર્વકનું જીવન સમિતિનો પ્રાણ છે. સમિતિ-ગુપ્તિ પ્રવચનની માતા છે, કેમકે એ માતાની જેમ સર્વના સુખ - સર્વના હિતની ચિન્તાસ્વરૂપ છે. પ્રવચન અર્થાત્ જિનશાસન. તે સર્વ જીવો પ્રત્યેના માતૃતુલ્ય વાત્સલ્યમાંથી ભરપુર હૃદયમાંથી જન્મેલું છે, જીવો પ્રત્યેનું વાત્સલ્ય એ જિનશાસનનો પ્રાણ છે.

ષોડશક ૨, શ્લોક - ૯ની ટીકામાં કહ્યું છે કે:

प्रवचनस्य प्रसूतिहेतुत्वेन, हितकारित्वेन
च मातृत्वमवसेयम् ।

સદ્ગતિ: ઉત્પત્તિનું કારણ હોવાથી અને
હિતકારીપણાથી પ્રવચનનું માતૃત્વ જણાવ્યું.

સમિતિપૂર્વકનું જીવન એટલે જગતના જીવો સાથેનું પ્રેમ, સહાનુભૂતિ, સત્કાર અને સહિષ્ણુતાપૂર્વકનું જીવન. ગુપ્તિપૂર્વકનું જીવન એટલે પરમાં પ્રવૃત્ત થતાં મન, વચન અને દેહને ત્યાંથી પાછા વાળીને એકાંત અને મૌન દ્વારા, નિજમાં ઉતારવાની ક્રિયાનો અભ્યાસ તે.

એ રીતે સમિતિ - ગુપ્તિમય જીવનમાં
સર્વના હિતની ભાવના અને પોતાના હિતની આચરણા
રહેલી હોવાથી તેને પ્રવચનમાતાની અને
સર્વ જગજંતુઓની માતાની ઉપમા પ્રાપ્ત થયેલી છે.

'સમકીત વિના ૯ પૂર્વનું જ્ઞાન પણ અજ્ઞાન છે' તેનો અર્થ એ છે કે: જ્ઞાનનું ફળ રૂપે દયા, કરુણા, સહાનુભૂતિ, સત્કાર, મૈત્રી કે ક્ષમા તેમાં હોતી નથી.

કરુણાદિ ગુણોની અભિવ્યક્તિનું નામ જ
સમિતિ-ગુપ્તિ હોવાથી તેનું જ્ઞાન તે જ્ઞાન છે અને તે સમ્યક્ત્વ સહિત છે, એટલે અનુકંપા - વાત્સલ્યાદિ ગુણોથી પણ સહિત છે, માટે તે મોક્ષમાર્ગ બને છે. મોક્ષમાર્ગ સમ્યગ્દર્શન જ્ઞાનસહિત ક્રિયાને માનેલો છે.

અષ્ટપ્રવચન માતાને માતાની ઉપમા હોવાથી તેમાં સમ્યક્ ક્રિયા સાથે સમ્યગ્દર્શનના વાત્સલ્યાદિ ગુણો રહેલા છે. ૫ સમિતિ - 3 ગુપ્તિ એ સર્વ જીવોને હિતકારી એવા પ્રવચનને ઉત્પન્ન કરનાર હોવાથી માતા રૂપ છે.

## नमो अरिहंताणं ।

અરિહંતના અહીં પર્યાયો દ્વારા તથાભવ્યત્વ-પરિપાકના દુષ્કૃતગર્હાદિ ત્રણે સાધનોની પ્રાપ્તિ થાય છે.

ॐ अर्हं नमः । માં अर्हं એટલે अरिहं, अरहं, अरुहं ।

(૧) ભાવશત્રુઓનો નાશ કરનારા, શત્રુભાવનાનો નાશ કરનારા, મિત્રભાવ વડે સકલ ભાવશત્રુઓનો ક્ષય કરનારા, સમત્વભાવ વડે મમત્વભાવનો નાશ કરનારા, રાગ-દ્વેષ-મોહાદિ દુષ્ટ દોષોનો ક્ષય કરનારા, દુષ્કૃતગર્હા વડે દુષ્કૃતોને જીતનારા અરિહંતોને નમસ્કાર હો, નમન હો.

(૨) અહીં ભુવનને પૂજ્ય એવું તીર્થંકરપદ પામનારાઓને, ગુણપ્રકર્ષને પ્રાપ્ત થયેલાઓને, અચિન્ત્ય શક્તિયુક્ત, સર્વજ્ઞ, પરાર્થરસિક એવા વિશિષ્ટ તથાભવ્યત્વના પરિપાકથી ત્રિભુવનપૂજ્યપદને વરેલાઓને, સુકૃતાનુમોદન વડે શ્રેષ્ઠતમ સુકૃતરૂપ ભવોદધિ નિસ્તારક તીર્થને સ્થાપનારાઓને નમન હો.

(3) કર્મરિપુને નષ્ટ કરવા વડે કૃતાર્થ એવાઓને જન્મ લેવાપણું છે નહિ તેવા જન્મ-જરા-મરણાદિ દુઃખોનો અંત કરનારા, નિર્મળ-નિષ્કલંક એવા શુદ્ધ આત્મ-સ્વરૂપને પામેલાઓને, સ્વરૂપરમણતા વડે અવ્યાબાધ સુખને અનુભવનારાઓને, આત્મસ્વરૂપદાતારોને નમન હો.

## નિશ્ચય-વ્યવહારની ચર્ચાના વિષયો

(૧) દ્રવ્ય - ક્ષેત્ર - કાળ - ભાવ - ભવ - ગુરુ - સંસ્થાન.

(૨) દ્રવ્યાર્થિક - પર્યાયાર્થિક - ઓઘઆદેશ - વિધાન આદેશ - ૫ - ૬ - ૭ - અસંખ્ય.

(3) શાબ્દિક વ્યવહારનો આધાર છે: નામ - સ્થાપના - દ્રવ્ય - ભાવ.

(૪) જ્ઞાનનય તથા ક્રિયાનય.

(૫) વ્યવહારનય તથા નિશ્ચયનય.

(૬) નય તથા પ્રમાણ વડે સંપૂર્ણ અધિગમ.

આયા ચેવ અહિંસા આયા હિંસત્તિ નિચ્છઓ એસો ।
જો હોઇ અપ્પમત્તો અહિંસઓ હિંસઓ ઇઅરો ॥૧॥

શબ્દ - સમભિરૂઢ - એવંભૂત નયોને મતે આત્મા જ હિંસા-અહિંસા છે. આ નિશ્ચયનયનો અભિપ્રાય છે. નિશ્ચયનય દ્રવ્ય-પર્યાયનો ભેદ માનતો નથી, પણ

પર્યાયનું પ્રાધાન્ય માની પોતાનું મંતવ્ય રજુ કરે છે.
આત્માની હિંસા - અહિંસા નહિ પણ આત્મા જ હિંસા
કે અહિંસા છે, એવું નિશ્ચયનયનું સ્પષ્ટ મંતવ્ય છે.
બીજાનું, સમાજનું, જગતનું સત્ય તે વ્યવહારનય છે
તથા કોઈ વિરલ વ્યક્તિ માટેનું સત્ય તે નિશ્ચયનય છે.

એક સ્થૂલગાથા છે, જ્યારે અર્થ સૂક્ષ્મગાથા છે.

ઇત્થમિહ સવ્વણયમયં જિણમયમણવજ્જમચ્ચંતં । વિ.આ.-૭૨

અર્થાત્ઃ તે આ જિનેશ્વર ભગવંતનો મત સર્વનયાત્મક
હોવાથી અત્યંત અનવદ્ય (સર્વશુદ્ધ, દોષરહિત) છે.

સર્વનયમય જિનમતને નિશ્ચયનય પણ કહ્યો છે.

એકનયમય મતદર્શનો વ્યવહારનયથી દર્શન છે.
સર્વનયમય જિનદર્શન નિશ્ચયનયથી - તત્ત્વથી દર્શન છે.
તે સર્વનયના સમૂહરૂપ હોવાથી સ્યાદ્વાદ દર્શન છે.
સ્યાદ્વાદ એ નયોના સમૂહરૂપ પ્રમાણ છે. નયોનો વિચાર
દ્રવ્યાનુયોગ ઉપરાંત ચરણકરણાનુયોગમાં પણ થયો છે.

દ્રવ્યાનુયોગ એટલે દર્શનશાસ્ત્ર અને
ચરણકરણાનુયોગ એટલે ધર્મશાસ્ત્ર.

એકમાં જ્ઞાનની અને બીજામાં આચારની પ્રધાનતા છે.

દ્રવ્યાર્થપ્રધાન પ્રથમ ૩ નયો અશુદ્ધ નયો છે.

પર્યાયાર્થપ્રધાન આદિ પાછળના ૪ નયો શુદ્ધ નયો છે.
એક નિત્યવાદી અને બાકી અનિત્યવાદી છે.
નિત્યવાદીના મતે સામાયિક અકૃત, અનિત્યવાદીના મતે કૃત
અને સ્યાદ્વાદવાદીના મતે કૃતાકૃત છે.
અશુદ્ધ નયને વ્યવહારિક નયો પણ કહે છે.
શુદ્ધ નયો નૈશ્ચયિક છે.
વ્યવહાર એ વિશેષને માનીને ચાલે છે પણ
શુદ્ધાશુદ્ધના વિભાગમાં વ્યવહાર દ્રવ્યાર્થિક પ્રધાન છે,
એટલે તે સામાન્યને માને છે.
નિશ્ચય એ પર્યાયાર્થિક હોઈ વિશેષને વિષય કરે છે.
વ્યવહાર પર સામાન્યને નહિ પણ અપર સામાન્યને
વિષય કરે છે, જે સત્તા સામાન્યની અપેક્ષાએ વિશેષ છે
અને પોતાના વિશેષની અપેક્ષાએ સામાન્ય છે, તેથી
તેમાં દ્રવ્યાર્થિકતા અને વ્યવહારિકતા ઉભય ઘટે છે.
વ્યવહારનયથી ગુરુ પુદ્ગલ અધોગામી અને લઘુ પુદ્ગલ
ઉર્ધ્વગામી છે. નિશ્ચયનયથી એ મત અયુક્ત છે,
કેમકે લઘુ એવો પરમાણુ અધોગમન કરે છે અને
ગુરુ એવી ધૂમશિખા ઉર્ધ્વગમન કરે છે.
દેવના વિમાનો ગુરુ છતાં અધોગતિ કરતાં નથી અને
સૂક્ષ્મ દેહવાળો દેવ મોટા પર્વતોને પણ ઊંચે ઉછાળે છે.

નિશ્ચયનય કહે છે કે:

ગુરુતા - લઘુતા ઉપરાંત દ્રવ્યનો વર્ણ પરિણામ,
ગતિ પરિણામ વગેરે પણ ઉર્ધ્વાધોગમનમાં હેતુ બને છે.
નિશ્ચયનયથી ચારિત્રના ઘાતમાં જ્ઞાન - દર્શનનો ઘાત છે,
વ્યવહારનયથી એ ભજના છે.

વળી જે જ્ઞાન ક્રિયામાં ન પરિણમે તે જ્ઞાન
નિશ્ચયનયથી અજ્ઞાન છે, વ્યવહારનયથી જ્ઞાન છે.
આમાં યથાર્થતા કરતાં મૂલ્યાંકનની દૃષ્ટિને મહત્ત્વ છે.

મોક્ષનું સાક્ષાત કારણ ક્રિયા છે.
કેવળજ્ઞાન થયા પછી પણ યોગનિરોધની ક્રિયા ન થાય,
ત્યાં સુધી જીવનો મોક્ષ થતો નથી.
મોક્ષની દૃષ્ટિએ ચારિત્રનું મહત્ત્વ અધિક છે.

વ્યવહારનયથી સામાયિકના કર્તા તીર્થંકર - ગણધર છે,
નિશ્ચયનયથી આત્મા પોતે જ કર્તા છે.
સામાયિકશ્રુત જે બાહ્ય છે, તેના કર્તા તીર્થંકર - ગણધર છે.
સમતાભાવ જે અભ્યંતર છે અને આત્મગુણ છે,
તેનો કર્તા સામાયિકની ક્રિયા કરનાર જીવ છે.
શ્રુત સામાયિકના કર્તા ભગવાન છે, જ્યારે સમકીત
અને દેશ - સર્વવિરતિ સામાયિકનો કર્તા જીવાત્મા છે.

વ્યવહારનયના મતે જેનામાં
સમ્યક્ત્વ અને જ્ઞાન ન હોય, તેને સમ્યક્ત્વ થાય છે.
નિશ્ચયનયના મતે જેનામાં હોય, તેને સમ્યક્ત્વ થાય છે.

સમ્મત્તનાણરહિયસ્સ નાણમુપ્પજ્જઇત્તિ વવહારો ।
નેચ્છઇયનઓ ભાસઇ ઉપ્પજ્જઇ તેહિં સહિઅસ્સ ॥૧॥
– વિ૦ ગા-૪૧૪

સ્પષ્ટતા : કાર્યની ઉત્પત્તિ ક્રિયાકાળમાં પણ છે અને નિષ્ઠાકાળમાં પણ છે એમ વ્યવહારનયનો મત છે. નિશ્ચયનય ક્રિયાકાળ અને નિષ્ઠાકાળ એક જ માને છે. જમાલી કૃતને કૃત માનતો પણ ક્રિયમાણને કૃત ન માનતો. ભગવાન મહાવીર ક્રિયમાણને કૃત માનતા. ક્રિયમાણને કૃત માનવું તે નૈગમનયનો મત છે અને કૃતને કૃત માનવું તે નિશ્ચયનયનો અભિપ્રાય છે.

(અગ્નિ અને સંથારાનું દૃષ્ટાંત)

કેવળજ્ઞાનની ઉત્પત્તિ વ્યવહારનયના મતે કેવળજ્ઞાન આવરણના ક્ષયકાળે છે. નિશ્ચયનયના મતે ક્ષયકાળે છે, તે પછી તેના મતે અંધકારનો નાશ અને પ્રકાશની ઉત્પત્તિ સમકાળે થાય છે. વળી નિશ્ચયને મતે જ્ઞાન એક જ છે અને તે કેવળજ્ઞાન, પણ તે જુદાં જુદાં

આવરણોને લઈને મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન, અવધિજ્ઞાન,
મનઃપર્યવજ્ઞાન આદિ નામો ઉપચારથી કરે છે.

વ્યવહારનયના મતે કાર્યની ઉત્પત્તિ
સ્વતઃ, પરતઃ, ઉભયતઃ અથવા નોભયતઃ છે.

નિશ્ચયનયના મતે કાર્યની ઉત્પત્તિ સ્વતઃ છે.

સ્વતઃ ઉત્પત્તિ મેઘની, પરતઃ ઉત્પત્તિ ઘટની,
ઉભયતઃ શરીરની અને નોભયતઃ આકાશની હોય છે.

શૂન્યવાદીના મતે કાર્યની ઉત્પત્તિ ચતુષ્કોટિ વિનિર્મુક્ત છે
અર્થાત્ પ્રતીત્ય સમુત્પન્ન છે.

કાર્યસિદ્ધિ-ઉત્પત્તિમાં ઉપાદાન તથા નિમિત્ત - બન્ને ઉભયની આવશ્યકતા છે. જેઓ ઉપાદાનને મુખ્ય માને છે, તેઓ વસ્તુસ્થિતિ કરતાં મૂલ્યાંકનની દૃષ્ટિને મહત્ત્વ આપે છે. ઉપાદાનમાં યોગ્યતા ન હોય તો નિમિત્ત કાંઈ કરી શકતું નથી. વસ્તુ સ્થિતિની દૃષ્ટિએ નિમિત્ત વિના ઉપાદાનમાં કુશળતા આવતી નથી.

એ રીતે ઉભયને ઉભયની આવશ્યકતા છે.

નિમિત્તને પ્રધાન માનવાથી ઉપાદાનમાં યોગ્યતા પ્રકટે છે
અને ઉપાદાનને પ્રધાન માનવાથી નિમિત્ત ખેંચાઈ આવે છે.

વ્યવહારનય નિમિત્તને પ્રધાનતા આપે છે,
તેથી તેનો પાયો કૃતજ્ઞતા ગુણ છે.

નિશ્ચયનય ઉપાદાનને મુખ્યતા આપે છે,

તેથી તેનો પાયો સ્વતંત્રતા ગુણ છે.

સ્વતંત્રતાને દૃષ્ટિમાં રાખીને

કૃતજ્ઞતાનું પાલન કરવું એ સ્યાદ્વાદનું અનુસરણ છે.

વ્યવહારનય નિર્જરામાં બાહ્યનિમિત્તને બળવાન માને છે.

નિશ્ચયનય ભાવવિશુદ્ધિને મુખ્ય માને છે.

ઉત્તરોત્તર ગુણાધિક વસ્તુના અવલંબને ભાવની વિશુદ્ધિ થાય છે, એ વ્યવહારનો મત છે. નિશ્ચય મતે નિમિત્ત ગુણાધિક જ હોવું જોઈએ, એવો નિયમ નથી.

ગુણહીન નિમિત્તથી પણ ભાવવિશુદ્ધિ થઈ શકે છે.

ભગવાન મહાવીરથી બોધ ન પામનાર

હાલિક ગૌતમ ગણધરથી પ્રતિબોધ પામ્યો છે.

અધિકારી ભેદે બન્ને માર્ગ જરૂરી છે.

વ્યવહાર એ રાજમાર્ગ છે, નિશ્ચય એ કેડીમાર્ગ છે.

સામાન્ય જન માટે રાજમાર્ગ ઉપયુક્ત છે.

વિરલ માટે કેડીમાર્ગ અર્થાત્ વિશિષ્ટ માર્ગ.

વ્યવહારનયના મતે અનેક શબ્દો એક અર્થને કહી શકે:

દૃષ્ટાંત: ઘટ, કુટ, કુંભ, કલશાદિ.

નિશ્ચયનયને મતે તે એકાર્થક બની શકે નહિ, કેમકે

શબ્દોની રચના ક્રિયાના આધારે થાય છે.

તેથી શબ્દમાત્રમાં ક્રિયાભેદ રહેવાનો અને
ક્રિયાભેદથી અર્થભેદ પણ થવાનો છે.

જિનમત ઉભયનયનો અપેક્ષાએ સ્વીકાર કરે છે.

જિનશાસનનો રથ વ્યવહાર - નિશ્ચય બે ચક્રોથી ચાલે.

આમાંથી એકનો પણ પરિત્યાગ કરવાથી
મિથ્યાત્વ અને તત્ત્વ શંકા વગેરેના દોષો આવે છે.

વ્યવહારના ત્યાગથી તીર્થોચ્છેદ થાય.

અહીં આષાઢાચાર્યના શિષ્યોનું દૃષ્ટાંત છે.

અવ્યક્તવાદી નિહ્નવોની ઉત્પત્તિને બલભદ્ર રાજાએ
અટકાવી હતી, આ રીતે મુનિલિંગ આવશ્યક છે.

આત્મવિશુદ્ધિ એ જ મોક્ષમાં હેતુ છે.

ભરત અને પ્રસન્નચંદ્રનાં તે માટે દૃષ્ટાંતો છે.

એ એકાંત નિશ્ચયનો મત છે.

ભરતાદિના દૃષ્ટાંતોથી બાહ્યવ્યવહારનો લોપ કરવો ઉચિત નથી. એમને બાહ્યવ્યવહાર વિના જ અધ્યાત્મ વિશુદ્ધિ થઈ તે કાદાચિત્ક છે. પૂર્વ ભવમાં તેમણે પણ આંતર-બાહ્ય ઉભયનું સેવન કર્યું હતું, અહીં કોઈ એકાંત નથી, કોઈને બાહ્યવ્યવહારથી, કોઈને આંતરવિશુદ્ધિથી, કોઈને ઉભય વિધિથી કેવળજ્ઞાન - મોક્ષ થઈ શકે છે.

દૃષ્ટાંતના આધારે આત્મશ્રદ્ધા જાગૃતી થઈ શકે નહિ.
તેમ કરવા જતાં ઉન્માર્ગ પોષાય છે.
બાહ્ય તથા અભ્યંતર - બન્ને ઉભય લિંગનું
પોતપોતાના સ્થાને સરખું મહત્ત્વ છે.

0 यत् सत् तत्क्षणिकम् । बौद्धाः ।
यत् सत् तत् त्रिकालाबाध्यं । वेदांतिनः ।
यत् सत् तत् सत्तायोगित्वम् । नैयायिकाः ।
यत् सत् तत् उत्पादव्ययध्रौव्ययुक्तं । जैनाः ।
यत् सत् तत् अर्थक्रियाकारित्वं । नव्यबौद्धाः ।
केवलं यदेतदर्थक्रियाकारित्वं सर्वजनप्रसिद्धमास्ते
तत् सत् । (પરિશિષ્ટ-૧૧)

બૌદ્ધમતે ક્ષણિક વસ્તુ જ અર્થક્રિયાકારી છે.
વેદાંતમતે નિત્ય વસ્તુ જ અર્થક્રિયાકારી છે.
જૈનમતે નિત્યાનિત્ય વસ્તુ જ અર્થક્રિયાકારી છે.

<u>વિજ્ઞાનવાદી બૌદ્ધ માટે સત્‌ની 3 કોટિ</u>

(૧) પરમાર્થ સત્ - ક્ષણિક વિજ્ઞાન
(૨) સંવૃત્તિ સત્ - બાહ્યવસ્તુ
(3) પરિકલ્પિત સત્ - નિત્યદ્રવ્ય

ધ્યાન સાધના દ્વારા વિજ્ઞાનની પ્રાપ્તિ થાય છે.

## શૂન્યવાદી બૌદ્ધ માટે સત્‌ની ત્રણ કોટિ

(૧) પરિનિષ્પન્ન સત્ - ક્ષણિક પ્રત્યય

(૨) પરતંત્ર સત્ - ક્ષણિક બાહ્યવસ્તુ

(3) પરિકલ્પિત સત્ - નિત્ય દ્રવ્યાદિ

બુદ્ધિ દ્વારા બુદ્ધિની શુદ્ધતાનું ભાન થતાં
પ્રત્યયનો સાક્ષાત્કાર થાય છે.

### જૈન મતે

ધ્રૌવ્યનો મતલબ તદ્ભાવાવ્યયમ્ | સ્વભાવની અવિચ્યુતિ.

વેદાંત મતે: ધ્રૌવ્યનો અર્થ કૂટસ્થ નિત્યતા.

### પ્રતીત્ય સમુત્પાદ:

કાર્યને ઉત્પન્ન કરીને કારણનું નાશ થઈ જવું.

યઃ પ્રતીત્ય સમુત્પાદઃ શૂન્યતાં તાં પ્રચક્ષ્મહે | મા.કારિ:

જે શૂન્યતાને આશ્રયાને ઉત્પત્તિ છે, તેને અમે કહીશું.

અવસ્થિતસ્ય દ્રવ્યસ્ય પૂર્વધર્મનિવૃત્તૌ
ધર્માન્તરપ્રતિપત્તિઃ પરિણામઃ | - યોગસૂત્ર વ્યાસ ભાષ્યમ્

(૧) ધર્મ પરિણામ = અર્થ પર્યાય = દૃષ્ટિમાં પરિવર્તન.

(૨) લક્ષણ પરિણામ = કાળપર્યાય = ભૂત - સાંપ્રત - ભાવી

(3) અવસ્થા પરિણામ = વ્યંજન પર્યાય = જૂનું - નવીન.

અથવા તીવ્રતા - મન્દતાની અવસ્થા.

(૧) દ્રવ્યપર્યાય (પરિણામ)

ઘટઃ = પુદ્ગલ દ્રવ્યે, મનુષ્યત્વં = જીવ દ્રવ્યે ।

ગુણપર્યાય (પરિણામ)

પીતત્વ-શ્યામત્વે પુદ્ગલે, જ્ઞાનત્વં જીવે ।

(૨) અવસ્થા (પરિણામ)

વ્યંજન પર્યાયે, ન અર્થ પર્યાયે ।

Parinama is both material change in time અપરિસ્પન્દાત્મક and physical movement in space i.e. પરિસ્પન્દાત્મક.

Two kinds of ક્રિયા

પરિણામાત્મિકા ક્રિયા । પરિસ્પન્દાત્મિકા ક્રિયા ।

પરિસ્પન્દ is possible only in jiv and pudgal. ધર્મ, અધર્મ, આકાશ દ્રવ્યેષુ ન વિદ્યતે પરિસ્પન્દઃ । પ્રકૃતિ અપરિસ્પંદાત્મિકા છે, તેના વિકારોમાં પરિસ્પન્દ છે. કાળ એ પ્રવૃત્તિનો પરિણામ છે. સ્વતંત્ર દ્રવ્યરૂપ નહિ. કાલશ્ચેત્યેકે ।

જૈનો કાળને સ્વતંત્ર દ્રવ્ય માને છે અને નહિ પણ માનતા. નહિ માનતા ત્યારે સાંખ્યની સાથે સમાનતા આવે છે.

द्रव्य, क्षेत्र, काल, भाव - देश, काल, आकार, निमित्त.
Potentially कार्य - effect is excistent in कारण - cause & in actual manifestation, it is nonexcistent.
સાંખ્યના સત્કાર્યવાદમાં પણ કારણોથી કાર્ય ઉદ્ભવે છે.

<u>તત્વાન્તર</u> પરિણામ - પ્રકૃતિના વિકાર
ધર્મ - લક્ષણ - <u>અવસ્થા</u> પરિણામ.

જૈનોમાં અવસ્થાંતર પરિણામ માન્યું છે પણ તત્વાન્તર પરિણામ માન્યું નહિ, કેમકે સૌ તત્વો સ્વતંત્ર માન્યા છે.
દાખલા તરીકે જીવ, અજીવ ઈત્યાદિ.

गृहे गृहे पुस्तकभारभारं, पुरे पुरे पंडितरूढरूढम् ।
मठे मठे तापसवृंदवृंदं, न ब्रह्मवेत्ता न च कार्यकर्ता ॥

<u>અર્થાત્</u>: બ્રહ્મવેત્તા ગુરુ અને નિષ્કામ કર્મનો કરનાર શિષ્ય દુર્લભ છે. બાકી તો પુસ્તકોના ભંડાર, પંડિતોના જૂથ અને તાપસોના વૃંદોના વૃંદ અવશ્ય સુલભ છે.
ઈશ્વર પ્રણિધાન = પરમ પ્રેમપૂર્વક ઈશ્વરની ભક્તિ.
ભક્તિનું ફળ ક્રિયા છે અને મૂળ રાગ છે.
વૃક્ષનું પારખું તેના ફળ ઉપરથી થાય છે. ઈશ્વરના પ્રણિધાનનું ફળ સમાધિમયતા અને ક્લેશોની અલ્પતા.

ક્લેશ ઘટવાથી સમાધિ - સમાધિ વધવાથી ક્લેશહાનિ,
અને ઉત્તરોત્તર ઘટતું જાય છે.

પાંચે ક્લેશની જનની - જન્મભૂમિ અવિદ્યા છે.
સત્તામાં રહેલા તે પ્રસુપ્ત, ઉદયમાં આવેલા તે ઉદાર,
પાતળા પડેલા, તનુ અને પ્રબળતર વિરોધિના ઉદય
વખતે ન દેખાનારા તે વિચ્છિન્ન ક્લેશ ઇત્યાદિ છે.
સુખ - સુખનાં સાધન માટે તીવ્રતમ લોભ તે રાગ છે.
દુઃખ - દુઃખનાં સાધન માટે તીવ્રતમ ક્રોધ તે દ્વેષ છે.
સુખ-દુઃખના અનુભવથી તે ઉત્તરોત્તર વધતાં જાય છે.

અભિનિવેશ એટલે...

વર્તમાન દેહે જ જીવવાની તીવ્ર અભિલાષા. ક્રિયાયોગથી
ક્લેશો પ્રસુપ્ત થાય છે, ધ્યાનયોગથી નિર્મૂળ થાય છે.

પ્રકૃતિના સ્વરૂપદર્શનથી પુરુષને ભોગ મળે છે,
પુરુષના પોતાના સ્વરૂપદર્શનથી મોક્ષ મળે છે.

0 મનન માટે મૌનની આવશ્યકતા છે.

मन्यते यो जगत् तत्त्वं स मुनिः परिकीर्तितः ।
सम्यक्त्वमेव तन्मौनं मौनं सम्यक्त्वमेव हि ॥१॥

અર્થાત્: જે જગતતત્ત્વને માને છે, તે મુનિ ઇત્યાદિ છે,
તેથી સમ્યક્ત્વ જ મૌન છે અને મૌન જ સમ્યક્ત્વ છે.

પ્રજ્ઞાની ૭ ભૂમિકા (૧) કાર્યવિમુક્તિ પ્રજ્ઞા:
હેય, હેય હેતુ, હાન, હાનોપાયનું યથાર્થ જ્ઞાન.
(૨) ચિત્તવિમુક્તિ પ્રજ્ઞા: બુદ્ધિ સત્ત્વ, ત્રિગુણ સત્ત્વ,
રજ-તમ: સ્વરૂપની કૃતાર્થતા, ત્રિગુણાતીત કૈવલ્ય અવસ્થા.
(3) વિવેકજ્ઞાન - ભેદજ્ઞાન - પ્રકાશ - સત્ત્વધર્મ - પુરુષ
પ્રકૃતિના ભેદનું નિર્મળજ્ઞાન યોગાંગોના સેવનથી થાય છે.
(૪) અભ્યાસનો સમાધિમાં સમાવેશ છે.
(૫) વૈરાગ્યનો સંતોષમાં સમાવેશ છે.
(૬) શ્રદ્ધા, વીર્ય વગેરેનો તપ-સ્વાધ્યાયમાં સમાવેશ છે.
(૭) મૈત્રી-મુદિતાદિનો ધારણા તથા ધ્યાનમાં સમાવેશ છે.

અહિંસા એટલે... પ્રાણીમાત્ર સાથે પ્રેમ-દયા હોવા તે.
સત્ય એટલે... યથાર્થ ચિન્તન અને વચન.
અચૌર્ય એટલે... પરદ્રવ્યની સ્પૃહા ન હોવી તે.
બ્રહ્મચર્ય એટલે... પ્રભુપ્રાપ્તિ માટે
સર્વ ઇંદ્રિયોનો સમજપૂર્વકનો સંયમ.
અપરિગ્રહ એટલે... અર્જન, રક્ષણ, નાશનો ક્લેશ તથા
હિંસા અને આસક્તિનો હેતુ હોવાથી જીવનયાત્રાના નિર્વાહથી
અધિક વસ્તુઓનો અસ્વીકાર. હિંસાદિ યોગવિરોધી.
તેને દૂર કરનાર હોવાથી અહિંસાદિ યોગના ઉપાયો છે.

'હું કોઈપણ પ્રાણીને, કોઈપણ દેશમાં,
કોઈપણ કાળમાં, કોઈપણ નિમિત્તે ન પીડીશ'
એવા સંકલ્પપૂર્વક પરિપૂર્ણ અહિંસાદિ તે મહાવ્રત છે.
શમ એટલે ઉપશમ અને નિયમ એટલે અવશ્ય કર્તવ્ય.
શરીરની બાહ્યશુચિ જલાદિથી અને
આંતરશુચિ શુદ્ધ અન્ન - જલથી થાય છે.
મનની શુદ્ધિ મૈત્રી આદિ ભાવનાઓના આચરણથી થાય,
તેથી રાગ - દ્વેષ - ઈર્ષા - અસૂયાદિ મનના મેલ ધોવાય છે.
સંતોષ = સહજપ્રાપ્તથી અધિક મેળવવાની ઈચ્છાનો અભાવ.
તપ = દ્વંદ્વોને સહવા તે. સ્વાધ્યાય = આત્માની જાણ થાય
એવાં પવિત્ર શાસ્ત્રોનો અભ્યાસ અને પ્રભુનામનો જપ.
ઈશ્વરપ્રણિધાન = કર્મ અને તેના ફળનું સમર્પણ તે.
વિતર્કોનું સ્વરૂપ કૃતકારિતાનુમોદિત છે.
હેતુ ક્રોધ - લોભ - મોહ છે. ધર્મ મૃદુ મધ્યાધિકતા છે.
હિંસાદિનું મૂળ અનંત અજ્ઞાન તથા ફળ અનંત દુઃખ છે.
અહિંસાદિનાં ફળ અનંતજ્ઞાન અને અનંતસુખ છે.
રજોગુણ - તમોગુણ આવરણ છે, મનનો મેલ છે.
પ્રભુધ્યાનથી રજો - તમોગુણ હટીને સત્ત્વગુણ પ્રકટે છે.
સત્ત્વગુણના આવિર્ભાવમાં સફળતા વસે છે.

નવકારના પ્રથમ પદ 'અરિહંત'ની અર્થભાવના (૧)

અ = અભયદાન આપનારા અરિહંત ભગવંતો.

રિ = રત્નત્રયીયુક્ત - રિક્ત - કર્મરહિત સિદ્ધ ભગવંતો.

હં = કર્મને હણવા ઉદ્યમ કરનારા સાધુ ભગવંતો.

ત = તપ - ત્યાગમય જિનધર્મનું શરણું લેવું તે.

એ રીતે એક 'અરિહંત' પદ બોલતાં

અરિહંત, સિદ્ધ, સાધુ અને જિનધર્મની મંગળમયતા, લોકોત્તમતા અને શરણમયતાનો સ્વીકાર થાય છે.

નવકારના પ્રથમ પદ 'અરિહંત'ની અર્થભાવના (૨)

અરિહંત એટલે કર્મશત્રુને હણનાર.

પાપને હણવાનો ભાવ પાપની ગર્હણીયતામાંથી પ્રગટે છે, એટલે કર્મશત્રુને હણનાર એ અર્થ દુષ્કૃતગર્હારૂપ છે, અર્થાત્ એનું મૂળ દુષ્કૃતગર્હા છે.

અર્હંત એટલે પૂજાને યોગ્ય.

એવો ભાવ પૂજ્યમાં રહેલ ગુણોને જોવાથી પ્રગટે છે, એટલે સુકૃતાનુમોદનરૂપ છે.

અરુહંત એટલે ફરીથી જન્મ ન લેનારા એટલે જન્મ-જરા - મરણને જીતી જનારા જેઓ હોય, તેઓ જ વાસ્તવિક શરણને આપી શકે છે, માટે શરણાગતિરૂપ છે.

## નવકારના પ્રથમ પદની અર્થભાવના (3)

(1) નમો - દર્શનરૂપ - મૈત્રીની અભિવ્યક્તિ.
(2) અરિહં - જ્ઞાનરૂપ - પ્રમોદની અભિવ્યક્તિ.
(3) તાણં - ચારિત્રરૂપ - કરુણા - માધ્યસ્થ્યની અભિવ્યક્તિ.

## નવકારના પ્રથમ પદની અર્થભાવના (4)

(1) નમો - મન વડે નમન - દ્રવ્યનું.
(2) અરિહં - વચન વડે સ્તવન - ગુણનું.
(3) તાણં - કાયા વડે પ્રણામ - પર્યાયનું.

## નવકારના પ્રથમ પદની અર્થભાવના (5)

(1) મૈત્રીની અભિવ્યક્તિ મન દ્વારા થાય છે.
(2) પ્રમોદની અભિવ્યક્તિ વચન દ્વારા થાય છે.
(3) માધ્યસ્થ્ય - કરુણાની અભિવ્યક્તિ કાયા દ્વારા થાય છે.

## મનમાં ભાવિત ભાવનાની અભિવ્યક્તિ વિવિધ રીતે થાય:

(1) મૈત્રીભાવનાથી શુદ્ધ થયેલ મન દ્વારા દ્રવ્યની ઓળખાણ થાય છે.
(2) પ્રમોદભાવનાથી શુદ્ધ થયેલ મન દ્વારા ગુણની ઓળખાણ થાય છે.
(3) કરુણા અને માધ્યસ્થ્ય વડે શુદ્ધ થયેલ મન દ્વારા પર્યાયની ઓળખાણ થાય છે.

દ્રવ્યની ઓળખાણ થવાથી દર્શનગુણ પ્રગટે છે.
ગુણની ઓળખાણ થવાથી જ્ઞાનગુણ પ્રગટે છે.
પર્યાયની ઓળખાણ થવાથી ચારિત્રગુણ પ્રગટે છે.
દ્રવ્ય એ શ્રદ્ધાગુણને, ગુણ એ જ્ઞાનગુણને અને
પર્યાય એ ચારિત્રગુણને ઉત્તેજીત કે વિશુદ્ધ કરે છે.
દ્રવ્યની ઓળખાણ મિત્રતાને, ગુણની ઓળખાણ
પ્રમોદભાવને તથા પર્યાયની ઓળખાણ
કારુણ્ય અને માધ્યસ્થભાવને વિકસાવે છે.

નવકારના પ્રથમ પદની અર્થભાવના (૬)

નમો પદનું ભાવન નમ્રતાને વિકસાવે છે.
પોતે કરેલા અપકાર અને
બીજાએ કરેલા ઉપકારના જ્ઞાન અને સ્મરણથી
નમ્રતા તથા કૃતજ્ઞતા સ્થિર થાય છે.
તેમાંથી મૈત્રી અને કરુણા વિકસે છે.

નવકારના પ્રથમ પદની અર્થભાવના (૭)

નમો પદમાં જેમ નમ્રતા છે, તેમ કૃતજ્ઞતા પણ છે.
પોતાના અપરાધના સ્મરણમાંથી
નમ્રતા ગુણ વિકસે છે અને બીજા દ્વારા થયેલાં
ઉપકારના સ્મરણમાંથી સાધકમાં કૃતજ્ઞતા ગુણ વિકસે છે.

નવકારના પ્રથમ પદની અર્થભાવના (૮)

'નમો' પદના ભાવનથી નમ્રતા, કૃતજ્ઞતા, ભિન્નતા પ્રગટે છે.
'અરિહં' પદના ભાવનથી પ્રમોદભાવ પ્રગટે છે.
'તાણં' પદના ભાવનથી કરુણા અને માધ્યસ્થ્ય પ્રગટે છે.

નવકારના પ્રથમ પદની અર્થભાવના (૯)

'નમો' પદ દ્રવ્યની સાથે સંબંધ ધરાવે છે,
તેથી ભિન્નતા અને નમ્રતા પ્રગટે છે.
'અરિહં' પદ ગુણની સાથે સંબંધ ધરાવે છે,
તેથી પ્રમોદ અને પ્રશંસા પ્રગટે છે.
'તાણં' પદ પર્યાયની સાથે સંબંધ ધરાવે છે,
તેથી કારુણ્ય અને માધ્યસ્થ્ય ભાવ પ્રગટે છે.

નવકારના પ્રથમ પદની અર્થભાવના (૧૦)

મૈત્રી કષાયને હણે છે, પ્રમોદ પ્રમાદને હણે છે, કારુણ્ય અવિરતિને અને માધ્યસ્થ્ય દુષ્ટયોગોને હણે છે. ચારે ભાવના મળીને મિથ્યાત્વનો નાશ કરે છે.

નવકારના પ્રથમ પદની અર્થભાવના (૧૧)

'નમો અરિહં તાણં' પદના ભાવનથી દ્રવ્ય, ગુણ અને પર્યાયના પરિભાવન દ્વારા અને મૈત્ર્યાદિ ચાર ભાવનાઓ વડે શુદ્ધ થયેલ મન - વચન - કાયા દ્વારા તન્મયતા થવાથી દર્શન, જ્ઞાન, ચારિત્રરૂપ રત્નત્રયીની પ્રાપ્તિ થાય છે.

## નવકારના પ્રથમ પદની અર્થભાવના (૨૨)

નમો - આરાધકભાવનો - ઉત્પાદ.
અરિહં - વિરાધકભાવનો - વ્યય.
તાણં - આત્મતત્ત્વનું - ધ્રૌવ્ય.

નમો પદથી પોતામાં આરાધકભાવની ઉત્પત્તિ, વિરાધક ભાવનો વ્યય અને શુદ્ધાત્મભાવનું ધ્રૌવ્ય સધાય છે.

## નવકારના પ્રથમ પદની અર્થભાવના (૨૩)

નમો પદ વડે આરાધકભાવની ઉત્પત્તિ,
અરિહં પદ વડે વિરાધકભાવનો વ્યય અને
તાણં પદ વડે આત્મતત્ત્વનું ધ્રૌવ્ય સમજાય - અનુભવાય છે.

## નવકારના પ્રથમ પદની અર્થભાવના (૨૪)

નમોરૂપ સાધક અવસ્થામાંથી અરિહંરૂપ સાધ્ય અવસ્થામાં જવાનું છે અને બન્ને અવસ્થામાં આત્મતત્ત્વ કાયમ રહેવાનું છે, એવો બોધ પ્રથમ પદની ભાવનામાંથી સમજાય છે.

## નવકારના પ્રથમ પદની અર્થભાવના (૨૫)

નમો પદ મંગળવાચક છે, અરિહંપદ લોકોત્તમવાચક છે અને તાણંપદ શરણવાચક છે.

નમો પદરૂપ સાધક અવસ્થામાંથી અરિહં પદરૂપ સાધ્ય અવસ્થામાં જવાનું છે અને તે બન્ને અવસ્થામાં આત્મતત્ત્વ કાયમ રહીને શરણ આપનારું છે.

સાધક અવસ્થા મંગળરૂપ છે,
સાધ્ય અવસ્થા લોકોત્તમ સ્વરૂપ છે અને બંને
અવસ્થામાં કાયમ રહેનાર આત્મતત્ત્વ શરણ્ય સ્વરૂપ છે.

## નવકારના પ્રથમ પદની અર્થભાવના (૧૬)

અરિહંતમાં પંચ પરમેષ્ઠિ, પંચ પરમેષ્ઠિમાં અરિહંત,
અરિહંતમાં સમગ્ર વિશ્વ અને સમગ્ર વિશ્વમાં અરિહંત,
આમ નિશ્ચયનયથી સર્વ જીવો શુદ્ધ છે, સિદ્ધ સમાન છે,
તેમ અભય, ચક્ષુ, માર્ગ, બોધિ તથા શરણને આપનારા છે.
દરેક જીવનું શુદ્ધ આત્મસ્વરૂપ સંસારસમુદ્રથી તારનારું,
રાગાદિ દોષોને જીતાવનારું, બોધિ આદિને આપનારું તથા
સકલ કર્મનો ક્ષય કરાવનારું છે.

'પ્રત્યેક શુદ્ધ આત્મા ચાર કષાય અને પાંચ વિષયરૂપ
સંસારસમુદ્રથી પાર ઉતારનાર છે' એવા ભાવનાપૂર્વક
કરેલો પંચ પરમેષ્ઠિ નમસ્કાર ભાવ નમસ્કાર બને છે.
'પંચ પરમેષ્ઠિમાં જીવમાત્રનું શુદ્ધ સ્વરૂપ સંગ્રહિત છે'
એ ભાવનાપૂર્વક થતો નમસ્કાર ભાવ નમસ્કાર બનીને
સકલ કર્મનો ક્ષય કરાવે છે.

પ્રત્યેક આત્માનું શુદ્ધસ્વરૂપ અને તેનું આલંબન ભવ-
સમુદ્રથી પાર ઉતારનારું હોવાથી તે પરમ ઉપકારક બને છે.

તે ઉપકાર પ્રત્યે કૃતજ્ઞતાનો ભાવ
એ 'ભાવ' નમસ્કાર છે, એથી પોતાના આત્માના
શુદ્ધ સ્વરૂપના સ્મરણનો પણ સ્વીકાર થાય છે,
તેથી તે 'નિશ્ચય' નમસ્કાર પણ બને છે.

## નવકાર ૧૨ જ કેમ?

દેવલોક ૧૨ છે, ઘડિયાળના અંક પણ ૧૨ છે, ઘડિયાળના ત્રણે કાંટાઓ ૧૨ અંક સુધી ફરીને પૂર્ણ થાય છે, તે એમ સૂચવે છે કે ત્રણ શલ્યરૂપી કાંટાઓ દૂર કરીને ૧૨ નવકારમાં રમણતા કરવાથી પૂર્ણતા પ્રાપ્ત થાય છે. ૩ કાંટાઓરૂપી ૩ શલ્ય જવાથી જ્ઞાનાદિ ૩ ગુણરત્નોની ઉત્પત્તિ થાય છે, જેનાથી મુક્ત બનીને ૧૨ અંક રૂપી ૧૨ નવકારમાં રમણ કરવાથી પૂર્ણતા સ્વરૂપ પરમપદ મળે છે. ૧૨ કલાકે સૂર્ય અસ્ત પામી શૂન્યસ્વરૂપ ધારણ કરે છે. ચંદ્ર પણ રાત્રે ૧૨ કલાકે પૂર્ણ થાય અને રાત્રિ પૂરી થાય છે. મહિના તથા કાળચક્રના આરા પણ ૧૨ છે.

૧૨ના આધારે વિશ્વતંત્રનું સંચાલન છે.

દરેક લોકોની મનોવૃત્તિઓ ૧૨ અંકમાં જ સફળ બને છે. કોઈપણ કાર્યની આદિ-અંતમાં ગણેલા ૧૨ નવકાર કાર્યમાં આવતાં વિઘ્નોની શૂન્યતા, કાર્યમાં સફળતા અને તે દ્વારા કાર્યમાં પૂર્ણતા લાવીને પૂર્ણ સ્વરૂપની પ્રાપ્તિ કરાવે છે.

(૯૭) ન = આત્મા અથવા નહિ,

મ = પંચમ અનુનાસિક, ક = પંચમ સ્વરૂપ.

'કુલ ૧૦ પ્રાણો નહિ' એમ પ્રથમ શૂન્ય સ્વરૂપ વિચારવું

અને પછી 'આત્મારૂપે છે' એમ વિચારવું.

'આત્મા સ્વરૂપથી છે, પુદ્ગલ પ્રાણોરૂપે આત્મા નહિ'

આમ અસ્તિ - નાસ્તિનો વિચાર કરી 'શૂન્યતા અને

પૂર્ણતાની ભાવના કરાવનાર નમો પદ છે' એમ વિચારવું.

(૯૮) ન + મ + ક માં

ન = સૂર્ય - આત્મા, મ = ચંદ્ર - મન,

ક = ઉડુ - ઇંદ્રિયોરૂપી તારા - નક્ષત્ર - ગ્રહો વગેરે.

મ + ક + ન = મૌન દ્વારા પ્રથમ મન અને પછી

પાંચ ઇંદ્રિયોને કાબુમાં કરવાથી શૂન્યતાની ભાવના અને

આત્માને પુષ્ટ કરવાથી પૂર્ણતાની ભાવના થઈ શકે છે.

મૌન વડે મન અને ઇંદ્રિયોને

આત્મામાં લીન કરવાથી નમો પદ

ભાવનમસ્કારરૂપ બનીને સર્વ પાપોનો ક્ષય કરે છે.

<u>અનુપ્રેક્ષા : અનુ = પછી, પ્રેક્ષા = જોવું.</u>

ઉપકારીઓના ઉપકારને જોયા પછી, મનમાં ભાવિત કર્યા

પછી જે મનની વિચારણામાં આવે, તે અનુપ્રેક્ષા છે.

ઉપકારીઓના ઉપકારો અને ગુણીઓના ગુણો
હૃદયમાં વસ્યા પછી જે થાય, તે સાચી અનુપ્રેક્ષા છે.

(૨૯) ઔદયિકભાવ તે પ્રતિકૂળ ઉપસર્ગોની દશા છે,
ક્ષાયોપશમિક ભાવ તે અનુકૂળ ઉપસર્ગોવાળી અવસ્થા છે
અને ક્ષાયિકભાવ તે ઉપસર્ગરહિત અવસ્થા છે.
કર્મની ઉદયાવસ્થા જીવને પ્રતિકૂળ છે,
ક્ષયોપશમ અવસ્થા અનુકૂળ છે.
પ્રતિકૂળ અવસ્થામાં ખેદોદ્વેગ અને અનુકૂળ અવસ્થામાં
હર્ષોલ્લાસ અનુભવાય છે, તેથી અનુક્રમે
તે પ્રતિકૂળ અને અનુકૂળ ઉપસર્ગોની અવસ્થા કહેવાય છે.
ક્ષાયિકભાવ પૂર્ણ અવસ્થા હોવાથી
તેમાં હર્ષોદ્વેગ અનુભવાતાં નથી.
તે અવસ્થા કાયમ રહેતી હોવાથી તેનું અભિમાન થતું નથી.
અલિપ્તપણે તે દશા પ્રાપ્તગુણીનો લાભ યોગ્ય આત્માઓમાં
સંક્રમ કરાવીને અનેકોનું કલ્યાણ કરનાર થાય છે.
નિર્વિઘ્નપણે સહજ રીતે અનેકાનેક આત્માઓનું કલ્યાણ
કરનારી આ દશા હોવાથી તે જ એક ઉપાદેય દશા છે.
નમો પદ વડે ઔદયિકભાવોનો ત્યાગ,
અરિહં પદ વડે ક્ષાયોપશમિક - ક્ષાયિકભાવોનો આદર

અને તારું પદ વડે પ્રાપ્ત થયેલ ક્ષાયિકભાવો દ્વારા અનેકનું કલ્યાણ અને તારા જેવું સર્વથા ઉપસર્ગ-રહિત અવસ્થા પ્રાપ્ત કરવાનો તે પરમ ઉપાય છે.

ગઢસીવાણા, શ્રાવણ સુદી ૮, શુક્ર, Dt. 2 - 8 - 68

## જ્ઞાનની કસોટી મનોગુપ્તિ

પ્રશ્ન : સ્વાનુભૂતિ કે અનુભવજ્ઞાન ક્યારે થાય?

સ્વાનુભૂતિ = જ્ઞાનસહિત ક્રિયા અથવા જે ક્રિયામાં શ્રુત ઉપરાંત પોતાની સ્વાનુભવજન્ય પ્રતીતિ ભળી હોય તે.

મનોગુપ્તિયુક્તને જ સ્વાનુભવ જ્ઞાન થાય છે.

શ્રુત એ જ્ઞાનનો પડછાયો છે, પડછાયો કાર્ય ન કરી શકે.

કાર્ય તો પડછાયાની પાછળ રહેલ

તેનું ઉદ્ભવ સ્થાન જ્ઞાન - સ્વાનુભૂતિ છે.

આગમ પણ અનુભવીઓનાં વચનો સર્વથા શ્રદ્ધેય છે.

એકલાં વચન પકડવાથી તેનું રહસ્ય ન પમાય.

વચન પાછળનું રહસ્ય અનુભવ છે.

એ અનુભવ વિચાર દ્વારા નહિ પણ મનને શાંત કરનાર, વિષય-કષાયને શમાવનાર સત્ક્રિયાના આસેવન દ્વારા પ્રાપ્ત થાય છે. મનની એ ઉપશાંત અવસ્થાને યોગીઓ અમનસ્કતા - ઉન્મની - તુર્યાવસ્થા પણ કહે છે.

**અધ્યાસો ટળ્યા પછી પુરુષ પ્રત્યક્ષ થાય છે.**

'અધ્યાસ' એટલે વિભાગનું અજ્ઞાન.
'દેહાધ્યાસ' એટલે દેહથી આત્મા ભિન્ન છે,
એવા વિભાગનું, પૃથક્તાનું અજ્ઞાન.
શબ્દ, અર્થ, જ્ઞાનનાં વિભાગનું અજ્ઞાન જ્યારે ટળી જાય,
ત્યારે સર્વભૂતરુતનું જ્ઞાન પ્રગટ થાય છે.
'અરિષ્ટ' એટલે મરણસૂચક ચિહ્નો.
જ્યોતિષ્મતી પ્રવૃત્તિમાં સંયમ કરવાથી સૂક્ષ્મ, દેશકાળથી
દૂર અને અંતરિત વસ્તુઓનું જ્ઞાન પ્રાપ્ત થાય છે.
બુદ્ધિજ્ઞાન તે પ્રત્યક્ષ જે વૃત્તિ છે, તે પરાર્થ પ્રત્યક્ષ છે.
પુરુષજ્ઞાન = પુરુષપ્રત્યક્ષ - પૌરુષેય, તે સ્વાર્થ પ્રત્યક્ષ છે.
પ્રાતિભજ્ઞાન = સૂક્ષ્મ, દૂર, અંતરિત વસ્તુઓનું જ્ઞાન.
શ્રાવણ = દિવ્યશબ્દનું શ્રવણ, આદર્શ = દિવ્યરૂપનું દર્શન,
વેદના = દિવ્યસ્પર્શનું વેદન, આસ્વાદ = દિવ્યરસાનુભવ,
વાર્તા = દિવ્યગંધ સુંઘવાનું સામર્થ્ય.
વ્યુત્થાનકાળમાં સિદ્ધિઓ તે ધ્યાનકાળમાં અંતરાય છે.
ત્યાગની શક્તિ જ મહાસિદ્ધિ છે.
સ્થૂલ, સૂક્ષ્મ, સ્વરૂપ, કારણ અને અર્થવત્ત્વ ઉપર
સંયમ કરવાથી પાંચ ભૂતો ઉપર વિજય સિદ્ધ થાય છે.

o હૃદયનો સંકોચ તે જ ખરી મૂડીવાદ છે.
તે શુભ વિચાર અને શુભ સંકલ્પથી દૂર થાય, કાયદા-કાનુનથી નહિ. હૃદય જેનું વિશાળ છે, તે ગરીબ પણ તવંગર છે. તે જ્યાં નથી, ત્યાં તવંગર પણ ગરીબ છે.

अभिध्यानमात्रात् |

अभि = अभिमत, તેનું ધ્યાન = સંકલ્પમાત્રથી.
'ઇષ્ટ હો' એવા ધ્યાનમાત્રથી, સંકલ્પમાત્રથી
ભક્તનું અભિમત અનુગ્રહ કરે છે.

ઈશ્વરના તેવા અભિધ્યાનમાત્રથી સમાધિનો લાભ - તેનું ફળ સૌથી નિકટ આવે છે, શીઘ્ર સમાધિલાભ થાય છે.

આત્મવાદ = સમ્યગ્દર્શન - સાધુ નમસ્કાર.
કર્મવાદ = સમ્યગ્જ્ઞાન - ઉપાધ્યાય નમસ્કાર.
સ્યાદ્વાદ = સમ્યગ્ચારિત્ર - આચાર્ય નમસ્કાર.
મોક્ષ = સિદ્ધ નમસ્કાર તથા માર્ગ = અરિહંત નમસ્કાર.

## નિશ્ચય અને વ્યવહારનયની દૃષ્ટિ

જ્યાં જ્યાં જીવત્વ છે, ત્યાં ત્યાં સિદ્ધત્વ છે.
નિશ્ચયનય આ કહ્યું પણ તેનો સ્વીકાર કરે છે.
વ્યવહારનય સંસારપર્યાયને કહે છે,
પરિધિ અને કેન્દ્ર પરસ્પર સાપેક્ષ છે.

પરિધિનો કેન્દ્ર સાથે સંબંધ છે.
ઘડીયાળની કમાન મિથ્યાત્વ વખતે વર્તુળ છે, કિન્તુ
સમ્યક્ત્વ પામ્યા પછી તે Spiral બને છે.
Circle = પ્રથમ મુક્તિ અવ્યવહાર રાશિમાંથી છે.
Spiral = બીજી મુક્તિ મહામિથ્યાત્વમાંથી છે.
નિશ્ચયનય નિરાશામાંથી છોડાવે છે = શિવોઽહં.
સાપેક્ષ વ્યવહારનય મિથ્યાહંકારથી છોડાવે છે = દાસોઽહં.
નિશ્ચયદૃષ્ટિ હૃદય ધરી જ, પાળે જે વ્યવહાર;
પુણ્યવંત તે પામશે જ, ભવસમુદ્રનો પાર.
સહજ આત્મસ્વરૂપ અવિકૃત - કૂટસ્થ સ્વભાવવાળું છે.
(૧) નિત્ય છે. (૨) અકલંક છે. (૩) ઉદાસીન છે.
(૪) જ્ઞાન - દર્શનથી સમૃદ્ધ છે. (૫) નિશ્ચયથી અવિકૃત છે.
દ્રવ્ય-ગુણ-પર્યાયાત્મકં વસ્તુ સત્ | Dt. 3/8/68
દ્રવ્ય - ગુણ એ નિશ્ચયસ્વરૂપ
અને પર્યાય એ વ્યવહાર સ્વરૂપ કઈ રીતે છે?
દ્રવ્ય તે ગુણોનો આધાર, ગુણ તે વસ્તુનો સ્વભાવ તથા
પર્યાયો તે ગુણોના આવિર્ભાવ - તિરોભાવનું નિમિત્ત છે.
અતઃ દ્રવ્ય તથા ગુણ એ નિશ્ચયસ્વરૂપ છે અને
પર્યાય એ વ્યવહારસ્વરૂપ છે.

આ પર્યાય જ્યારે પંચપરમેષ્ઠિઓ પ્રત્યે શરણાગતિ સ્વીકારે, ત્યારે ગુણોનો આવિર્ભાવ થાય અને 'અહં' 'મમ'ની પ્રધાનતાવાળા - પરાધીનતાવાળા બને, ત્યારે ગુણો તિરોભાવને પામે. 'જ્ઞાનાષ્ટક'માં કહ્યું છે કે:

'સ્વદ્રવ્ય-ગુણ-પર્યાય-ચર્યાવર્યા પરાઽન્યથા |'

વળી પોતાના પર્યાય દ્વારા બાહ્યનિમિત્તોને ઉપકારક બનાવાય, ત્યારે ગુણોનો પ્રાદુર્ભાવ થાય અને બાહ્યનિમિત્તોમાં આર્તધ્યાન વગેરે કરવામાં આવે, ત્યારે ગુણો તિરોભાવને પામે. અધ્યવસાયો પર્યાયરૂપ છે. આત્મદ્રવ્યના પર્યાયો અધ્યવસાય સિવાય બીજું શું હોઈ શકે? તેમાં ઔદયિકતા - મોહવિવશતા ભળે તો ગુણાવરોધક થાય તથા મોહનીયનો ક્ષયોપશમ ભળે તો ગુણોનું પ્રકટીકરણ થાય.

(૧) 'પરસ્પરોપગ્રહો જીવાનાં |' એ લક્ષણ પ્રયોજનાત્મક છે, જેથી સંસારી જીવો આશ્રિત ઘટે છે.

સિદ્ધના જીવોને પર સાથે પ્રયોજન નથી. તેઓ સ્વસ્વરૂપમાં જ શાશ્વત અનંત રહેવાના છે, તેથી સ્વઆત્મદ્રવ્ય સિવાય અન્ય દ્રવ્યની તેમને અપેક્ષા નથી, તેથી આ લક્ષણ દેહધારી જીવોને આશ્રયીને સંગત થાય છે.

હવે એ ઘટાવવું હોય તો...

સિદ્ધો પ્રત્યેના આરાધકભાવથી ગ્રહણ કરેલ આલંબનથી ભવનો નિસ્તાર થાય અને વિરાધકભાવથી આશાતનાદિ દ્વારા ભવભ્રમણ વધે છે, આ રીતે નિમિત્ત બને છે. સંસારી જીવો તેમનાં ધ્યાનમાં હેતુ બને છે તેમ જ તેમના પ્રત્યે ભક્તિ, સ્તવનાદિથી તેમની પૂજ્યતાની શાશ્વત ખ્યાતિમાં સાથ આપે છે. આમ આગળ બીજી કોઈ રીતે આપણી કલ્પનાથી ઘટાવી શકાય. બાકી અધ્યાત્મમાં જણાવેલ છે, તે તો સંસારી જીવ આશ્રીને લાગુ છે.

(૨) પર્યાયો એ ગુણોનો આવિર્ભાવ - તિરોભાવ છે.

ઘાતીકર્મોના ક્ષયોપશમથી ગુણોનો આવિર્ભાવ છે,
ઘાતીકર્મોના ઉદયથી તિરોભાવ છે.
અઘાતીકર્મોના ઉદયથી જે પર્યાયો છે,
તે ગુણોના આવિર્ભાવ - તિરોભાવમાં રૂપ નથી.
ક્ષયોપશમભાવમાં જ તે ઘટી શકે.
સિદ્ધાત્માઓને સાદિ અનંત ભાંગે ગુણોનો આવિર્ભાવ છે,
તે ક્ષાયિક ભાવે છે.

(3) પરમેષ્ઠિઓની શરણાગતિ સ્વીકારે તો ગુણોનો આવિર્ભાવ થાય. શરણાગતિ, આજ્ઞાપાલન, આત્માર્પણ, સમર્પણ અને પ્રતિપત્તિ પૂજા વગેરે એકાર્થક છે.

ગુણસ્થાનકની પ્રાપ્તિ અનુસાર આજ્ઞાપાલન ગણાય છે. સંપૂર્ણ આજ્ઞાપાલન એ શરણાગતિ મોહનો ક્ષય થાય પછી બારમે ગુણસ્થાનકે છે. તે પહેલાંના ગુણસ્થાનકોમાં જેટલો મોહનો હ્રાસ અને ગુણોનો આવિર્ભાવ, તેટલું આજ્ઞાપાલન કર્યું એમ ગણાય છે. જેટલો આવિર્ભાવ ગુણોનો થશે, તે પ્રમાણમાં સ્વદ્રવ્ય ગુણ પર્યાયની ચર્યા થઈ કહેવાય. તે ચર્યા શ્રેષ્ઠ છે. 'હું'ની પરાધીનતામાં તો ગુણ તિરોભાવને પામે છે, કારણકે ત્યાં મોહોદય છે.

(૪) કર્મોદયાનુસાર નિમિત્તો ઉભાં થાય છે.

તેમાં હિતકારક નિમિત્તો તો ઉપકારક છે જ. તેનો સ્વીકાર ન કરીએ તો કૃતઘ્નતા આવે છે અને તે તો ગુણોનો મોટામાં મોટો તિરોભાવ છે. વળી અહિત કરનારા નિમિત્તોને ઉપકારક બનાવવાથી

અધ્યવસાયની વિશુદ્ધિ વધે છે,

તે દ્વારા ઘણા કર્મોની નિર્જરા થાય છે.

પ્રતિકૂળ નિમિત્તોને ઉપકારક બનાવવાથી ઘણા મહાત્માઓને કેવળજ્ઞાન ઉપજ્યું છે તથા સિદ્ધિગતિને પામ્યા છે, માટે આત્મોપકારમાં આડે આવતા અને આત્મહિતને નુકસાન કરનારા નિમિત્તોમાં વિવેકપૂર્ણ - સાવધાન રહેવું જોઈએ.

જો તે સાવધાનતા રાખવામાં ન આવે, તો પણ પાલકના નિમિત્તે ખંધક જેવા મહાત્માઓને આર્ત - રૌદ્ર ધ્યાનમાં પડવાનું થયું, તો બાળની શી વાત? આર્ત - રૌદ્ર ધ્યાન તો દુર્ગતિજનક છે, તેથી અશુભ કર્મ બંધાય છે અને તે બંધ અનુસાર ગુણશ્રેણિ તિરોભાવને પામે જ.

દુર્ગતિ = ગુણશ્રેણિના તિરોભાવમાં વધારો.

Centre = બિંદુ - માધ્યસ્થભાવ અથવા સામ્યભાવ.

Length & Breadth = આકાશ - મૈત્રીભાવ.

Height = ઊંચાઈ - પ્રમોદભાવ.

Depth = ઊંડાણ - કરુણાભાવ.

આમ આત્મદ્રવ્યની ઊંડાઈ તે કરુણાભાવ છે, ઊંચાઈ તે પ્રમોદભાવ, લંબાઈ - પહોળાઈ તે મૈત્રીભાવ અને બિંદુ અથવા કેન્દ્ર તો માધ્યસ્થભાવ - ઉદાસીનભાવ - સામ્યભાવ - શાંતભાવ છે.

મૈત્રી = આકાશ, પ્રમોદ = મેરૂ, કરુણા = સાગર,

માધ્યસ્થ = શૂન્ય = શાંત.

ઉપાસના વખતે કર્તૃત્વ ઉપાસ્યનું છે,

સાધના વખતે કર્તૃત્વ સાધકનું છે.

ભક્તિ ઉપાસ્યનિષ્ઠ છે, શ્રદ્ધા આત્મનિષ્ઠ છે.

ઉપાસ્યને મુખ્ય બનાવવાથી ભક્તિ જાગે છે અને
યોગ્યતાને મુખ્ય બનાવવાથી આપણામાં શ્રદ્ધા ખિલે છે.
ઉપાદાનની મુખ્યતામાં શ્રદ્ધા કેળવાય છે.
નિમિત્તની મુખ્યતામાં ભક્તિ કેળવાય છે.
ઉપાદાન - નિમિત્ત ઉભયનો સુમેળ થાય,
તો જ શ્રદ્ધા - ભક્તિનો સુમેળ થાય છે.
શ્રદ્ધાહીનને ઉત્તમ નિમિત્ત પણ કેવી રીતે ફળે?
શ્રદ્ધાવાનને પણ હીન નિમિત્ત કેવી રીતે ભાળ કરે?
ઉત્તમ આલંબનોની સાથે શ્રદ્ધાનો સુયોગ મળે,
ત્યારે કાર્યની સિદ્ધિ થાય છે.
શ્રદ્ધા પોતે મૂકવાની છે, જ્યારે
ભક્તિ નિમિત્તે જગાડવાની છે.
નિમિત્તમાં ફળ આપવાની શક્તિ છે,
શ્રદ્ધામાં ફળ મેળવવાની તાલાવેલી છે.

°

Devotion is objective and
Faith is Subjective.
Faith is receptive.
Devotion is objective.
Devotion gives, faith receives.

ॐ

# શુદ્ધ ભાવનું માહાત્મ્ય

સર્વમાં સમદૃષ્ટિ અને શુદ્ધ ભાવના રાખવી જોઇએ.
કુભાવથી રાગ-દ્વેષ, અભાવ, મોહ, માયા, કપટ, દંભ, લોભ,
આળસ્ય વગેરે વધે છે. અશુદ્ધ ભાવથી સર્વત્ર વ્યાપ્ત
અક્ષર, અમર, પરમેશ્વરને જીવ જોઈ શકતો નથી.
શુદ્ધ ભાવનાથી પરમાત્મા સર્વત્ર દૃષ્ટિગોચર થાય છે.

## શ્રદ્ધાનો પ્રભાવ: શ્રદ્ધાવાંલ્લભતે જ્ઞાનં ।

અપ્રત્યક્ષમાં પ્રત્યક્ષવત્ વિશ્વાસ તે શ્રદ્ધાનું લક્ષણ છે.
ભગવાનના ચરણોમાં પૂર્ણ શ્રદ્ધા રાખવી,
તે ભક્તિનો સર્વ પ્રથમ ઉપાય છે.
ભગવાનના ગુણો, કર્મો અને સ્વરૂપનું નિત્ય નિયમપૂર્વક
કીર્તન કરવાથી શ્રદ્ધા ઉત્તરોત્તર વધે છે.
શ્રદ્ધા દુર્બળને બળવાન બનાવે છે.
શ્રદ્ધામાં વિવાદ, વિચાર કે તર્ક નથી.
શ્રદ્ધા વિનાનું જીવન શુષ્ક છે.
શ્રદ્ધા ઈશ્વર કૃપાને ખેંચવાનું ચુંબક છે.
શ્રદ્ધા અપ્રાપ્યને પ્રાપ્ય કરાવે છે, વિષને અમૃત બનાવે છે.
શ્રદ્ધાથી સંકટને તરાય, અશ્રદ્ધા ભવસાગરમાં ડૂબાડી દે.
અશ્રદ્ધા મૃત્યુસ્વરૂપ છે.
શ્રદ્ધાથી મંત્ર, દેવ, ગુરુ ફલીભૂત થાય છે.

## શુદ્ધ મનનો પ્રભાવ

શુદ્ધ મનથી શુદ્ધ ભાવના અને પ્રભુમાં શ્રદ્ધા વધે છે.
મન છે, ત્યાં સુધી માન છે.
મન ગયું પછી તે માનવ મટી મહામાનવ - મહાત્મા બને.
સત્કર્મ દ્વારા મનઃશુદ્ધિ, મનઃશુદ્ધિથી આત્માનું જ્ઞાન
અને આત્મજ્ઞાનથી મોક્ષ પ્રાપ્ત થાય છે.
માનવશરીરમાં મન પ્રધાન છે.
મનને અનુરૂપ કર્મ અને કર્મને અનુરૂપ જન્મ મળે છે.
મન શાંત - નિર્વૈર હોય, તો સ્વાસ્થ્ય પણ ઠીક રહે છે.
કુમનથી કુપથ, કુસંગ, કુકર્મ, કુવિચાર જન્મે છે, જ્યારે
સુમનથી સન્માર્ગ, સત્સંગ, સત્કર્મ, સદ્વિચાર.
પરમાત્મ અનુભૂતિ શુદ્ધ મનથી થાય છે.
મનમાં સાક્ષીરૂપથી ભાસવાવાળું ચૈતન્ય જ પરમાત્મા છે.
શુદ્ધ મનમાં જ્ઞાન આત્મરૂપ પ્રતીત થાય છે,
સર્વ જીવોમાં પ્રેમ ઉદય થાય છે.
'તેનામાં હું અને મારામાં તે' નો અનુભવ થાય છે.
તેવી અનુભૂતિ થવી, એ જ
સર્વ તપશ્ચર્યાનું ફળ છે અને પરમેશ્વરની પરમ કૃપા છે.
મનને વિષયભોગોથી છોડાવી પ્રભુભક્તિ અને
ગુરૂભક્તિમાં લગાડવું, તે મનની શુદ્ધિનો ઉપાય છે.

## ધ્યાનથી સર્વ સુલભ છે.

ઘણું બોલો નહિ. મૌનપૂર્વક ધ્યાન કરો.

હૃદયમાં પરમેશ્વરનો વાસ છે, તે ધ્યાનથી પ્રત્યક્ષ થાય છે.
સૂક્ષ્મથી સૂક્ષ્મ ચૈતન્યનો સાક્ષાત્કાર ધ્યાન દ્વારા જ થાય.

'ધ્યાનેનાત્મનિ પશ્યન્તિ કેચિદાત્માનમ્ ।'

લયની પરિપક્વ અવસ્થા તે ધ્યાન છે.

ધ્યાનથી તદ્રૂપતા આવે છે.

સાધક જેનું ધ્યાન કરે છે, તે રૂપ તે થઈ જાય છે.

ભાવિતં તીવ્રવેગેન યદ્વસ્તુ નિશ્ચયાત્મના ।
પુમાંસ્તદ્ધિ ભવેચ્છીઘ્રં જ્ઞેયં ભ્રમરકીટવત્ ॥ (પરિશિષ્ટ-૧૨)

મનની નિર્વિષય અવસ્થામાં જ પરમાનંદની અનુભૂતિ થાય પણ મનને નિર્વિષય કરવું સર્વ માટે સુલભ નથી. મનને કોઈ ને કોઈ વિષય તો જોઈએ જ. તેથી મનને અંતરાત્મામાં સ્થિર કરવા આલંબનની જરૂર પડે છે. શુભ વિષયમાંથી જ નિર્વિષયતાની પ્રાપ્તિ થાય છે. યોગસૂત્રમાં કહ્યું છે: વીતરાગ-વિષયં વા ચિત્તમ્ । સિદ્ધ પુરુષોનું ધ્યાન કરવાથી, તેમનો આશ્રય લેવાથી જન્મ-જન્માંતરોની વાસનાનો નાશ થાય છે, મનની તટસ્થતા વધે છે, હૃદયમાં આત્મસુખનો ઉદય થાય છે.

## જ્ઞાનનું માહાત્મ્ય

જ્ઞાન એ ઉપાસનામાં ઉપયોગી એવું અદ્વૈતતત્ત્વ છે.
એવું આનંદમય ચૈતન્ય અથવા બ્રહ્મતત્ત્વ સર્વત્ર વ્યાપ્ત છે.
વિશ્વમાં વિભિન્નરૂપથી પરબ્રહ્મ જ અવસ્થિત છે.
મનુષ્ય શરીરમાં પણ તે તત્ત્વ જ રહેલું છે.
તે પરમાત્મતત્ત્વ જ નેત્રની જ્યોતિ બનીને
બાહ્યવિષયોને પ્રકાશિત કરે છે, હાથ-પગને ચલાવે છે,
કાનને સુણવાની શક્તિ આપે છે,
પ્રાણને શરીરમાં સંચારિત કરે છે,
શરીરની બધી ઇંદ્રિયોને વિભિન્નગતિ આપે છે.
તે જ સંપૂર્ણ જગતમાં દૃઢ-અધિષ્ઠાનરૂપે વ્યાપ્ત છે.
પરબ્રહ્મ, પરિપૂર્ણ, અદ્વિતીય, અભિન્નરૂપ છે.
તેને છોડીને આ સૃષ્ટિમાં બીજું કંઈ મૂલ્યવાન નથી.
જ્ઞાન-ધ્યાન વડે અંદર-બહાર પરબ્રહ્મના દર્શન કરી,
પોતાના સત્ય આત્મસ્વરૂપને પિછાનો.
'બ્રહ્મવિદ્ બ્રહ્મૈવ ભવતિ ।'
શ્રુતિ: બ્રહ્મને જાણનારો સ્વયં બ્રહ્મસ્વરૂપ બને છે.
પરબ્રહ્મ પરમાત્માના આનંદમય મહિમાથી જ
જગતમાં આનંદનો અનુભવ થાય છે.

# ગુરુતત્ત્વ અને તેનો પ્રભાવ

આ વિષમ એવા સંસારમાં માનવજાતિને સુખ અને સમાધાન આપવા માટે જ ગુરુતત્ત્વનું અસ્તિત્વ છે.

સૂર્ય - ચંદ્ર, ગંગા - મેઘ, સરોવર - તરુવર આદિ જેમ પોતપોતાના સ્થાન પર રહીને જ જગતને પ્રકાશાદિ આપે છે, તેમ ગુરુતત્ત્વ પણ પોતાના સ્થાન ઉપર જ રહીને જગતને સુખ અને શાંતિ આપે છે.

ગુરુતત્ત્વ જ ઉપનિષદ્‌નું પરમાનંદ, ભક્તોનું પ્રિયતમ, યોગીઓનું ધ્યાનાનંદ, તત્ત્વજ્ઞાનીઓનું બ્રહ્માનંદ અને વીરોનું ચિદાનંદ તત્ત્વ છે. 'સમગ્ર વિશ્વ પોતાનું ઘર છે' એવો ભાવ ગુરુતત્ત્વમાં સ્થાયી રહે છે.

તેનો જ એ પ્રભાવ છે કે ગુરુની દેહસ્થિતિના દર્શનથી પણ ભક્તજનને આનંદનો અનુભવ થાય છે.

સંસાર એ સમ નહિ પણ સર્વદા વિષમ છે.

માનવજન્મ એ રેલ્વેની રીટર્ન ટીકિટ સમાન છે.

મરણને સાથે લઈને જ જન્મ થાય છે.

સર્વ સુખ અંતરાત્મામાં જ છે, છતાં અજ્ઞાની જીવ તેને બહાર શોધે છે.

'अनित्यमसुखं लोके ।' 'दुःखालयमशाश्वतम् ।' જ્ઞાનીઓએ સંસારને એવી ઉપમાઓ આપી છે.

ॐ

## જપમાળાનો ઉદ્દેશ

સર્વ દુઃખોથી નિવૃત્તિ અને પરમાનંદની પ્રાપ્તિ છે.
દુઃખનું મૂળ સ્વસ્વરૂપનું અજ્ઞાન છે,
તેને જ શાસ્ત્રોમાં માયા કે અવિદ્યા કહી છે.
માનવશરીરમાં વિચારકોને એક પરમ સ્વતંત્ર તત્ત્વ, પરમ
સુખમય, નિરપેક્ષ સુખમય તત્ત્વનો અનુભવ થાય છે.
સંસારનાં બધાં સુખ એ આત્મસુખનાં અંતર્ગત છે.
મનુષ્યમાત્ર ત્રણ અવસ્થાઓમાં પસાર થાય છે:
જાગૃત (સ્થૂલ), સ્વપ્ન (સૂક્ષ્મ) અને સુષુપ્તિ (કારણ).
આમ એક-એક શરીરમાં એક-એક અવસ્થા રહે છે.
તેની ઉપર એક તુરીય અવસ્થા છે,
તેને કોઈ વિરલ જ જાણી શકે છે, અનુભવી શકે છે.
તે અવસ્થામાં પરમાનંદની પ્રાપ્તિ થાય છે.
માનવજન્મ તેની અનુભૂતિ માટે છે.
તેને જ પરમપદ, બ્રહ્મપદ, વૈકુંઠ કે કૈલાસપદ કહે છે.
'ગુરુરુપાયઃ |' આમ શિવસૂત્રમાં તથા તેની ટીકામાં
ગુરુઃ પારમેશ્વરી અનુગ્રાહિકા શક્તિઃ | આમ કહ્યું છે.
જીવને શિવ, નરને નારાયણ અને પુરુષને પુરુષોત્તમ
બનાવવાની શક્તિ મહાન એવા ગુરુતત્ત્વમાં રહેલી છે.

જેમ પારસમાં લોઢાને સુવર્ણ કરવાની શક્તિ છે,
ચંદનમાં વાતાવરણને સુગંધયુક્ત કરવાની શક્તિ છે
અને ભ્રમરમાં કીટને ભ્રમર કરવાની શક્તિ છે, તેમ
ગુરુતત્ત્વમાં શિષ્યને ગુરુ બનાવવાની શક્તિ રહેલી છે.

જેમ ધનવાન નિર્ધનને ધનવાન બનાવે છે,
વિદ્વાન મૂર્ખને પંડિત બનાવે છે, વૈદ્યથી વૈદ્ય બની શકે,
વકીલથી વકીલ, કારીગરથી કારીગર, કલાકારથી કલાકાર,
તેમ ગુરુથી ગુરુ બનવાની શક્તિ પ્રાપ્ત થાય છે.
તે શક્તિને અનુગ્રાહિક શક્તિ કહેવામાં આવે છે.
તે 'ગુરુકૃપા' વડે જ આત્માનુભૂતિ સરલ બને છે.
ગુરુનો ઉપકાર અપાર, અસીમ, અનંત છે.

## સંત, ગુરુ અને ભગવાન

કોઈ એક દેશ કે એક વ્યક્તિના હોતા નથી,
મંત્ર ભલે અનેક હોય છતાં તેમાં વ્યાપ્ત ચૈતન્યશક્તિ
એક જ છે અને તે સમાનરૂપથી જ ફલપ્રદ થાય છે.

## નમસ્કાર અને તેનો પ્રભાવ

નમસ્કાર એકબીજાનો પરિચય પ્રાપ્ત કરવાનું પરમ
સાધન છે. સૌ એ એકબીજાનું ઉચિત સન્માન કરવું,
તે શાસ્ત્રોક્ત કર્તવ્ય છે.

'નમસ્કાર બિનજરૂરી છે'
એમ માનનાર અવિચારક છે, તે હૃદયની દરિદ્રતાને
તથા પોતામાં રહેલી શ્રેષ્ઠતાની ખામીને સૂચવે છે,
એટલું જ નહિ પરંતુ શુદ્ધ લાભથી વંચિત રહે છે.
ગુરુજનોને નમવામાં અપમાન, દીનતા કે નાનાપણું નથી.
શ્રેષ્ઠ પુરુષ જ બીજાને પોતાનાથી શ્રેષ્ઠ માનીને
નમસ્કાર કરે છે અને એમાં જ એનું મોટાપણું રહેલું છે.

V.V.

ધર્મશાસ્ત્રો કહે છે કે:

મહાપુરુષોના ચરણોમાં એક દિવ્ય
આત્મશક્તિ પ્રવાહિત રહે છે,
તે નમસ્કાર કરનાર સાધકને
અતિલાભપ્રદ અને ગુણપ્રદ બને છે.

ગુરુજનોને નમસ્કાર માનવજીવનનું શ્રેષ્ઠ કર્તવ્ય મનાય છે.
નમસ્કારથી સમદર્શિતા કેળવાય - કઠોરતા નાશ પામે છે.
સર્વ સાથે આત્મભાવ રાખવામાં નમસ્કાર પરમ સાધન છે.
નમસ્કાર વડે માનવસ્વભાવમાં કોમળતા પ્રકટે છે.
કૃતઘ્નતારૂપી મહાદોષને નિવારવાનું અનન્ય સાધન
અને કૃતજ્ઞતારૂપી મહાગુણને વિકસાવવાનું
અદ્વિતીય આરાધન માત્ર એક નમસ્કાર છે.

## શ્રદ્ધા - વિવેકયુક્તતા

શ્રદ્ધાને વિવેકનું બળ હોવું જરૂરી છે.
વિવેક નિર્ણય કરે છે, શ્રદ્ધા નિર્ણયને અપનાવે છે,
તેના ઉપર જીવનને સ્થિર કરે છે.
વિવેક મુખ છે, શ્રદ્ધા હાથ - પગ છે.

જન્મથી માનવ પશુતુલ્ય હોય છે, પછી સંસ્કાર વડે તે માનવ અથવા દેવ બને છે. આ રીતે હોવાથી માત્ર કુસંસ્કારોથી મુક્ત થવાનું છે પણ સંસ્કાર માત્રથી નહિ. સંસ્કાર માત્રથી મુક્ત બનાવવો, તેનો અર્થ માનવને પશુ બનાવવો યા એક પ્રકારે જડ જેવો બનાવવો.
આ જડતા અથવા પશુતા જ શૂન્યતા છે.
સંસ્કાર શૂન્યતાનો અર્થ જડતા અથવા પશુતા છે.

સુખી થવાનો એક જ ઉપાય: 'હું' ને ભૂલી જાઓ.

અહંનો નાશ તે જ અર્હંની ઉપાસના છે. નિસર્ગના મહાશાસનમાં પૂજાવા જેવી વસ્તુ જ નથી, માત્ર પૂજવા જેવી વસ્તુ છે. જે પૂજાવા માંગે છે, તેને નિસર્ગ છુંદીને ફેંકી દે છે. જે પૂજવા માંગે છે, તેને નિસર્ગના તમામ બળો (તેના પક્ષમાં) સહાયભૂત થાય છે. વિકૃત 'હું' જે આજે મથાળે છે, તેને સૌથી નીચે લાવવો છે. મથાળે પહોંચવાની હરીફાઈ છોડી સૌથી નીચે રહેવાનો આનંદ લેવો છે.

## અરિહંતનું શરણું લેવાનો અધિકારી કોણ?

શ્રી આચારાંગ સૂત્ર: નાલં તે તાણાએ વા સરણાએ વા ।
અર્થાત્: ધન, માલ, કુટુંબ તારા ત્રાણ માટે સમર્થ નથી,
તારા શરણ માટે સમર્થ નથી.

'ત્રાણ' એટલે પરલોકમાં દુઃખ, આપત્તિ - વિટંબણાઓથી બચાવવા અને 'શરણ' એટલે સુખ - સંપત્તિ - સ્વસ્થતા આપવાનું સામર્થ્ય કુટુંબાદિમાં નથી પણ અરિહંતાદિમાં છે.

'પ્રભુનું શરણ સ્વીકારવું' એટલે એમ માનવું કે: એક પ્રભુમાં જ ત્રાણ અને શરણ આપવાની શક્તિ છે.

પ્રભુ = પરમાત્મા, અનંતજ્ઞાન, દર્શન, શક્તિ, લબ્ધિમાન.
પ્રભુને તે બધું પ્રગટ છે.

પ્રભુના આલંબનથી - શરણથી જ તે પ્રગટે છે.
પ્રભુના શુદ્ધ - નિર્મળ સ્વરૂપ ઉપર લક્ષ ચોંટે, સ્થિર થાય, ત્યારે તે કાર્ય સિદ્ધ થાય છે.

પ્રભુના નિર્મળ સ્વરૂપ તરફ લક્ષ જાય અને તેમાં જ ચિત્તની સ્થિરતા થાય તો દુઃખ, આપત્તિ કે વિટંબણા સ્પર્શતી નથી તથા સુખ, સંપત્તિ અને સ્વસ્થતા સહજ સિદ્ધ થાય છે.

'પ્રભુનું શરણ લેવું' એટલે અખંડ નિર્મળ ભાવે આત્મસ્વરૂપ તરફ લક્ષ કેન્દ્રિત કરવું.

અરિહંતનું શરણ અરિહંત બનવા માટે છે.

તે શરણું લેવાનો અધિકાર ઈર્ષ્યા - અસૂયા, વૈર - વિરોધ, નિર્દયતા - નિષ્ઠુરતા, પરતાપ - પરદોષદૃષ્ટિરહિત જીવને હોય છે અને તે દોષ ટાળવાનું મૈત્રી, કરુણા, પ્રમોદ અને માધ્યસ્થ્યાદિ ભાવોથી જ બને છે.

તેથી અરિહંતાદિનું ભાવથી શરણ લેવાનો અધિકારી મૈત્ર્યાદિ ભાવવાળો જીવ જ છે.

## સાધુધર્મની વ્યાખ્યા

સામાયિકાદિ સંબંધી સાધુક્રિયા સાધુધર્મની અભિવ્યંજક છે, પ્રેરક અને પોષક છે અને આંતરિક સાધુધર્મ સમસ્ત જીવોના હિતમય, અમૃતઆશયસ્વરૂપ છે.

આ આશયને અમૃતરૂપ કહેવાનું કારણ એ જ છે કે જીવો પ્રત્યે અમૈત્રી અને વૈર - વિરોધનો ભાવ સ્વપર ઘાતક હોવાથી વિષરૂપ છે. જ્યારે ઉત્કૃષ્ટ મૈત્રી ભાવનો આશય સ્વપરને પરમ શાંતિદાયક હોવાથી અને અજરામર પદનું કારણ હોવાથી અમૃતસ્વરૂપ છે. અમૃત એવું મોક્ષપદ દેનાર હોવાથી અમૃતનું કાર્ય કરે છે.

સામાયિકાદિની ક્રિયા એટલે મહાવ્રતોનું પાલન. સાધુધર્મની આંતરિક પરિણતિ ઉત્પન્ન ન થઈ હોય,

તો પંચાચારનું પાલન વગેરે પ્રવૃત્તિઓનો અભ્યાસ તે ઉત્પન્ન કરે છે, માટે તે ક્રિયાને સાધુધર્મની આંતર પ્રેરક કહી અને આંતરાત્મામાં સાધુધર્મની પરિણતિ ઉત્પન્ન થઈ હોય, તો તે સામાયિકાદિ સંબંધી મહાવ્રત, સમિતિ - ગુપ્તિ આદિના પાલનરૂપ ક્રિયા કર્યા સિવાય રહી શકતો નથી, તેથી તે ક્રિયા દ્યોતક બની. આંતરિક સાધુધર્મની પરિણતિને દેખાડનાર હોવાથી દ્યોતક અને ઉત્પન્ન કરનાર હોવાથી પ્રેરક.

એ રીતે પ્રેરકતા અને દ્યોતકતા બંને હોવાથી સાધુધર્મની ક્રિયાને 'અભિવ્યંજક' વિશેષણ આપ્યું છે.

સામાયિકાદિગતવિશુદ્ધક્રિયાભિવ્યંગ્યઃ સકલસત્ત્વહિતાશયામૃતલક્ષણા - સ્વપરિણામ એવ સાધુ ધર્મઃ ।

- લલિતવિસ્તરાયામ્ (પરિશિષ્ટ-૧૩)

બાહ્ય સાધુધર્મ અને મૈત્ર્યાદિ ભાવોરૂપ આંતરસાધુધર્મ એ પરસ્પર ઉપકારક છે.

સાધુધર્મનો આત્મપરિણામ સર્વ જીવના હિતના અમૃત સમાન આશયસ્વરૂપ હોય છે. ધર્મના મૂળમાં જેમ સમ્યગ્દર્શન આવશ્યક છે, તેમ મૈત્રી આદિ ભાવના પણ આવશ્યક છે, પરહિતચિંતા તેનું સ્વરૂપ છે.

'શિવમસ્તુ સર્વ જગતઃ |'ની ભાવના વડે
પરહિતચિંતા અભિવ્યક્ત થાય છે.

જેના દિલમાં મૈત્રીભાવ નથી, ત્યાં ભાવધર્મ ન રહી શકે.

હિંસાદિની નિવૃત્તિ દ્વારા જેમ જેમ મૈત્રીની ભાવના સક્રિય બનતી જાય છે, તેમ તેમ જીવનું ગુણસ્થાનક વધતું જાય છે. જ્યારે સ્થૂલ-સૂક્ષ્મ, સમસ્ત જીવોની હિંસાદિ અને સર્વદા, અસત્યાદિ પાપસ્થાનોની પ્રતિજ્ઞાપૂર્વક નિવૃત્તિ થાય છે અને તે વડે મૈત્રીભાવ સક્રિય બને છે, ત્યારે સાધુધર્મ સિદ્ધ થાય છે, તેથી આંતરિક સાધુધર્મ સક્રિય મૈત્રી-ભાવના સ્વરૂપ છે. બીજા શબ્દોમાં સમસ્ત જીવરાશિના હિતના અમૃતતુલ્ય આશયરૂપ છે. આ આશય જ અજરામર પદ આપતો લોકોત્તર અમૃતની ઉપમાને યથાર્થ કરે છે. અહિંસાદિ ધર્મસ્થાનો મૈત્રી આદિ ભાવોનું જ પ્રકટ સ્વરૂપ, પ્રેરક અને દ્યોતક છે. અહિંસાદિ ધર્મસ્થાનોનું સેવન મૈત્ર્યાદિભાવો ન હોય તો લાવી આપે, હોય તો વધારી આપે અથવા ટકાવી આપે છે, તેથી અહિંસાદિ ક્રિયાગત બાહ્ય સાધુધર્મ તથા સકલ પ્રાણીઓના હિતાશયરૂપ આંતરસાધુધર્મ બંને પરસ્પર ઉપકારક છે.

શ્રુતરૂપી પરોક્ષ જ્ઞાન કેવળરૂપી અપરોક્ષ જ્ઞાન પ્રત્યે
સદ્ભાવ જે ઉત્કૃષ્ટ ભાવ ઉત્પન્ન કરવા માટે છે.
સ્યાદ્વાદ યોજનાથી જ સર્વજ્ઞોનું જ્ઞાન પ્રમાણભૂત થાય.
<u>विशेषितं प्रमाणं स्यात्</u>। વિષય પરિશોધક નયથી યોજાત

અન્ય સિદ્ધાન્તમાં રહેલું વચન પણ
વિષયના પરિશોધનથી પ્રમાણ છે.
સ્વસિદ્ધાન્તનું વચન પણ
અનુયોગે કરી વિશેષિત ન હોય તો તે અપ્રમાણ છે.

तत्राऽपि न द्वेषः कार्यः। <u>सद्भिः</u>
અન્ય શાસ્ત્રને વિષે પણ દ્વેષ કરવો યોગ્ય નથી,
પરન્તુ તેના વિષયને પ્રયત્નથી વિચારવો.
જે પ્રવચનાનુસારી છે, તે બધું સદ્વચન છે.
विषयस्तु यत्नतो मृग्यः। બીજું પણ જે સદ્વચન છે,
તે સર્વ પ્રવચનથી ભિન્ન નથી.
तस्यापि न सद्वचनं सर्वं यत् प्रवचनादन्यत्।
સ્યાદ્વાદ યોજનાથી જ સર્વજ્ઞોનું માહાત્મ્ય હોય છે.
શાસ્ત્ર વિરુદ્ધનું જે બધું છે, તે સદ્વચન નથી.

प्रकाशितं जनानां यैर्मतं सर्वनयाश्रितं।
चित्ते परिणतं चेदं येषां तेभ्यो नमो नमः॥

સ્તુતિ: સર્વ નયે કરી આશ્રિત એટલે સ્યાદ્વાદ પ્રમાણથી ગર્ભિત પ્રવચન જેઓએ પ્રકાશિત કર્યું છે અને જેઓના ચિત્તને વિષે સર્વ નયાશ્રિત આ પ્રવચન પરિણમેલું છે, તેઓને વારંવાર નમસ્કાર હો.

સર્વ નયોના આશ્રયરૂપ જ્ઞાની સર્વોત્કર્ષપણે વર્તે છે.

શાસ્ત્રજ્ઞાન આત્મજ્ઞાન માટે છે. જો આત્મજ્ઞાન ન થયું તો શાસ્ત્ર ભણવાથી શું ફળ છે? શ્રમ વ્યર્થ છે.

શબ્દબ્રહ્મ પરબ્રહ્મ જવા તરફ માટે છે,

પરબ્રહ્મની રૂચિ કેળવવા માટે છે.

દ્રવ્યશ્રુત શબ્દરૂપ છે, ભાવશ્રુત જ્ઞાનરૂપ છે.

જડની મૈત્રી તોડવા માટે જીવની મૈત્રી આવશ્યક છે.

જડની ભક્તિથી છુટવા માટે જિનભક્તિ આવશ્યક છે.

o સંસારનાં બધા સંબંધો સ્વાર્થ પુરતા છે.

જીવમાત્ર સ્વાર્થ છે. નિઃસ્વાર્થી તો કેવળ એક શિવ જ છે, તેથી આત્મકલ્યાણ ઇચ્છુક પ્રત્યેક જીવનો સાચો સંબંધ કેવળ શિવ સાથે હોવો ઘટે. જે શિવ સાથે સંબંધ જોડી શકે, એ જ જીવ વડે શિવ થઈ શકે છે.

માયામાં ફસાયેલો જીવ શિવથી સદા દૂર ને દૂર રહે છે.

સંસારની માયા જીવમાત્રની કાયાની પાછળ છાયાની જેમ

ક્રિયા કરે છે, તેમાં ફસાયેલો જીવ શિવની સાથે સંબંધ બાંધી શકતો નથી, તે માટે ઉપદેશની આવશ્યકતા છે.

## જીવ-શિવનો સંબંધ

मुच्यतेऽधीतशास्त्रोऽपि नात्मेति कलयन्वपुः ।
आत्मन्यात्मानमन्विष्यन् श्रुतशून्योऽपि मुच्यते ॥
- ज्ञानार्णवे शुद्धोपयोगाधिकारः । (પરિશિષ્ટ-૧૪)

○ ધર્મનો પ્રારંભ આત્મલબ્ધિ છે અને તેનું પરિણમન સમતાભાવમાં છે.

સંસ્કૃત ભાષા ભણીને શાસ્ત્રો મોઢે કર્યા તેથી શું? આત્મજ્ઞાન વિહોણું જાણવું કદીએ ભવ તારનારું નથી. શાસ્ત્રજ્ઞાન મેળવી આત્મજ્ઞાન અને આત્મધ્યાન માટે પ્રત્યેક સાધકે સતત ઉદ્યમવંત રહેવું જોઈએ.

## પાંચ ઇંદ્રિયોની સુંદર સરખામણી

○ મનોહર રૂપ = અરિહંતની મૂર્તિ.

○ મનોરમ વાણી = સદ્ગુરુની દેશના.

○ સુગંધી પદાર્થ = પુષ્પની વૃષ્ટિ આદિ.

○ ભોજનનું આસ્વાદન = રસપૂર્ણ જ્ઞાનામૃત અને સમ્યક્ત્વગુણ આદિનું આસ્વાદન.

○ મૃદુ પદાર્થનો સ્પર્શ = દેવ-ગુરુના સુકોમળ ચરણકમળોનો સ્પર્શ.

ૐ

## તીર્થંકરોની માતાને આવતા ૧૪ સ્વપ્નના સાંકેતિક અર્થો

હાથીનું સ્વપ્ન શ્રેષ્ઠતાનું સૂચક છે.
વૃષભનું સ્વપ્ન ધર્મરથના ધોરીનું સૂચક છે.
સિંહનું સ્વપ્ન નિર્ભયતાનું સૂચક છે.
લક્ષ્મીનું સ્વપ્ન અનંતોની પૂજ્યતાનું સૂચક છે.
પુષ્પમાળાનું સ્વપ્ન સૌના કંઠહાર રૂપ શણગારનું સૂચક છે.
ચંદ્રનું સ્વપ્ન પ્રેમ - શીતલતાનું સૂચક છે.
સૂર્યનું સ્વપ્ન પ્રકાશ - સત્વતાનું સૂચક છે.
ધ્વજનું સ્વપ્ન સર્વત્ર પ્રચારનું સૂચક છે.
કળશનું સ્વપ્ન પૂર્ણતાનું પ્રતીક છે.
સરોવરનું સ્વપ્ન તૃપ્તિનું સૂચક છે.
સાગરનું સ્વપ્ન ગંભીરતાનું સૂચક છે.
વિમાનનું સ્વપ્ન દેવવંદ્યતાનું સૂચક છે.
રત્નરાશિનું સ્વપ્ન ગુણરત્નાકરનું સૂચક છે.
અગ્નિશિખાનું સ્વપ્ન આત્મજ્યોતિની પવિત્રતાનું સૂચક છે.

ૐ ह्रीं ૐ

### સિદ્ધચક્ર એટલે...

સ્વરૂપ અને ફળની અપેક્ષાએ
પ્રત્યક્ષસિદ્ધ સદા દેવ - ગુરુ અને ધર્મનું ચક્ર.

૦ પ્રાણીમાત્રના કલ્યાણની કામના કરનાર
વ્યક્તિ, બુદ્ધ કે સંઘ કેવા મહાન હોય?

આ પ્રશ્નનો ઉત્તર ભૂતકાળનો ઉજ્જ્વળ ઈતિહાસ અવશ્ય પૂરો પાડે છે. પર્વની મહત્તા બાહ્ય દેખાવમાં નહિ પણ અંદરનો પ્રકાશ પાથરવામાં પડી છે. આત્માનું સન્માન તેના પાસે સોનું - રૂપું છે, એ માટે નહિ
પણ તે ચિદાનંદઘનનો પીંડ છે
અને શક્તિનો અમર્યાદ સાગર છે, તે માટે.

## ભક્તિનું માહાત્મ્ય

ભક્તિ સત્સંગનું જ બીજું નામ છે.
ભક્તિ વડે પરમ પુરુષોનો નિકટવર્તી સંગ સાધી શકાય છે.
કર્મયોગમાં આસક્તિનો તથા જ્ઞાનયોગમાં અહંકારનો ભય છે.
ભક્તિયોગમાં નહિ આસક્તિ કે નહિ અહંકાર.
ઈશ્વરનું સ્મરણ નશ્વરના સ્મરણને છોડાવે છે અને
અવિનશ્વરની સાથે સંબંધ કરાવે છે.

૧૨ અંકનું મહત્ત્વ: ભાવના ૧૨, રાશિ ૧૨, બાયોકેમિકની દવા ૧૨, સમવસરણની ચાર દિશાએ ત્રણ પ્રદક્ષિણા દેતાં નમસ્કાર ૧૨ થાય છે. શ્રાવકના વ્રત ૧૨ છે. સાધુની પ્રતિમા ૧૨ છે, શ્રી કલ્પસૂત્રનું પ્રમાણ ૧૨૦૦ શ્લોક પ્રમાણ છે.

o જે મળ્યું છે તેનો આનંદ લો.
જે નથી મળ્યું તેનો શોક ન કરો.
જે કાંઈ પરિસ્થિતિ થઈ છે, તે સહજ થઈ છે.
તે પરિસ્થિતિ આપણા હિતમાં જ છે,
કારણકે પ્રકૃતિ મંગલમય છે.
તૃષ્ણાથી પાછા વળી તૃપ્તિ તરફ ચાલો,
તો આપણને સુખ [illegible]માં જ છે.
'જગતને આપણને બહુ બહુ આપ્યું છે'
એ ભાન થતાં તૃપ્તિનું સર્જન થશે.
આપણે જે સત્ય વિધાનો કહીએ,
તે બહુ સાપેક્ષ છે.
નિરપેક્ષ સત્ય એ કેવળ સત્ય છે.
તે બુદ્ધિ પરની વસ્તુ છે, માત્ર અનુભવગમ્ય છે.

o

The knower of self becomes the self.
Truth is relative which is
explained but absolute which
is experienced. To define truth
is to defy truth. The deepest
ocean is calm on the surface.

નિમ્નલિખિત રીતે આપણી પ્રત્યેક ધર્મક્રિયામાં તત્ત્વથી પાંચે પરમેષ્ઠિઓ રહેલા છે:

(૧) પ્રત્યેક ધર્મક્રિયાના કોઈ દેશક - પ્રેરક હોય છે.
અરિહંત.

(૨) પ્રત્યેક ધર્મક્રિયાનું પ્રયોજન અવિનાશીપણાની પ્રાપ્તિ છે.
સિદ્ધ.

(3) પ્રત્યેક ધર્મક્રિયા સદાચાર સ્વરૂપ હોય છે.
આચાર્ય.

(૪) પ્રત્યેક ધર્મક્રિયાની પાછળ શ્રુતજ્ઞાનનું બળ હોય છે.
ઉપાધ્યાય.

(૫) પ્રત્યેક ધર્મક્રિયા આત્માને સહાયરૂપ, સુખરૂપ હોય છે.
સાધુ.

પ્રત્યેક ધર્મક્રિયાની સાથે પાંચ પરમેષ્ઠિનું તત્ત્વ પાંચ આચારની સાથે જોડાયેલું હોય છે, તેથી પાંચે પરમેષ્ઠિ સદા પૂજ્ય છે, ધર્માર્થી જીવને આરાધ્ય છે.

પ્રત્યેક ધર્મક્રિયામાં પાંચે પરમેષ્ઠિ તેમના ગુણ અને કાર્યથી છુપાયેલા છે, તેથી તેમાં નવાં આવતાં કર્મને રોકવાની, જુના કર્મને ખપાવવાની અને બધી ભુલાચૂકોને ફરવાની શક્તિ રહેલી છે.

ધર્મનું મૂળ અરિહંત છે, ધર્મનું ફૂળ સિદ્ધ છે,
ધર્મનું સ્વરૂપ જ્ઞાન - દર્શન - ચારિત્ર છે એટલે કે
આચાર, વિનય અને સહાયકનું છે.

આચાર્યના પાંચ આચાર, ઉપાધ્યાયના પાંચ સ્વાધ્યાય
અને સાધુના પાંચ મહાવ્રત, એ ધર્મનું સ્વરૂપ છે.
જીવનના ઊંડાણમાં જવાની કળા એ જ ધર્મ છે.
આત્મચિન્તન દ્વારા જ જીવનમાંથી અમૃત મેળવી શકાય
છે. માનવી જ્યાં સુધી અંતરાભિમુખ બની આત્મચિંતન
કરતો નથી ત્યાં સુધી તે સાચું જીવન પામી શકતો નથી.
કેવળ ખાવું, પીવું, ધન કમાવું, પ્રતિષ્ઠા કે હોદ્દો મેળવવો
કે માત્ર શ્વાસ લેવો એ કાંઈ જીવન નથી.

સાચું જીવન તો આત્મચિન્તનમાં છે અને
તે માટે થતી ઉપાસનામાં છે.

ધ્યેયશૂન્ય ઉપાસના ફળ કેવી રીતે ફળે ?

अमृतं तु विद्या । સૂક્તિ: આત્મવિદ્યા એ જ અમૃત છે.

પાપતત્ત્વ એટલે...

જે સુખપૂર્વક બંધાય અને દુઃખપૂર્વક ભોગવાય તે.

પુણ્યતત્ત્વ એટલે...

જે દુઃખપૂર્વક બંધાય અને સુખપૂર્વક ભોગવાય તે.

સાધુ પુરુષોના દર્શનમાત્રથી મનના ભાવ બદલાય છે,
સ્પર્શથી મતિ બદલાય છે અને સંગથી જીવન બદલાય છે.

જનસેવા એ પ્રભુસેવા છે.

જનનિંદા તે પ્રભુનિંદા છે. જેની નિંદા કરી તેની માફી
માંગવી જોઈએ, તો જ તે પાપમાંથી છુટી શકાય છે.
મહારાજની માફી માંગી તથા મહારાજે આપી, તો ય જ્યાં સુધી
પ્રભુની માફી ન માંગે, ત્યાં સુધી હૃદયને સંતોષ થતો નથી,
તેનું કારણ જનનિંદામાં પ્રભુનિંદા રહેલી છે.

મહારાજ પણ જો સહૃદય હોય, તો
ક્ષમા માંગ્યા પછી પ્રેમ આપે છે, તો પ્રભુ કેમ ન આપે?
પ્રેમના મહાસાગર છે, એટલે તેમના તરફથી ક્ષમા મળે જ છે.

મહારાજ માફી આપે કે ન આપે,
ભગવાન હંમેશા ક્ષમા આપવા હાજર છે, તેની દયાથી જ
માનવગુનેગારના હૃદયનું સમાધાન થઈ શકે છે.

બધી નદીઓના પાણી ભલે સુકાય પણ
આત્માના ડાઘ ધોવા માટે પ્રભુની દયારૂપ
પતિતપાવન ગંગા સતત વહેતી જ રહે છે.

સારું શીખવા હજાર દિવસ પણ ઓછા છે,
ખોટું શીખવા એક કલાક પણ વધુ છે.

વિનમ્રતામાં બહુ અહંકાર છે.

કોઈ ખુબ જ વિનમ્ર માણસને કહેશો કે અમારે ત્યાં તમારાથી અનેકગણા નમ્ર માણસો છે, તો તરત જ તેમને અહંકાર જાગી ઉઠશે અને તે વાતને સ્વીકારશે નહિ.

<u>પ્રતિષ્ઠા</u> = જગતનાં સત્પુરુષો આપણા વિષે શું ધારે છે તે.

<u>ચારિત્ર્ય</u> = પ્રભુ તથા દેવદૂતો આપણા વિષે જે જાણે છે તે.

ઉત્તમ મનુષ્યોમાં ત્રણ લક્ષણો હોય છે:

ચિંતા, મૂંઝવણ અને ભયથી મુક્ત.

ઉત્તમ મનુષ્ય સદ્ગુણયુક્ત છે, માટે ચિંતામુક્ત છે, તેઓ ડહાપણયુક્ત હોય છે માટે મૂંઝવણમુક્ત છે, વળી તેઓ બહાદુર હોય છે માટે ભયમુક્ત હોય છે.

<u>જે ન જાણતાં હોય તેને શીખવવું તે કેળવણી નહિ,</u>
<u>જે વર્તતાં નહિ તે વર્તતાં શીખવવું તે સાચી કેળવણી છે.</u>

°

<u>Aim of education</u>

It is not knowledge but action.

વસ્તુઓને છૂટી પાડીને જોવાથી જ્ઞાન થાય અને
વસ્તુઓને ભેગી કરીને જોવાથી ડહાપણ આવે.

We get knowledge by analysis and wisdom by synthesis.

જે પ્રશ્ન પૂછે છે, તે પાંચ મિનીટ જ મૂરખ રહે,
જે કદી પ્રશ્ન પૂછતો નથી, તે હંમેશા માટે મૂરખ રહે છે.
મંગળથી બુદ્ધિની શુદ્ધિ તથા પરિણામે વિઘ્નોનો ક્ષય થાય છે.
મંગળમાં જો ગુરુ: બુદ્ધિની નિર્મળતા, અંતરાયનો ક્ષય.

મંગળથી ક્ષેમ અને લાભ થાય છે, તેથી
તેને યોગ - ક્ષેમ પણ કહેવાય છે.

૦ ગણપતિનું વાહન ઉંદર છે. ઉંદર એ કાળનું પ્રતીક છે.
કાળને જીતીને કાળને પણ જેણે
પોતાનું વાહન બનાવ્યું છે, તે ગણેશ - ગણપતિ છે.

न काष्ठे विद्यते देवो, न पाषाणे न कर्दमे ।
भावेषु वर्तते देवस्तस्मात् भावं न संत्यजेत् ॥

અર્થાત: દેવ કાષ્ઠમાં નથી, પથ્થરમાં નથી, કાદવમાં નથી,
કિન્તુ તેઓ ભાવમાં રહેલા છે, તેથી ભાવને છોડવો નહિ.

०

Kundalini is a kind of Rajyoga.
It is the highest realisation,
a blaze of the Spirit.
It conditions the mind of the yogi
into a little cosmic theatre.
It links the world and the self.

० सन्तोऽप्यसन्तोऽपि परस्य दोषाः
नोक्ता श्रुता वा गुणमावहन्ति ।
वैराणि वक्तुः परिवर्धयन्ति
श्रोतुश्च तन्वन्ति परां कुबुद्धिं ॥

<u>અર્થ</u>: બીજાના દોષો હોય કે ન હોય પણ ન બોલનાર તથા ન સાંભળનાર ગુણને વહન કરે છે, જ્યારે દોષને બોલનાર વૈરને વધારે છે અને દોષને સાંભળનારને અત્યંત કુબુદ્ધિને કરે છે.

० तीव्रतपघंटोऽयं, क्षमामर्कटीकान्वितः ।
धृतिहस्तो मनः कीलं कर्मधान्यानि चूरयेत् ॥

<u>અર્થ</u>:- તપરૂપી આ ઘંટી કર્મરૂપી ધાન્યને દળે છે. મનરૂપી ખીલો, ધૃતિરૂપી હાથો અને ક્ષમારૂપી મર્કટીથી યુક્ત એવા તે ઘંટી છે.

જો પ્રકરણના પદમાં ઉપરનું પદ બાહ્યતપ છે અને નીચેનું તપ અભ્યંતર તપ છે. એમ પીલવાયંત્ર બને છે.

० सम्मद्दंसणणाणं चरणं मोक्खस्स कारणं जाणे ।
ववहारा णिच्छयदो तत्तियमइओ णिओ अप्पा ॥१॥

० हस्ते चिन्तामणिर्यस्य गृहे यस्य सुरद्रुमः ।
कामधेनुर्धनं यस्य तस्य का प्रार्थना परा ॥१॥

(परिशिष्ट-१५)

## સર્વાત્મ સિદ્ધિ એટલે...

સમસ્ત જાગતિક પ્રપંચોની સાથે આત્માની અભિન્નતા.
સર્વાત્મસિદ્ધિને જ 'મોક્ષ' કહે છે.
મોક્ષનો ઉપાય અને મોક્ષ - બંને સમભાવસ્વરૂપ છે.
ભક્તિ એ રાગ-દ્વેષ ઉભયની
વિરોધિની એકમાત્ર પરમ વિરક્તિરૂપ છે.
ભક્તિમાં પરગુણનો પક્ષપાત તથા સ્વદોષનો સ્વીકાર છે.
ભક્તિ સ્વ-પર સમભાવ રૂપ છે.
તે સમભાવ અહં-મમ પ્રત્યે વિરક્તિરૂપ છે.
રાગ-દ્વેષનું મૂળ અહંભાવ છે.
તેનો વિરોધિ ભાવ અર્હંભાવ છે.
અહંભાવમાં સ્વદોષનો પક્ષપાત, પરગુણનો મત્સર છે.
પ્રાણ અને મનનું અધિષ્ઠાન હૃદય છે.
હૃદયના ભાવો સાથે પ્રાણ, મન તથા બુદ્ધિના ધર્મો જોડવા
એ મૈત્રી આદિ ભાવનાઓના અભ્યાસથી જ શક્ય બને છે.
એ અભ્યાસથી મન, પ્રાણ, બુદ્ધિ, હૃદયની એકતા સધાય.
સાંસારિક સુખ - દુઃખ કાલ્પનિક છે, કલ્પનાજન્ય છે.
આત્માનું સુખ સ્વાભાવિક છે અર્થાત્ અનાકુલતારૂપ
છે તાત્ત્વિક; વૈભાવિક અર્થાત્ આકુલતારૂપ છે અતાત્ત્વિક.
કલ્પના - વાસના - સંસ્કાર એકાર્થક છે.

૦ મંત્રના શબ્દોમાં પ્રાણનો વિનિયોગ થતાં મન અને બુદ્ધિનું પ્રાણતત્ત્વમાં રૂપાંતર થાય છે. મન, મંત્ર અને પ્રાણની એકતા થાય છે. શ્વાસ - પ્રશ્વાસ મનની જ ક્રિયારૂપ બની જતાં મનના વિકલ્પો શાંત થાય છે. આહત પ્રાણ અનાહતમાં અને આહત ધ્વનિ અનાહતમાં લીન થતાં આત્મશક્તિ આવિર્ભૂત થાય છે. પરિણામે મંત્ર દેવતા અને મંત્ર સાધક વચ્ચે રહેલ ભેદનો છેદ થાય છે.

## મૈત્રીભાવનું બીજ

જીવો વચ્ચે રહેલી સજાતીય એકતા એ જ
મૈત્રીભાવનાં અભ્યાસનું બીજ છે.

સિદ્ધની જે જાતિ, તે જ સાધકની જાતિ છે અને
સાધકની જે જાતિ છે, તે જ સિદ્ધની જાતિ છે.

જાતિગત એકતાનું રક્ષણ મૈત્રી આદિ ભાવોથી થાય છે તથા મન, બુદ્ધિ, પ્રાણોનું રક્ષણ હૃદયના ભાવોથી થાય છે.

એ રીતે હૃદયના ભાવો એક બાજુ
મન, બુદ્ધિ તથા પ્રાણની રક્ષા કરે છે અને બીજી બાજુ જીવોની વચ્ચે રહેલ જાતિગત એકતાનું પાલન કરે છે.
હૃદયભાવોને વિકસાવનાર મૈત્ર્યાદિ ભાવનાનો અભ્યાસ છે,
તેથી તે ધર્મધ્યાન સ્વરૂપ છે.

ધર્મ એટલે સ્વભાવ અને તેનું ધ્યાન તે ધર્મધ્યાન.
જીવોનો સ્વભાવ જાતિગત એક છે, તેથી તેનું રક્ષણ
કરવા મૈત્રી આદિ ભાવોની અનિવાર્ય આવશ્યકતા છે.

o त्रिधा देवता कथ्यते । केन प्रकारेण ?

ત્રણ પ્રકારે દેવતા કહ્યા છે. કયા પ્રકારે ?

इष्टा[1]धिकृता[2]भिमत[3] - भेदेन ।

ઇષ્ટ, અધિકૃત તથા અભિમત - આ ત્રણ પ્રકારે.

इष्टः[1] स्वकीय पूज्यः । ઇષ્ટ એટલે પોતાને પૂજ્ય.

अधिकृतः[2] ग्रन्थस्यादौ नमस्करणीयत्वेन विवक्षितः ।
અધિકૃત એટલે ગ્રન્થની શરૂઆતમાં
નમસ્કરણીય તરીકે વિવક્ષા કરાયેલા.

अभिमतः[3] सर्वेषां लोकानां विवादं विना सम्मतः ।
इत्यादि मंगलव्याख्यानं । અભિમત એટલે બધાં લોકોને
વિવાદ વિના જે સંમત હોય તે વિગેરે મંગલ વ્યાખ્યાન થયું.

- बृहद् द्रव्य संग्रहे । अ-१, गा-१.

अप्रतीत = કોઈને ખબર ન હોય એવું.

अनिराकृत = કોઈ ખંડન ન કરી શકે એવું.

अभीप्सित = ઇચ્છિત.

-टीका ब्रह्मदेवेनकृता = ટીકા બ્રહ્મદેવ વડે કરાયેલી છે.

## વૈરાગ્ય અને ભક્તિનો સુમેળ

વૈરાગ્યની ત્યારે જ કિંમત છે, જ્યારે
તે અનુરાગની સાથે હોય.

ભક્તોની સાથે પ્રેમ અને ભોગોની સાથે અપ્રેમ-ત્યાગ
તે વૈરાગ્ય અથવા ધર્મનું ખરું લક્ષણ છે.

ભવનિર્વેદ અને ભગવદ્ બહુમાન એક જ પ્રયોજનની સિદ્ધિ માટેનાં બે ઉપાયો છે. ભગવાન ભવથી મુક્ત થયા છે એટલે વિષય-કષાયથી રહિત થયા છે. તે કારણે વિષય-કષાયથી મુક્તિ ઇચ્છવી તે ભગવદ્ બહુમાન છે.

દોષ-દર્શનરૂપ વૈરાગ્ય વડે વિષયોથી મુક્ત થવાય છે. ગુણદર્શન રૂપ ભક્તિથી કષાયમુક્તિ મળે છે. કષાયની ઉત્પત્તિ વિષયના રાગથી છે તેથી વિષયોમાં દોષદર્શન કષાયોને મંદ કરે છે. મંદ પડેલા કષાયો જીવોમાં રહેલા ગુણદર્શનથી નિર્મૂળ થાય છે. દોષો પ્રત્યે વૈરાગ્ય તે ભવનિર્વેદ, ગુણો પ્રત્યે બહુમાન તે ભગવદ્ બહુમાન છે.

દોષદર્શન કષાયોને પાતળા પાડે, ગુણદર્શન નિર્મૂળ કરે.
તેનો અર્થ છે: વિષયોમાં દોષ અને જીવોમાં ગુણ જોવા.

મનને મહિમાં નહિ પણ મહિમામાં રાખો,
તે મોતને પણ મહાત કરે છે, કરી શકે છે.

महतामपि दानानां कालेन क्षीयते फलम् ।
भीताऽभयप्रदानस्य क्षय एव न विद्यते ॥

<u>અર્થઃ</u> ઘણું દાન આપ્યું હોય તો પણ સમય થયે તેનું ફળ ક્ષય પામે છે પણ ભયભીતને અભયદાન આપ્યું હોય, તો તેનું ફળ કદી ક્ષય થતું નથી.

o જીવનમાં કોઈ હાર અંતિમ હાર નથી અને કોઈ જીત એ અંતિમ જીત નથી.

સંસારમાં જુદી - જુદી વિચારધારાઓ છે.
તેનો સામનો કરવાને બદલે
તેમાં જે સત્યનો અંશ હોય તેને ગ્રહણ કરવો જોઈએ.
એકાંત આગ્રહમાં કાંઈને કાંઈ હિંસા છુપાયેલી છે.

<u>મૈત્ર્યાદિ ભાવોથી શું જણાય ?</u>

રાગની વૃત્તિ મૈત્ર્યાદિ, દ્વેષની વૃત્તિ કરુણાદિ,
સુંદર આચરણની પ્રવૃત્તિ મુદિતાદિ તથા
પાપ કરણરૂપ પ્રવૃત્તિ માધ્યસ્થ્ય ભાવની સાધનાદિ જણાય.
ચિત્તના રાગાદિ મળો ઇંદ્રિયોને વિષયો તરફ પ્રેરે છે.

<u>વર્તમાન સંસાર વૈરાગ્ય એટલે...</u>

વિષયોમાં રાગ-દ્વેષપૂર્વકની પ્રવૃત્તિ ન થવા દેવા માટે
ચિત્તના મળોનો હ્રાસ જેનાથી થાય છે,
એવા મૈત્ર્યાદિ ભાવોનો અભ્યાસ કરવો તે.

० નિસર્ગ સમકીતમાં જીવત્વનું સાચું બહુમાન છે,
અધિગમમાં તે દેવ, ગુરુ, શાસ્ત્ર દ્વારા પ્રાપ્ત થાય છે.

જીવત્વનું બહુમાન એટલે...
મૈત્ર્યાદિ ભાવો અથવા સ્નેહપરિણામનો વિસ્તાર.
નમસ્કાર મંત્રની આરાધનાથી
જીવરાશિ પ્રત્યે સ્નેહ પરિણામનો વિસ્તાર સધાય છે.

કેવળ નકારાત્મક ધર્મ શા કામનો?

પત્થર કદી પાપ કરતો નથી, ગાય કદી અસત્ય બોલતી નથી,
વૃક્ષો કદી ચોરી કરતા નથી, પશુ-પક્ષી કદી સંગ્રહ કરતા નથી,
અસંજ્ઞી કદી અબ્રહ્મને સેવતા નથી,
સૂક્ષ્મ એકેન્દ્રિય જીવો કોઈ જાતનું ય સ્થૂલ પાપ કરતા નથી,
...પણ એથી ધર્મ ક્યાં થાય છે?
ધર્મ તો સદ્‌રુચિમાં છે, સાચી લાગણીમાં છે,
સદ્‌ભાવની લાગણી અને સાચી હિતચિંતામાં રહેલો છે.
નમસ્કાર વડે સદ્‌વૃત્તિઓનું, સદાચારોનું,
સદ્‌વસ્તુઓનું તથા સદ્‌ગુણોનું સાચું મૂલ્યાંકન થાય છે.
'મૂલ્યાંકન થવું' એટલે તેમાં ઉપાદેય બુદ્ધિ જાગવી.
તે જ સાચું મૂલ્યાંકન છે.

ह्रीँ ॐ नँ अर्हँ नँ नँ अर्हँ नँ ॐ ह्रीँ

એવું વિવેકી જીવોને જ સમજાય છે કે:
હૃદયમાં ચિંતવેલાં કાર્યો કરતાં
વિધિએ કરેલા કાર્ય સદા ઉત્તમ હોય છે.
વિધિની ન્યાયનિષ્ઠતાના વિશ્વાસથી વિપત્તિઓને તરી જવાય.
વિપત્તિ = દેવ - ગુરુ - ધર્મ પ્રત્યેના વિશ્વાસની કસોટી.
આપત્તિમાં અડગ રહેવાનું સાધન એક વિશ્વાસ છે.
વિશ્વાસને દૃઢ કરવાનું એક સાધન વિપત્તિ પણ છે.

પાપ એટલે અમૈત્રી.

પાપનો પ્રતિઘાત એટલે અમૈત્રીનો અભાવ અર્થાત્ મૈત્રી.

ગુણ એટલે અહિંસાદિ.

અહિંસાનાં ભજન એટલે મૈત્રી, મુદિતાદિ.
તેનું સાધન એટલે આસેવન.

ચાર કષાયોને જીતવાની ચાવી

ક્રોધકષાયને જીતવા માટે બધાને પ્રેમ આપો.
માનકષાયને જીતવા માટે બધાને માન આપો.
માયાકષાયને જીતવા સ્વને નાનો, પરને મોટો ગણાવો.
લોભકષાયને જીતવા માટે પોતાને આત્મદૃષ્ટિથી પૂર્ણ માનો.
સર્વ જીવોને સત્તાથી શુદ્ધસ્વરૂપે જોવાની ટેવ
પાડવાથી શુક્લ ધ્યાનના આલંબનભૂત ક્ષમા આવી શકે છે.

બોધ મેળવવા માટે વિશ્વ એ સળંગ પાઠશાળા છે,
તે એક બનતા ગુરૂની ગરજ સારે છે.
દુનિયાને ગુરૂતુલ્ય માની પોતે શિષ્યરૂપે રહેવાથી વિનય
કેળવાય અને અભિમાનની વૃત્તિનો નાશ કરી શકાય છે.
'કુદરતના કાનુનમાં ગુપ્તમાં ગુપ્તપણે કરેલા ક્રિયાનું ફળ
મળે છે એટલે માયાપ્રપંચને વિશ્વમાં અવકાશ જ નથી.'
આ વિચાર માયાવૃત્તિનો મૂળથી નાશ કરે છે,
છાનું પાપ કરવાની વૃત્તિ આપોઆપ વિલય પામી જાય છે.
આત્મદ્રષ્ટિથી સર્વ જીવ સરખા છે.
પરમાત્મદ્રષ્ટિથી સર્વ જીવ મોટા છે.
વ્યવહારદ્રષ્ટિથી પોતે પોતાને જાણીથી નાનો જોવાની
માયા કરવાથી માયા સહેલાઈથી જીતાય છે.
'દેહ અને શુભાશુભ કર્મ સર્વથી, ત્યાગ કરવા યોગ્ય છે'
એમ માનનારને લોભનો અવકાશ રહેતો જ નથી.
એમ વિચારવાથી લોભ જીતાય છે કે: બાહ્ય વસ્તુનો
લોભ રહે જ સ્વસ્વરૂપનું આવરણ ઉભું કરે છે.
ઈશ્વરના અસ્તિત્વનો નિર્ણય, ગુરૂની ગુરૂતાનો
વિશ્વાસ અને સત્ય - અસત્ય વચ્ચે રહેલા ભેદનો
નિશ્ચયતા જે છે, તે આત્મા અપેક્ષાએ દેહનો પણ દેહ,
ગુરૂનો પણ ગુરૂ અને સત્યનું પણ સત્ય તત્ત્વ છે.

0 તૃષ્ણા છોડી તૃપ્તિ અનુભવે એ જ સાચો સુખી.
પોતે દુઃખી થઈ બીજાને સુખી કરે એ જ સાચો સુખી
અને એ જ સમાજનો સાચો મુખી.

સવારના બ્રહ્મમુહૂર્તનો એક કલાક ખોશો, તો
બાકીનો આખો દહાડો તેને ખાલી ખોળતા રહેવું પડશે.

0 उत्तमा तत्त्वचिन्तैव मध्यमा शास्त्रचिन्तनम्।
अधमा मंत्रचिन्ता तु तीर्थयात्रा अधमाधमा ॥१॥

અર્થ: તત્ત્વચિંતન, તેનો અભ્યાસ, મનન, સાધના અને
અનુભૂતિ માટે પ્રયત્ન - પ્રયોગ તે ઉત્તમ છે.
શાસ્ત્રચિંતનઅભ્યાસનો પ્રયોગ તે મધ્યમ,
મંત્રરટણ જપાદિ પ્રયોગ તે કનિષ્ઠ અને તીર્થાટન, મંદિર,
દેવપૂજા, અર્ચના આદિને નિકૃષ્ટ ચોથા નંબરનો કહ્યો છે.

0

0 G - generation - સર્જન
O - origination - પોષણ
D - Destruction - વિસર્જન
} God

0 'Living is killing'
is a fact of life but not law of life.
The law of life is
'Killing the least is living the best'.

0 કર્મ દુ:ખ અને દુ:ખદ કર્મનાશ.

પોતાના અશુભ કર્મના ઉદય વિના દુ:ખ કે આપત્તિ ન આવે એ જેટલું સાચું છે, તેટલું જ એ સાચું છે કે

એકેક પળની આપત્તિ આવ્યા પછી
એને આપનારૂં કર્મ ઊભું રહે નહિ.

જેટલાં દુ:ખ ભોગવો, એટલાં અશુભ કર્મનો ક્ષય.
જેટલું સુખ ભોગવો, તેટલાં શુભ કર્મનો અંત.

ધ્યાન જેવું હોય તે પ્રમાણે સુખ-દુ:ખ, હર્ષ-શોકનો અનુભવ થાય છે. કર્મના ક્ષય ઉપર જેની દૃષ્ટિ છે, એને દુ:ખ છે પણ ખેદ નથી, દુ:ખ છે પણ દુ:ખી નથી. માટે ધ્યાન એ જીવનમાં અગત્યનો ભાગ ભજવે છે.

सर्वेऽपि यत्र नेतारः सर्वे पंडितमानिनः ।
सर्वे महत्त्वमिच्छन्ति तद्वृन्दमवसीदति ॥१॥
- કલ્પસૂત્ર શ્લો.૩ વૃત્તિ:

જ્યાં બધાં નેતાઓ છે, જ્યાં બધાં પોતાને પંડિત માને છે, જ્યાં બધાં મહત્ત્વને ઈચ્છે છે, તે વૃન્દ સીદાય છે.

0 अन्तर्लक्ष्यो बहिर्दृष्टिः निमेषोन्मेषवर्जितः ।

0 तीर्थीकुर्वन्ति तीर्थानि, सुकर्मीकुर्वन्ति कर्माणि,
सच्छास्त्रीकुर्वन्ति हि शास्त्राणि । (परिशिष्ट-१६)

રયણ દીવ દિણયર દહિઉ દુદ્ધ ઉ ઘીવં પહાણુ |
સુણ્ણઉ રુપ્પ ફલિહઉ અગણિ ણવ દિટ્ઠંતા જાણિ || સહૃદિ:

(૧) રત્ન - આત્મા રત્નત્રયમય છે.

(૨) દીપક - આત્મા સ્વપરપ્રકાશક છે.

(૩) સૂર્ય - આત્મા કેવળજ્ઞાનમય છે.

(૪) આત્મા દૂધ - (૫) દહીંમાં શક્તિરૂપ પરમાત્મત્વ છે.

(૬) ઘી - આત્મા સારભૂત પરમાત્મત્વ છે.

(૭) પાષાણ - આત્મા ટંકોત્કીર્ણ શાશ્વતસ્વભાવી છે.

(૮) સુવર્ણ - આત્મા કર્મકલંકરહિત છે.

(૯) ચાંદી - આત્મા સ્વચ્છ રજત સમાન છે.

(૧૦) સ્ફટિક - આત્મા સ્વભાવથી નિર્મળ છે.

(૧૧) અગ્નિ - આત્મા કર્મઈંધણને બાળનાર છે.

o મનઃ સ્થિરં યસ્ય વિનાવલંબનમ્,
વાયુઃ સ્થિરો યસ્ય વિનાવરોધનમ્,
દૃષ્ટિઃ સ્થિરા યસ્ય વિનાવલોકનમ્,
સ્યાત્સૈવ મુદ્રા વિમલા ચ ખેચરી || (પરિશિષ્ટ-૧૭)

ખેચરી મુદ્રાને શૈવ, શાંભવ કે શિવમુદ્રા પણ કહે છે.

ખં બોધગગને ચરતીતિ ખેચરી |

જ્ઞાનગગનમાં જે વિચરે તે ખેચરી મુદ્રા. તેમાં સ્થિતને મુદ્રારૂપ શિવ, શક્તિ, રામ વગેરે નામથી કહી શકાય.

## સંસારદૃષ્ટિએ નવરસ

સંસાર એ દુઃખદૃષ્ટિએ કરૂણરસથી,
પાપદૃષ્ટિએ રૌદ્રરસથી, અજ્ઞાનદૃષ્ટિએ ભયાનકરસથી,
મોહદૃષ્ટિએ બીભત્સ અને હાસ્યરસથી,
સજાતિદૃષ્ટિએ વીરરસથી, વિજાતિદૃષ્ટિએ શૃંગારરસથી,
કર્મદૃષ્ટિએ અદ્‌ભુતરસથી,
આત્મદૃષ્ટિએ સમતારસથી, ધર્મદૃષ્ટિએ વીરરસ અને
વાત્સલ્યરસથી, પરમાત્મદૃષ્ટિએ ભક્તિરસથી તથા
શુદ્ધદૃષ્ટિએ શાંતરસથી ભરપૂર છે.
વ્યાપકદૃષ્ટિએ બધા રસની સમાપ્તિ શાંતરસમાં થાય છે.
તૃષ્ણાક્ષયરૂપ જે શમરસરૂપ સ્વાભાવિક રસ
વિભાવાનુભાવ સંચારીભાવને પામીને
શાંતરસમાં પરિણમન થાય છે.

૦ શુદ્ધ આત્મદ્રવ્યનું પરપુદ્ગલથી અને રાગાદિ દોષથી
ભિન્ન એવું જાણપણું, શ્રદ્ધાનપણું અને
અનુભવપણું તે જ નિશ્ચયથી રત્નત્રય છે.
સ્વશુદ્ધાત્માનો જે તેના સ્વરૂપનો અનુભવ
ભાન, શ્રદ્ધા, પરિણતિથી થાય, ત્યારે તેને નિશ્ચયથી
સમ્યગ્જ્ઞાન, સમ્યગ્દર્શન તથા સમ્યક્ચારિત્ર થયું કહેવાય.

## ધર્મના હેતુ, સ્વરૂપ અને ફળ

પ્રવૃત્તિરૂપ ધર્મનું સ્વરૂપ દાન, શીલ, તપ અને ભાવ છે.
પરિણતિરૂપ ધર્મનું સ્વરૂપ જ્ઞાન, દર્શન, ચારિત્ર, તપ છે.
દાન, શીલ, તપ અને ભાવધર્મના સેવનમાં
જ્ઞાન, દર્શન અને ચારિત્રના અંશો રહેલાં છે.
ભાવધર્મ સ્વયં જ્ઞાન - દર્શનરૂપ છે.
ધર્મક્રિયામાત્ર શુભાસ્રવ, સંવર તથા નિર્જરા કરાવે છે,
તેમાં જ્ઞાન, દર્શન, ચારિત્રનું આરાધન રહેલું છે.
જ્યાં જ્ઞાન, દર્શન, ચારિત્રનું સેવન છે, ત્યાં
તેના મૂળમાં અરિહંત પરમેષ્ઠિ, ફળમાં સિદ્ધ પરમેષ્ઠિ,
ફૂલમાં આચાર્ય પરમેષ્ઠિ, પત્રમાં ઉપાધ્યાય પરમેષ્ઠિ
અને સ્કંધ, શાખા, પ્રશાખામાં સાધુ પરમેષ્ઠિ રહેલા છે.
આચાર્ય આચારને તથા ઉપાધ્યાય વિનયને શીખવે છે
અને સાધુ સહાયકપણું ધરાવે છે.
આચાર, વિનય, સહાય - એ ત્રણ મળીને જ ધર્મ બનતો
હોવાથી તે ધર્મનું સ્વરૂપ છે, ધર્મનો હેતુ અરિહંતની
વાણી છે અને ધર્મનું ફળ અવ્યાબાધ સુખ છે.
એ રીતે ધર્મના હેતુ, સ્વરૂપ અને ફળ સમજીને જો
ધર્મની ક્રિયા કરવામાં આવે છે,

તે સાનુબંધ શુભ અનુષ્ઠાનનું કારણ બનીને
પરંપરાએ મોક્ષસુખને આપનાર થાય છે.
મોક્ષસુખ સ્વાત્મોપલબ્ધિરૂપ છે.

o આત્મપ્રેમમાં પ્રારબ્ધને અવકાશ નહિ,
એ સ્વતંત્ર પુરુષાર્થ સ્વના વિચારે જ સિદ્ધ થાય તેમ છે.
આત્મબળ વધે એટલે મિથ્યાત્વબળ ઘટે.
કર્મ કરતાં પુરુષાર્થ બળવાન છે.

o જ્યાં બુદ્ધિના સ્તરે રાગ હોય, ત્યાં વાદવિવાદ હોય,
જો અધ્યાત્મના સ્તરે હોય, તો વાદવિવાદ સમાપ્ત થાય છે.
રાગ એ પ્રકાશ આપનાર છે, તપ એ કચરો
કાઢનાર છે અને સંયમ એ નવા કચરાને અટકાવનાર છે.
સંયમરૂપી દૂધને તપરૂપી અગ્નિથી ઉકાળો
રાગરૂપી સાકર ભેળવવાથી મધુર થાય છે.
રાગ પણ સંયમ - તપના પ્રમાણમાં હોય તો ગુણ કરે.
દૂધ કરતાં ખાંડ વધી જાય તો કફ - અજીર્ણ કરે.

o ગયા વિના ગામ ન આવે, લગના વિના પ્રભુ ન મળે.

o ખવાય તેટલું ખાવું નહિ, આવડે તેટલું બોલવું નહિ,
દેખાય તેટલું માંગવું નહિ,
સુઝાએ તેટલું કરવું નહિ અને હોય તેટલું ખર્ચવું નહિ.

Dt. 15/8/68

ॐ अर्हं नमः। ॐ श्री पार्श्वनाथ परमात्मने नमः।

આહારના ત્યાગાદિ વિષયોનો ત્યાગ થાય છે પણ
વિષયોના રસનો, રાગનો કે આસક્તિનો ત્યાગ થતો નથી.
રસ, રાગ કે આસક્તિનો ત્યાગ તો
શ્રેષ્ઠ એવા આત્મતત્ત્વને સાક્ષાત જોવાથી,
ધ્યાન દ્વારા સ્વસંવેદન કરવાથી થાય છે.
હું આત્મતત્ત્વ સ્વરૂપ છું, પરન્તુ
પંચભૂતના સમૂહરૂપ દેહ તે હું નથી.
યોગ એ લક્ષ્ય નથી, કિન્તુ
યોગેશ્વરરૂપી લક્ષ્ય ઉપર પહોંચવા માટેનો ઉપાય છે.

o सज्जनो सारमादत्ते दुर्जनो दोषमेव च।
તે સજ્જનો, સૌ ચંદ્રકાન્ત, સૂર્યકાન્તમણિ સમાન જાણો.

o

(1) God, I thank you for answering my prayer.
(2) You can not love God, if you can not love all.
(3) If you do not agree with God, you can not agree with anybody.

## ૧૨ ભાવનાનો શાસ્ત્ર રહસ્યાર્થ

(૧) **અનિત્ય ભાવના**

આત્માદિ ભિન્ન ભાવકર્મ, દ્રવ્યકર્મ, નોકર્મ - સચિત્ત, અચિત્ત અને મિશ્ર - આ બધું અધ્રુવ, વિનશ્વર છે.

(૨) **અશરણ ભાવના**

મહારણ્યમાં વ્યાઘ્રગૃહીત મૃગબાળની જેમ અને મહા-સમુદ્રમાં પોતચ્યુત પક્ષીબાળવત્ ચિત્ત - અચિત્ત તદુભય વિશ્વ અશરણ છે. શરણભૂત એક શુદ્ધ આત્મા છે. શરણાગત વજ્રપંજર સદૃશ તે સર્વકાળ માટે શરણભૂત છે.

(3) **સંસાર ભાવના**

દ્રવ્યસંસાર, ક્ષેત્રસંસાર, કાળસંસાર, ભવસંસાર અને ભાવસંસારની અંદર જીવ (આગમવચનાનુસાર) અનંત વાર ભમ્યો છે. તે સંસારનો વિનાશ કરનાર ભેદાભેદ રત્નત્રયની પ્રાપ્તિ થઈ નહિ.

(૪) **એકત્વ ભાવના**

કેવળજ્ઞાન એ જ એક જીવનું સહજ શરીર છે. સપ્તધાતુમય ઔદારિક શરીર તે જીવનું શરીર નહિ. પોતાનું શુદ્ધ આત્મતત્ત્વ જ એક સદા શાશ્વત, પરમ હિતકારી, પરમબંધુરૂપ છે. મરણકાળે જીવ એકલો જ ગત્યંતર કરે છે. દેહ, ધન, સ્વજનાદિ અહીં રહે છે.

(૫) અન્યત્વ ભાવના

શરીર, સ્વજન, ધન, વિષયસુખાદિ
કર્માધીન છે, વિનશ્વર છે, ભેદભૂત છે.
નિત્ય, નિરંજન, શુદ્ધ, જ્ઞાયક
એક સ્વરૂપ આત્મા તેથી ભિન્ન છે.
એકત્વમાં વિધિ પ્રધાન છે, અન્યત્વમાં નિષેધ પ્રધાન છે.

(૬) અશુચિ ભાવના

શરીર અશુચિ છે. અશુચિનું ઉત્પાદક છે અને અશુચિથી ઉત્પન્ન છે. શુદ્ધ આત્મા એ જ સદા પવિત્ર છે, જીવ પોતે બ્રહ્મ છે. તેમાં ચર્યા તે બ્રહ્મચર્ય છે.
'બ્રહ્મચારી સદા શુચિ.'
કામ-ક્રોધાદિરત જીવો જલસ્નાનાદિ કરે તો ય અશુચિ છે.

(૭) આસ્રવ ભાવના

ઇંદ્રિય, કષાય, અવ્રતાદિ આસ્રવો છે.
અતીન્દ્રિય, અકષાય, રાગાદિ વિકલ્પરહિત અને
હિંસાદિ અવ્રતરહિત, નિષ્ક્રિય, નિર્વિકાર આત્મારૂપી
પોતમાં તે આસ્રવો છિદ્ર સમાન છે, તેથી હેય છે.

(૮) સંવર ભાવના

સંવર વડે નિશ્છિદ્ર બનેલું આત્મપોત
કર્મજલ પ્રવેશના અભાવે મુક્તિનગર પહોંચે છે.

(૯) નિર્જરા ભાવના

કર્મમળના સંચય વડે ઉત્પન્ન થયેલ અશુદ્ધિ
બાર પ્રકારના તપ વડે દૂર થાય છે.
બાહ્યતપ રેચક છે, અભ્યંતર તપ દીપક છે.
મિથ્યાત્વરાગાદિ દોષોને શુદ્ધધ્યાનાગ્નિ વડે નાશ કરાય છે.
નિજ પરમાત્માનુભૂતિના બળ વડે
સંવેગ વૈરાગ્યાદિ પરિણામોની પ્રાપ્તિ થાય છે.
ધર્મ - ધર્મફળને જોવાથી થતો હર્ષ તે સંવેગ છે. સંસાર, શરીર, ભોગોના દોષ જોવાથી થતો વૈરાગ્ય તે નિર્વેદ છે.

(૧૦) લોક ભાવના

ઊર્ધ્વ, અધો, તિર્યક્ લોક તે વ્યવહાર લોક છે,
નિશ્ચય લોક તે શુદ્ધાત્માદિ પદાર્થો છે.
તેમાં સ્વકીય શુદ્ધપરમાત્માનું અવલોકન તે નિશ્ચય લોક.
સમસ્ત શુભાશુભ સંકલ્પ - વિકલ્પના ત્યાગ વડે અને
નિજ શુદ્ધ આત્મભાવનાથી ઉત્પન્ન
પરમાહ્લાદક સુખામૃત રસાસ્વાદના અનુભવથી જે ભાવના,
તે નિશ્ચય લોકાનુપ્રેક્ષા છે.
બાકી બધી લોકભાવના વ્યવહાર લોકભાવના છે.
અવલોકન તે લોક, તેની ભાવના તે લોકભાવના.

## (૧૧) બોધિદુર્લભ ભાવના

એકેન્દ્રિય, વિકલેન્દ્રિય, પંચેન્દ્રિય, સંજ્ઞી પર્યાપ્ત મનુષ્ય,
આર્યદેશ, જાતિ, કુળ, પંચેન્દ્રિયપટુતા, નિરોગિતા,
દીર્ઘ આયુષ્ય, સદ્ધર્મ શ્રવણ, ગ્રહણ, ધારણ,
શ્રદ્ધાન, સંયમ, વિષયસુખ આવર્તન, ક્રોધાદિ કષાય
નિવર્તન - ઉત્તરોત્તર દુર્લભ છે. તે બધાના ફળ સ્વરૂપ
સ્વ શુદ્ધાત્માના સંવેદનરૂપ પરમ સમાધિ દુર્લભ છે.
અશુભ પરિણામની બહુલતા, યોનિની વિપુલતા તથા
ભવકુની વિશાળતા જોતાં સમાધિ - બોધિ અને
તદનુકૂળ સામગ્રીની પ્રાપ્તિ દુર્લભ છે.
અપ્રાપ્ત રત્નાદિની પ્રાપ્તિ તે બોધિ છે અને પ્રાપ્ત
રત્નાદિને નિર્વિઘ્નપણે ભવાન્તર પ્રાપણ તે સમાધિ છે.

## (૧૨) ધર્મ ભાવના

સંસારમાં પડતા જીવને તેમાંથી ઉદ્ધાર કરી
સદ્ગતિ અને મુક્તિમાં લઈ જાય,
ધારણ કરે અને સ્થાપના કરે, તે 'ધર્મ' છે.
અહિંસા લક્ષણ સાધુ - શ્રાવકનો ધર્મ,
ક્ષમાદિ દશલક્ષણ ધર્મ, નિશ્ચય વ્યવહાર રત્નત્રયાત્મક ધર્મ,
શુદ્ધાત્મ સંવેદનસ્વરૂપ મોહ - ક્ષોભરહિત
આત્મપરિણામરૂપ ધર્મ અતિ દુર્લભ છે.

તે ધર્મની પ્રાપ્તિ થયા પછી સુર-મનુજ ગતિનાં સુખો હસ્તામલકવત્ છે. રાજાધિરાજ, મહામાંડલિક, બલદેવ, વાસુદેવ, ચક્રવર્તી, દેવેન્દ્ર, ગણધર, તીર્થંકર દેવાદિના સુખોરૂપી અભ્યુદય અને અભેદ રત્નત્રય ભાવના બળે અર્હત્-સિદ્ધપદરૂપી નિઃશ્રેયસ સુલભ છે, તેથી

ધર્મ તે પરમ રસરસાયન છે, નિધિનિધાન છે,
કલ્પવૃક્ષ છે, કામધેનુ અને ચિંતામણિ છે.

જિનેશ્વરપ્રણીત ધર્મને પામેલા દૃઢ મતિ પુરુષો ધન્ય છે.

धन्या ये प्रतिबुद्धा धर्मे खलु जिनवरैः समुपदिष्टे ।
ये प्रतिपन्ना धर्मं स्वभावनोपस्थितमनीषा ॥१॥

અર્થાત્: જિનેશ્વર ભગવંતો વડે ઉપદેશેલા ધર્મને વિશે જેઓ બોધ પામ્યા છે, (તેઓ) ધન્ય છે.

એ રીતે બાર ભાવનાનું ચિન્તન તે નિરાકુળ શુદ્ધ આત્મતત્ત્વ પરિણતિરૂપી સંવરના કારણભૂત છે.

0 સત્યવાદ, ન્યાયવાદ, દાનવાદ અને અધ્યાત્મવાદ જ્યારે વિદાય લે છે, ત્યારે સામ્યવાદ આવે છે.

સર્વ શિષ્ટ માન્યવાદ એક જ છે કે
સુખ આપવાથી સુખ અને દુઃખ આપવાથી દુઃખ મળે છે.

0 મંત્રના અક્ષરો એ અરિહંતોની વાણીની સ્થાપના છે.

## જિનભક્તિ - જયણા

યોગના પ્રથમ બે અંગો: યમ અને નિયમ અનુક્રમે
જયણા અને જિનભક્તિ ઉપર પ્રતિષ્ઠિત થયેલાં છે.

જ્યાં જયણા છે, ત્યાં
અહિંસાદિ પાંચે યમોનું પાલન સુકર છે.
જ્યાં જિનભક્તિ છે, ત્યાં
શૌચાદિ પાંચે નિયમોનું પાલન સુકર છે.

યમોમાં અહિંસા તથા નિયમોમાં ઈશ્વરપ્રણિધાન મુખ્ય છે.
ઈશ્વરપ્રણિધાન માટે સ્વાધ્યાય - જપ, જપ માટે તપ,
તપ માટે સંતોષ અને સંતોષ માટે બાહ્યાંતર શૌચ.
બાહ્યશૌચ શરીર, અન્ન, વસ્ત્રાદિ વ્યવહારનું અને
આંતરશૌચ ઈર્ષ્યા - અસૂયાદિ મલિન ભાવનાના ત્યાગનું.

તપ, સ્વાધ્યાય, શૌચ, સંતોષ વડે
Love the lord, the God with all
your heart, mind, soul & strength.
અહિંસા, સત્ય, અચૌર્ય, બ્રહ્મચર્ય અને પરિગ્રહ વડે
Love thy neighbour as thy self.

o રોગ મટાડવાનું કાર્ય જીવનશક્તિ કરે છે,
દવા તેમાં સહાયક - સહકારી બને છે.

## <u>નમોની અર્થભાવના</u>

નમો પદનો અર્થ = દ્રવ્ય - ભાવસંકોચ. સંકોચ એટલે from circumferece to centre. Centre is the soul & circumferece is the body and mind. Man is an infinite circle, circumferece everywhere & centre nowhere.

God is an infinite circle, circumferece nowhere and centre everywhere.

નમો means from mind to soul. To relax and remind ourselves that there is a source & centre of life which is soul itself & to turn it on. Accept it by faith & observe the operations as only good, no evil.

નમો પદ વડે મન, વચન, કાયાના યોગોને સ્થિર કરવા.

અરિહંત પદ વડે મનને આત્મધ્યાને સ્થાપવું અને તેના સતત રટણ વડે આત્મરમણતાના કેળવવા.

## નમો અરિહંતાણં પદની અર્થભાવના

નમો પદ વડે મનને નિર્વિચાર કરવું.
અરિહંતાણં પદ વડે આત્મચિન્તન કરવું.
પ્રાણીમાત્રમાં એક જ આત્મતત્ત્વ છે, તેને જોવું.
અરિહંતમાં આત્માને તથા આત્મામાં અરિહંત જોતાં શીખવું
અથવા અરિહંતમાં વિશ્વ - વિશ્વમાં અરિહંત રહેલા છે,
તે જોવાનો અભ્યાસ પાડવો.
અરિહંત એટલે સંકલ્પ - વિકલ્પરહિત શુદ્ધ તથા
સ્થિર આત્મતત્ત્વ અથવા રાગાદિ ભાવશત્રુઓને હણનાર
અથવા પોતામાં અનાદિથી પ્રત્યે રહેલા
શત્રુભાવને હણીને સમત્વભાવ મેળવનાર.

આમ નવકારના પ્રથમ પદનો ભાવાર્થ છે:
શુદ્ધ આત્મતત્ત્વનું ચિન્તન, સ્મરણ, ધ્યાન કરવું તે.

નમો પદમાં ૐકાર છે અને ૐકારમાં નમો છે.
બિંદુ તે અરિહંત છે. બિંદુસ્વરૂપ અરિહંતના ધ્યાનથી
કામનાઓ નાશ પામે છે અને આત્મા રાગ-દ્વેષથી
મુક્ત થાય છે. 'નમો અરિહંતાણં' મંત્ર ૐકાર મંત્રનું
જ સ્ફુટ સ્વરૂપ છે. નમો એ મૌન સ્તુતિ છે.
નમો પરમાત્મતત્ત્વ સાથે આત્મતત્ત્વનું ગુહ્યભાષણ છે.

નમો મંત્ર એ દ્રવ્ય - ભાવસંકોચરૂપ હોઈને
ધર્મ, અર્થ, કામ, મોક્ષરૂપ ચારે પુરુષાર્થોને સાધનારો છે.
પરમાત્મા સ્વયં નમસ્કારરૂપ છે. નમસ્કારરૂપે તેમની
ઉપાસનાથી સર્વ કામનાઓનો અંત આવે છે.

નમસ્કાર એટલે જ કામનારહિત થવું.

કામનારહિત થવું તે ધર્મધ્યાનનો અતિ ઉગ્ર ઉપાય છે.
નમસ્કાર વડે જ પૃથ્વી તથા સ્વર્ગ ધારણ કરાઈ રહ્યાં છે.
નમસ્કાર પ્રણિપાતરૂપ છે. મન - વચન - કાયા ત્રણેનો
એકી સાથે આત્મતત્ત્વમાં નમસ્કાર વડે સંનિપાત થાય છે.
મનને બહિર્મુખતાનો ત્યાગ કરાવી અંતર્મુખતામાં લાવનાર
અને તે દ્વારા પરમાત્મસન્મુખ કરનાર કોઈ હોય તો તે
નમો મંત્ર છે, જે વડે મનને ઇચ્છારહિત બનાવાય તથા
અનૈચ્છિક બનાવાય તે નિર્બળ-*Negative* બને અને
આત્માને પ્રબળ-*Positive* ઐચ્છિક બનાવવામાં આવે છે.
આત્માની ઇચ્છામાં મનની ઇચ્છાઓને મેળવી દેવામાં
આવે છે, તેથી એક આત્મતત્ત્વ જ પોતાનું સ્વતંત્ર
શુભ કાર્ય કરવા લાગે છે. 'નમો' વડે મન, વચન
કાયાને સ્થિર કરાય છે. 'અરિહંતાણં' વડે મનને
આત્મધ્યાને સ્થાપવામાં આવે છે અને તેના સતત
રટણ વડે, જાપ વડે, ધ્યાન વડે આત્મરમણતા કરાય છે.

આત્મરમણતા વડે દેહાધ્યાસ નાશ પામે છે અને
આત્મા આત્મસ્વરૂપમાં લીન થઈ આત્મા વડે
આત્માને આત્મામાં જાણે છે અને સ્થિરતા કરે છે.

આપણી અંદર રહેલી ચિત્તશક્તિ મોટી કે
બહારની પરિસ્થિતિ મોટી ?
શું આત્મશક્તિ ઉપર ભરોસો નથી ?
ભરોસો ન હોવો એનું જ બીજું નામ નાસ્તિકતા છે.

તલ્લીનતાથી કારીગરી જોતાં જોતાં કારીગરને ભૂલી જવું
તેનું જ નામ 'માયા'. જીવ અને ઈશ્વર હૃદયમાં જ છે
પણ માયાના આવરણને લીધે બંનેનું મિલન થતું નથી.
ચીંથરે બાંધેલ પારસમણિ લોઢાની ડબામાં રાખ્યા છતાં
તે ડબા સોનાની બનતી નથી, કેમકે પારસમણિ અને
લોખંડનો સ્પર્શ થઈ શકતો નથી. તે માટે વાસનાનું
ચીંથરું દૂર કરવું જોઈએ. હૃદયની દિવાલને સાફ કરી
એટલે તેમાં ભગવાનનું પ્રતિબિંબ પડશે.

ચિત્રકાર મટી વિચિત્રકાર બનો.
ચિત્રકાર ચિત્ર દોરે છે, વિચિત્રકાર દિવાલ સાફ કરે છે.

o પ્રભુ અને ભક્તની જાત એક થાય,
તો જ ભક્તને પ્રભુના દર્શન થાય છે.

# નમસ્કાર મંત્ર એ મહામંત્ર શાથી?

(૧) તે ઉભયલોકમાં ફળદાયી – અંતે મોક્ષદાયક છે.

(૨) સર્વશાસ્ત્રના પ્રારંભે અવશ્ય સ્મરણ કરવા લાયક છે.

(૩) શાસ્ત્રપારગામીને પણ અંતકાળે યાદ કરવા લાયક છે.

(૪) બધી વસ્તુઓમાં ફેરફાર થાય પણ નવકાર મંત્ર ત્રણે કાળ અફર રહે. શબ્દ – અર્થ ઉભયથી શાશ્વત છે.

ચિત્તને ચિન્મય બનાવનાર સાધન નવકાર મંત્રજાપ છે.

ભગવાન જેમ પ્રેમમય છે, તેમ નામમય પણ છે.

જે ચિતિશક્તિ સંકલ્પનાં કારણે ચિત્તરૂપ થઈ ગઈ છે, તેના એ સંકલ્પને દૂર હટાવી સમસ્ત મલ આવરણોને ભેદીને ફરી તેને ચિતિસ્વરૂપમાં પહોંચાડવાનું કાર્ય જેનાથી થાય છે, તે પરમ તેજને નમસ્કાર છે.

તે તેજ કેવું છે? નિરાલંબ, નિષ્પ્રપંચ, શાન્ત, શિવ અને સચ્ચિદાનન્દ સ્વરૂપ છે. તેને મારા નમસ્કાર થાઓ.

૦ આજ્ઞાનો અભ્યાસ = આજ્ઞાનું ગ્રહણ અને ભાવન.

ગ્રહણ = ગુરુ મુખે શ્રવણ - મનન - ચિન્તન અને તે વડે શ્રદ્ધાન અને બહુમાન.

ભાવન = આચરણથી હૃદયને આજ્ઞાભાવિત કરી રંગી દેવું.

તે ગ્રહણથી આજ્ઞા પ્રત્યે આદર - બહુમાન થાય છે અને ભાવનથી આજ્ઞા જીવનમાં ઉતરે છે.

ધ્યાન એટલે મનની ચોંટ.
તે માત્ર માનસિક નહિ, વચન - કાયાની ગુપ્તિરૂપ પણ છે.
અકંપ્ય મનથી કર્તવ્ય કર્મ કરવા તે તાત્ત્વિક ધ્યાન છે.
કોઈપણ એક વિષય ઉપર
કેન્દ્રિત મન એટલે કે મનની તન્મયતા તે ધ્યાન છે.

અનુપ્રેક્ષા એટલે...

જાણેલા, લહેલા, અનુભવેલા વિષયોનું સ્મરણ - ચિન્તન.
મન અને પારદ સરખા છે.
પારાની જેમ મનને મૂર્છિત કરવામાં આવે,
બાંધવામાં અથવા મારવામાં આવે, તો વ્યાધિનો વિનાશ,
સદ્ગતિગમન, પુનરૂજ્જીવન આદિ સાધી શકાય છે.

૦ કારણ બે પ્રકારે છે: સ્વરૂપસત્, વ્યાપારવત્.
જેમ અગ્નિ, ચિન્તામણિ, કલ્પવૃક્ષ, લોહચુંબક આદિ
સ્વરૂપસત્ કારણ છે, તેમ સિદ્ધ પરમાત્મા, તેમની
પ્રતિમા, તેમનું નામ વગેરે ચિન્તામણિ - કલ્પવૃક્ષ
આદિની જેમ સ્વરૂપસત્ કારણ છે.
જેમ દંડ, ચક્ર, કુલાલ આદિ વ્યાપારવત્ કારણ છે,
તેમ અરિહંત, આચાર્ય આદિ
ઉપદેશરૂપ વ્યાપારાદિ વડે કારણ છે.

દર્શનના ૪ પાયા:  શ્રાવણ સુદ - ૧૩, સં. ૨૦૨૪

(૧) સમ્યગ્દર્શન = શુદ્ધાત્મતત્ત્વરૂચિ.

(૨) સમ્યગ્જ્ઞાન = શુદ્ધાત્મતત્ત્વબોધ.

(૩) સમ્યક્ચારિત્ર = શુદ્ધાત્મતત્ત્વરમણતા.

(૪) સમ્યક્તપ = શુદ્ધાત્મતત્ત્વસ્થૈર્ય.

o ઉપયોગ એટલે શું? સંકલ્પ - વિકલ્પ મૂકી દેવા તે.

અસંયમ = આત્મઉપયોગની ભૂલવી તે.

ઉપયોગની જાગૃતિવાળાને આસ્રવ પણ સંવરરૂપ થાય.
ઉપયોગ શૂન્યપણાથી સંવર પણ આસ્રવરૂપ બની જાય.

આત્માને બરોબર જાણવો તે જ્ઞાન,
તેની બરોબર પ્રતીતિ તે દર્શન અને
તેમાં સ્થિર થવું તે ચારિત્ર.

આત્મજ્ઞાન એ જ જ્ઞાન, આત્મશ્રદ્ધા એ જ શ્રદ્ધા,
આત્મરમણતા એ જ ચારિત્ર.

આ ત્રણ ન હોય તો એકડાં વિનાના મીંડા સમજવાં.
વીતરાગ પરમાત્માના ગુણોનું સ્વઆત્મભાવે ચિન્તન,
તે જ નિશ્ચયથી પોતાનું સ્વરૂપ છે. તેનું અનુભવરૂપે
સ્વાદન, તે સત્ત્વ જ્યારે અનુભવગોચર થાય છે, ત્યારે
જ જીવને સ્વસંવેદનરૂપ ભેદવિજ્ઞાન પ્રગટ થાય છે.

## કોનું ધ્યાન શું કરે?

અર્હત્સિદ્ધનું ધ્યાન ભુક્તિ - મુક્તિપ્રદ છે.
ઇંદ્રનું ધ્યાન સ્તંભનાદિ કાર્યોમાં સહાયક છે.
ગરૂડનું ધ્યાન દરેક જાતના વિષને હરે છે.
કામદેવનું ધ્યાન પરને વશ કરે છે.
અગ્નિનું ધ્યાન શરીરનો શીતજ્વર હરે છે.
અમૃતજલનું ધ્યાન શરીરનો દાહજ્વર હરે છે.
ક્ષીરસાગરનું ધ્યાન શાંતિ - પુષ્ટિ કરે છે.

o જગત જેમ આત્મભિન્ન છે અર્થાત્ નૈરાત્મ્ય છે,
તેમ આત્મા પણ જગતથી ભિન્ન છે અર્થાત્ નૈર્જગત્ય છે.
સંગ્રહનયથી અદ્વૈત સત્ય છે,
ઋજુસૂત્રનયથી અન્યાપોહ દર્શન પણ સત્ય છે.

o તમે જે કાંઈ જાણતા હો,
તે બધું જ કાંઈ કરી દેવાની જરૂર નહિ પણ
તમે જેટલું કરો, તેટલું તો તમે જાણતા હોવા જ જોઈએ.

o

*The long way is often the shortest way in the end.*
*To teach is to learn, which opens the gates to further knowledge.*

## શ્રી નવકાર મંત્રનો છંદ

બાબીરા ડાકણ રાય મહાબળ, વ્યંતર દુષ્ટ વિરોધ,
જેહે નવકારે એત્યા ટાલા, પામ્યો સહુ પ્રતિબોધ.
નવ લાખ જપતાં થાયે જિનવર, ઈસ્યો છે અધિકાર;
સો ભવિયાં ભક્તે ચોખ્ખે ચિત્તે, નિત્ય જપીયે નવકાર.(૧)
પલ્લીપતિ શીખ્યો મુનિવર પાસે, મહામંત્ર મન શુદ્ધે,
પરભવ તે રાજસિંહ પૃથ્વીપતિ, પામ્યો પરિગલ ઋદ્ધે;
એ મંત્ર થકી અમરાપુર પહોતો, ચારૂદત્ત સુવિચાર,
સો ભવિયાં ભક્તે ચોખ્ખે ચિત્તે, નિત્ય જપીયે નવકાર.(૨)
સંન્યાસી કાશી તપ સાધંતો, પંચાગ્નિ પરજાલે,
દીઠો શ્રી પાર્શ્વકુમારે પન્નગ, અધબળતો તે ટાલે;
સંભળાવ્યો શ્રી નવકાર સ્વયં મુખ, ઈંદ્ર ભુવન અવતાર,
સો ભવિયાં ભક્તે ચોખ્ખે ચિત્તે, નિત્ય જપીયે નવકાર.(૩)

० ममत्तं परिवज्जामि निममत्तं उवट्ठिओ ।
आलंबणं च मे आया, अवसेसं च वोसिरइ ॥१॥
आया हु महं नाणे, आया मे दंसणे चरित्ते य ।
आया पच्चक्खाणे आया मे संवरे जोगे ॥२॥
एगो मे सासओ अप्पा, नाणदंसणलक्खणो ।
सेसा मे बाहिराभावा सव्वे संजोगलक्खणा ॥३॥

## આનંદઘનજી કૃત પદ

અવધૂ ક્યા સોવે તન મઠ મેં, જાગ વિલોકન ઘટ મેં.
તન મઠ કી પરતીત ન કીજે, ઢહિ પરે એક પલ મેં;
હલચલ મેટ ખબર લે ઘટ કી, ચિન્હેં રમતા જલ મેં. ...(૧)
મઠ મેં પંચભૂત કા વાસા, સાસા ધૂત ખવાસા,
છિન છિન તો હી છલનકૂં ચાહે, સમજે ન બોરા સાસા. ...(૨)
શિર પર પંચ વસે પરમેસર, ઘટ મેં સૂછમ બારી,
આપ અભ્યાસ લખે કોઈ વિરલા, નિરખે ધ્રૂકી તારી....(૩)
આશા મારી આસન ધર ઘટ મેં, અજપાજાપ જગાવે,
આનંદઘન ચેતનમય મૂરતિ, નાથ નિરંજન પાવે. ...(૪)

## રાગ: મનોહર સ્તુતિ મહાવીર તણી

વંદુ વીર જિનેસર પાય પડી, વરસ બહોંતેર આયુ પુરું કરી
કાર્તિક અમાવસ્યા ઉપરી, સ્વાતિ નક્ષત્રે પોહંતા શિવપુરી.
ઈમ ચોવીસે જિન મુગતિ ગયા, મુજ શરણ હોજો નિરલિપ્ત થયા
ઈક વાર એક જિન જો મિલે તો સકલ મનોરથ મુજ ફલે.
શ્ર વારે દીધી દેશના, સોળ પહોર સુણી ઘન તે જના
તે અરથ લાધો ગણધરે વલી, અહેવા વચન વંદુ વલી વલી.
દિવાળી પરવ જ જાણીએ, મહાવીર થકી મન આણીએ
ગણણું ગણ છઠ્ઠ તપ જે કરે લાભ વિજય સિદ્ધાઈ સંકટ હરે.

## સુખ ભાવિત દુઃખનું પદ

સુખ ભાવિત દુઃખ પાય કે, ક્ષય પાવે જગ જ્ઞાન;
ન રહે સુખ દુ તાપ મેં, કોમલ ફૂલ સમાન.
દુઃખ પરિતાપે નવિ ગલે, દુઃખ ભાવિત મુનિ જ્ઞાન;
વજ્ર ગલે નવિ દહન મેં, કંચન કે અનુમાન.
તા તેં દુઃખ સુભાવિયે, આપશક્તિ અનુસાર;
તો દ્રઢતર હુઈ ઉલ્લસે, જ્ઞાનચરણ આચાર.
રન મેં લરતે સુભટ જ્યું, ગિને ન બાણ પ્રહાર;
પ્રભુ રંજન કે હેત ત્યું, જ્ઞાની અસુખ પ્રચાર.
વ્યાપારી વ્યાપાર મેં, સુખ કરી માને દુઃખ;
ક્રિયા કષ્ટ સુખ મેં ગિને, ત્યું વાંછિત મુનિ સુખ.
ક્રિયા યોગ અભ્યાસ હૈ, ફલ હૈ જ્ઞાન અબંધ;
દોનું કી જ્ઞાની ભજે, એક મતિ તે અંધ.

० अविज्ञाते परे तत्त्वे, शास्त्राधीतिस्तु निष्फला ।
विज्ञातेऽपि परे तत्त्वे शास्त्राधीतिस्तु निष्फला ॥१॥
शब्दजालं महाऽरण्यं चित्तभ्रमणकारणम् ।
अतः प्रयत्नात् ज्ञातव्यं तत्त्वज्ञातत्त्वमात्मनः ॥२॥
अज्ञानसर्पदष्टस्य ब्रह्मज्ञानौषधं विना ।
किमु वेदैश्च शास्त्रैश्च किमु मंत्रैः किमौषधैः ॥३॥

- विवेक चूडामणि

# પરિશિષ્ટ સૂચિ

**પરિશિષ્ટ - ૧ (પૃષ્ઠ ૩૨)**
શું જણાયે છતે આ બધું જણાયેલું થાય છે? બે પ્રકારે જાણવા યોગ્ય છેઃ પરા અને અપરા. જેના વડે આ અક્ષર જણાય તે પરા.

**પરિશિષ્ટ - ૨ (પૃષ્ઠ ૩૩)**
હે આત્મા! પૂર્વભવમાં પ્રતિક્રમણ ન કરેલા પાપકર્મો ભોગવીને અથવા તપ વડે નિર્જરા કરીને મોક્ષ થાય છે. પાપકર્મો ભોગવ્યા વિના મોક્ષ થતો નથી.

**પરિશિષ્ટ - ૩ (પૃષ્ઠ ૫૨)**
ભોજન ગ્રહણ કરનારને કોળિયે કોળિયે એક સાથે તૃપ્તિ, પોષણ અને ભૂખની શાંતિ થાય, તેમ ભક્તિ, ઈશ્વરનો અનુભવ તથા વૈરાગ્ય - આ ત્રણે એક કાળે થાય છે. (૧) હે રાજન્! એ જ રીતે પરમાત્માના ચરણોની સેવા કરવાથી ભક્તિ, વૈરાગ્ય અને ભગવદ્ભાવનો અનુભવ પણ એક સાથે થાય છે અને ત્યાર પછી સાક્ષાત્ પરમ શાંતિને પામે છે. (૨)

**પરિશિષ્ટ - ૪ (પૃષ્ઠ ૫૬)**
રસમાં સારને જાણનારી, હંમેશા મધુર છે પ્રિય જેને એવી હે જીભ! નારાયણના નામ રૂપી અમૃતને હંમેશા પી.

**પરિશિષ્ટ - ૫ (પૃષ્ઠ ૮૩)**
નષ્ટ કર્યા છે ચાર ઘાતીકર્મોને જેણે એવા દર્શન, શુભ જ્ઞાન અને વીર્યવાન, શુભ દેહમાં રહેલા શુદ્ધ આત્મસ્વરૂપ અરિહંતનું ધ્યાન કરવું.
નષ્ટ કર્યા છે આઠ કર્મોને જેણે એવા લોકાલોકના જ્ઞાતા-દ્રષ્ટા, પૂર્ણ પુરૂષાર્થવાન, લોકના શિખર ઉપર રહેલા સિદ્ધાત્માનું ધ્યાન કરવું.
પ્રધાન એવા દર્શન, જ્ઞાન, ચારિત્ર, તપ અને વીર્યાચારમાં જે પોતાને અને બીજાને જોડે છે, તે આચાર્યનું ધ્યાન કરવું.
જે રત્નત્રયીથી યુક્ત છે, હંમેશા ધર્મનો ઉપદેશ આપવામાં રક્ત છે, અને શ્રેષ્ઠ વૃષભ સમાન છે, તે ઉપાધ્યાય સ્વરૂપ આત્માને નમસ્કાર થાઓ.

જે વળી દર્શન, જ્ઞાન અને ચારિત્રરૂપ સમગ્ર મોક્ષમાર્ગને હંમેશા સાધે છે, તે શુદ્ધાત્મા એવા સાધુ ભગવંતને નમસ્કાર થાઓ.

**પરિશિષ્ટ - ૬ (પૃષ્ઠ ૯૮)**
મદમાં અંધ હાથીની જેમ 'કંઈક જાણનાર એવો હું સર્વજ્ઞ છું' એવું મારા મનમાં લાગતું હતું પણ જ્યારે જ્ઞાની ભગવંતો પાસેથી મને કાંઈક કાંઈક જાણવા મળ્યું, ત્યારે 'હું મૂર્ખ છું' એમ ખ્યાલ આવવાથી તાવની જેમ મારો મદ દૂર થયો.

**પરિશિષ્ટ - ૭ (પૃષ્ઠ ૧૦૨)**
આત્મામાં તે પર્યાયો તદ્રૂપ નથી છતાં પણ સંબંધરૂપે વ્યવહારમાં ઉપયોગથી ધનની જેમ સુક્ષ્મ બુદ્ધિથી તે પર્યાયો સ્વસ્વરૂપે દેખાય છે.

**પરિશિષ્ટ - ૮ (પૃષ્ઠ ૧૧૧)**
કષાયસહિત સંરંભ થાય, પરિતાપના વડે સમારંભ થાય, પ્રાણીનો વધ તે આરંભ કહેવાય. તેથી યોગ ત્રણ પ્રકારે જાણવો.

**પરિશિષ્ટ - ૯ (પૃષ્ઠ ૧૧૫)**
હે મૃત્યુને જીતનાર મહાદેવ! જન્મ, જરા, વ્યાધિ અને મૃત્યુથી પીડાયેલા, કર્મબંધનવાળા તથા શરણે આવેલા એવા મારું રક્ષણ કરો.
સુખ હોય કે દુઃખ હોય, પ્રિય હોય કે અપ્રિય હોય, હૃદય વડે અપરાજિત એવો તું (હાર્યા વગર) જે કાંઈ પ્રાપ્ત થાય, તેની ઉપાસના કર.

**પરિશિષ્ટ - ૧૦ (પૃષ્ઠ ૧૧૮)**
ૐ એ પ્રમાણે એક અક્ષરને બોલતાં, મને યાદ કરતાં જે શરીરને છોડતો જાય છે, તે પરમગતિમાં જાય છે. ૐકારથી થનાર દેવો છે, ૐકારથી થનાર સ્વરો છે, ત્રૈલોક્યમાં ચરાચર બધું ૐકારથી થનાર છે.

**પરિશિષ્ટ - ૧૧ (પૃષ્ઠ ૧૩૩)**
જે છે, તે ક્ષણિક છે. - **બૌદ્ધ**. જે છે, તે ત્રિકાલાબાધ્ય છે. - **વેદાંતિ**. જે છે, તે સત્તાથી જોડાયેલું છે. - **નૈયાયિક**. જે છે, તે ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યયુક્ત છે. - **જૈન**.

જે છે, તે અર્થક્રિયાકારીપણું છે. - **નવ્ય બૌદ્ધ**. ફકત જે આ અર્થક્રિયાકારીપણું સર્વ લોકોમાં પ્રસિદ્ધ છે, તે સત્ છે.

**પરિશિષ્ટ - ૧૨ (પૃષ્ઠ ૧૬૦)**
ભમરાના કીડાની જેમ જાણવું કે પુરૂષ જે વસ્તુને વિશે નિશ્ચે આત્મા વડે તીવ્ર વેગથી ભાવિત થાય છે, તે જ પોતે જલ્દીથી થાય છે.

**પરિશિષ્ટ - ૧૩ (પૃષ્ઠ ૧૬૯)**
સામાયિકાદિમાં રહેલો, વિશુદ્ધ ક્રિયાઓ વડે જણાતો, સકલજીવહિતાશય રૂપ અમૃત સમાન જે સ્વપરિણામ છે, તે જ સાધુધર્મ છે. - લલિતવિસ્તરા

**પરિશિષ્ટ - ૧૪ (પૃષ્ઠ ૧૭૩)**
ભણેલો પણ આત્મા વગરના શરીરની કલ્પના કરતો મોક્ષ પામતો નથી, શ્રુતશૂન્ય આત્મામાં પોતાને શોધતો મોક્ષ પામે છે. - જ્ઞાનાર્ણવે શુદ્ધોપયોગાધિકાર

**પરિશિષ્ટ - ૧૫ (પૃષ્ઠ ૧૮૨)**
વ્યવહારનયથી જ્ઞાન-દર્શન-ચારિત્ર મોક્ષનું કારણ જાણવું. નિશ્ચયનયથી જ્ઞાનાદિની મતિ કે ઉપયોગવાળો પોતાનો આત્મા એ મોક્ષનું કારણ છે, એમ જાણવું.
જેના હાથમાં ચિંતામણિ રત્ન છે, ઘરમાં કલ્પવૃક્ષ છે, ધનરૂપે કામધેનુ છે, તેને બીજી કઈ પ્રાર્થના કરવાની રહે?

**પરિશિષ્ટ - ૧૬ (પૃષ્ઠ ૧૯૨)**
પલકારારહિત બાહ્યદ્રષ્ટિ અંતર્લક્ષ્યવાળી છે. તીર્થો પાર ઉતારે છે, કર્મો સારા કાર્યો કરાવે છે અને શાસ્ત્રો સારા જ્ઞાની બનાવે છે.

**પરિશિષ્ટ - ૧૭ (પૃષ્ઠ ૧૯૩)**
જેનું મન આલંબન વગર સ્થિર છે, જેનો વાયુ અવરોધ વગર સ્થિર છે, જેની દ્રષ્ટિ અવલોકન વગર સ્થિર છે, તેને જ વિમલા અને ખેચરી મુદ્રા થાય છે.




ઉપર દર્શાવેલ ૪ ડાયરીઓ
પરમ પૂજ્ય પંન્યાસશ્રી ભદ્રંકરવિજયજી ગણિવર્ય મહારાજનાં સ્વહસ્તાક્ષરમાં
ઈ.સ. ૧૯૬૮ પરિસરમાં લખાયેલ છે, તે અહીં સંકલિત કરેલ છે.

# મનરૂપી ધનુષ્યનું બાણ




અરિહંતનો નમસ્કાર એ
મનરૂપી ધનુષ્યનું બાણ છે.
માથાનો મુકુટ, હૃદયનો હાર, આંગુળીની મુદ્રિકા છે.
ભવજલધિનું ત્રાણ, કર્મરોગની ચિકિત્સા અને
મોહવિષનો અપહાર છે.
મનનું મનન છે, નામનું નમન છે.
મનરૂપી દિવાની દીવેટ, શબ્દાનુવિદ્ધ સમાધિનો હેતુ તથા
દૃશ્યાનુવિદ્ધ સમાધિનું કારણ છે.

પં. ભદ્રંકરવિજય

www.fiestadesigns.in